॥ શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ॥

॥ શ્રી પદ્મજીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસુરી સદ્‌ગુરુભ્યો નમઃ ।

# કલાપૂર્ણ સ્વાધ્યાય ૩૨

## ઉત્તરાધ્યયન સૂત્રમ્

(અર્થ સહિત)

✣ સંપાદક ✣

પૂ. પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી મ. સા.

✣ પ્રેરક ✣

મુનિ અમિતયશવિજયજી મ. સા.

✣ પ્રકાશક ✣

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ, મદ્રાસ

॥ શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ ॥

શ્રી પદ્મજીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસુરી સદ્ગુરુભ્યોનમઃ

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૩૨

# ઉત્તરાધ્યયન સૂત્રમ્

## અર્થ સહિત ભાગ-૧

## (૧૨ અધ્યયન)

● સંપાદક ●

પૂ. પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.

● પ્રેરક ●

મુનિ અમિતયશવિજયજી મ.સા.

● પ્રકાશક ●

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ, મદ્રાસ

પુસ્તક : ઉત્તરાધ્યયન સૂત્રમ્

સંપાદક : પૂ. પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.

પ્રેરક : મુનિ અમિતયશવિજયજી મ.સા.

નકલ : ૧૦૦૦ આવૃત્તિ : પ્રથમ

કિંમત : રૂા. ૧૫-૦૦

પ્રકાશક : શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ, મદ્રાસ

પ્રાપ્તિસ્થાન

મુદ્રક : વર્ધમાન પુસ્તક પ્રકાશન

શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

ફોન : ૦૭૯-૨૨૮૬૦૭૮૫, મો. ૯૩૭૭૪૨૨૬૪૦

# પ્રસ્તાવના

ઉત્તરાધ્યયન સૂત્ર ૪૫ આગમ પૈકી એક મૂલસૂત્ર છે. જેના ૩૬ અધ્યયનની પ્રત્યેક ગાથામાં ભાવ સભર રહસ્યનું ઝરણું પ્રવાહિત છે. ત્રિલોકીનાથ પ્રભુ મહાવીરની અંતિમ દેશનામાંથી સૂત્રરૂપે નિબદ્ધ આ ગ્રન્થ સંવેગ-વૈરાગ્ય આદિથી ભરપૂર છે. સાધુ-સાધ્વીજી ભગવંતો દીક્ષા પશ્ચાત્ અમુક વર્ષ પછી આ સૂત્રના યોગોદ્‌વહન કરે છે. તથા તેની યોગ્યતા પ્રાપ્ત કરે છે. પ્રત્યેક સાધુ-સાધ્વી આ ગ્રન્થને મુખપાઠ અને અર્થ સહિત સ્વાધ્યાય કરે તે શુભ હેતુથી આ ગ્રન્થ સંપાદિત કરવામાં આવેલ છે. અન્ય પુસ્તકોમાંથી આ ગ્રન્થનો અનુવાદ લેવામાં આવેલ છે. મુનિશ્રી અમિતયશવિજયજીના પ્રયત્નથી છપાઈ રહેલ કલાપૂર્ણ સ્વાધ્યાય સેટ અન્તર્ગત આ ૩૨મા પુસ્તકમાં ઉત્તરાધ્યયન સૂત્રના ૧૨ અધ્યયન અહીં સાર્થ આપવામાં આવેલ છે. જેના સ્વાધ્યાયથી આત્માર્થીગણ સ્વ-પર કલ્યાણને સાધે એ જ અભ્યર્થના.

— પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી

ચિંતામણી જૈન ઉપાશ્રય, ભચાઉ-કચ્છ

# ધન્ય ભક્તિ ધન્ય દાતા

- સા.શ્રી ચિત્તપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી આરાધના ભવન, ૩૪, જયાનંદ સોસાયટી, કૃષ્ણનગર, અમદાવાદ.
- સ્વ. સાધ્વીજી શ્રી શુભોદયાશ્રીજી મ.સા.ના સંયમજીવન અનુમોદનાર્થે વળાદવાળા સવિતાબેન હીરાભાઈ, દેવકૃપા ગીરધરનગર, શાહીબાગ, અમદાવાદ
- શ્રી ભચાઉ વીશા શ્રીમાળી મૂ.પૂ. જૈન સંઘ (ભચાઉ કચ્છ)

જ્ઞાનખાતાની રકમમાંથી

છાપવામાં આવેલ છે જે અનુમોદનીય છે.

મુમુક્ષુ ભાઈ બહેનોએ આ પુસ્તકની કિંમત
જ્ઞાનખાતામાં રાખીને ઉપયોગ કરવો

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમ્

# ૧. શ્રી વિનયશ્રુત અધ્યયન

**સંજોગા વિપ્પમુક્કસ્સ,**
**અણગારસ્સ ભિક્ખુણો;**
**વિણયં પાઉકરિસ્સામિ,**
**આણુપુવ્વિં સુણેહ મે. ૧**

દ્રવ્ય ભાવસંયોગથી સર્વથા રહિત અને દ્રવ્યભાવ ઘરથી રહિત એવા સાધુના વિનયને પ્રગટ કરીશ. ક્રમસર મારા તરફથી કહેવાતા વિનયને તમે સાંભળો ! ૧.

**આણાનિદ્દેસકરે, ગુરૂણમુવવાયકારએ;**
**ઇંગિયાગારસંપન્ને, સે વિણીએ ત્તિ વુચ્ચઇ. ૨**

આચાર્ય વગેરેની આજ્ઞાના પાલન કરનારા, ગુરુની પાસે રહેનારા, આંખનો ઈસારો આદિ, દિશાનું અવલોકન આદિ આકારરૂપ ચેષ્ટાના જ્ઞાતા

જે શિષ્ય આદિ હોય છે. તેને તીર્થંકર આદિ વિનીત કહે છે. ૨.

**આણાડનિદ્દેસક્રે,**
**ગુરૂણમણુવવાયક્રારએ;**
**પડિણીએ અસંબુદ્ધે,**
**અવિણીએ ત્તિ વુચ્ચઇ, ૩**

ગુરુની આજ્ઞાનું પાલન નહીં કરનારા, ગુરુની પાસે નહીં રહેનારા, ગુરુથી સદા પ્રતિકૂલ વર્તનારા, તત્ત્વના અજ્ઞાતા, જે શિષ્યાદિ હોય છે, તેને તીર્થંકર આદિ અવિનીત કહે છે. ૩

**જહા સુણી પૂઇક્રણણી, નિક્કસિજ્જઇ સવ્વસો;**
**એવં દુસ્સીલપડિણીએ, મુહરી નિક્કસિજ્જઈ.૪**

જેમ સડેલા કાનોવાળી કૂતરી સઘળા સ્થાનોથી હાંકી કાઢવામાં આવે છે. તેમ કુશીલ, પ્રતિકૂલવર્તી, વાચાલ, ને અવિનીત શિષ્યાદિને કુલ-ગણ-સંઘ વગેરેમાંથી બહિષ્કૃત કરવામાં આવે છે. ૪

**કણકુણ્ડગં, જહિત્તાણં, વિટ્ઠં ભુંજઇ સૂયરે;**
**એવં સીલં જહિત્તાણં, દુસ્સીલે રમઇ મિએ. ૫**

જેમ ભુંડ, ચોખા વિગેરેના ઉત્તમ ભોજનથી ભરપૂર થાળને છોડી વિષ્ટા ખાય છે તેમ અવિનીત, શીલને છોડી દુઃશીલમાં રમે છે. જેમ ગીતપ્રેમી હરણ શિકારીનો શિકાર થાય છે તેમ આ અવિનીત, અધોગતિને નહીં જોતો અવિવેકી થઈ દુરાચારનું સેવન કરે છે. ૫

**સુણિયાડભાવં સાણસ્સ,**
**સૂયરસ્સ નરસ્સ ય;**
**વિણએ ઠવેજ્જ અપ્પાણં,**
**ઇચ્છન્તો હિયમપ્પણો. ૬**

કૂતરી, સૂકરરૂપ દ્રષ્ટાંત અને દ્રષ્ટાંતિકરૂપ અવિનીત શિષ્યના સર્વથી હાંકી કાઢવારૂપ અશોભન દશાને સાંભળી, સર્વથા હિતૈષી શિષ્યે, પોતાના આત્માને વિનયધર્મમાં સ્થાપિત કરવો જોઈએ. ૬

**તમ્હા વિણયમેસેજ્જા,**
**સીલં પડિલભેજ્જઓ;**
**બુદ્ધપુત્તે નિયાગટ્ઠી,**
**ન નિક્કસિજ્જઇ કણ્હુઈ. ૭**

તેથી વિનયધર્મનું પાલન કરવું, જેથી શીલધર્મની પ્રાપ્તિ થાય છે. આ શીલવાળો, આચાર્ય વિ.નો પુત્ર જેવો ગુરુકૃપાપાત્ર બનેલો. મોક્ષાર્થી વિનીત, ગચ્છાદિથી બહિષ્કૃત બનતો નથી. પરંતુ સર્વત્ર મુખ્ય જ કરાય છે. ૭

**નિસન્તે સિયાઽમુહરી, બુદ્ધાણં અંતિએ સયા;**
**અત્થજુત્તાઇં સિક્ખેજ્જા, નિરટ્ઠાણિ ઉ વજ્જએ.૮**

ઉપશાન્ત બની પ્રિયભાષી બનવું જોઈએ, આચાર્યાદિની પાસેથી સૂત્ર-અર્થરૂપ જિનાગમનો અભ્યાસ કરવો જોઈએ. નિરર્થક અન્ય શાસ્ત્રનો અભ્યાસ ન કરવો જોઈએ, જેથી વિનયની સાધના થાય છે. ૮

અણુસાસિઓ ન કુપ્પેજ્જા,
ખંતિં સેવેજ્જ પણ્ડિએ;
ખુડ્ડેહિં સહ સંસગ્ગિં,
હાસં કીડં ચ વજ્જએ. ૯

ગુરુઓ દ્વારા કઠોર વચનોથી પણ શિક્ષા મેળવનારે, શિક્ષા આપનારા ઉપર ક્રોધ ન કરવો જોઈએ. પણ બુદ્ધિમાને તે સહન કરવાં, સ્વચ્છંદી-ક્ષુદ્ર સાધુઓની સોબત છોડવી. તથા હાસ્ય-ક્રીડાનો ત્યાગ કરવો. જેથી શિક્ષણની સાધના સધાય છે. ૯

મા ય ચંડાલિયં કાસી,
બહુયં મા ય આલવે;
કાલેણ ય અહિજ્જિત્તા,
તઓ ઝાએજ્જ એક્કઓ. ૧૦

હે શિષ્યો ! તમે ક્રોધ વિ.થી બોલાયેલાં અસત્ય વચનને કદી પણ છુપાવો નહીં ! પરંતુ યથાકાલ, અધ્યયન કરી, શુદ્ધ પ્રદેશમાં એકલા,

ધ્યાન-ચિંતન કરો ! આ પ્રમાણે કર્તવ્યની વિધિ, અકર્તવ્યનો નિષેધ કહેલો છે. ૧૦

**આહચ્ચ ચંડાલિયં કટ્ટુ,**
**ન નિણ્હવેજ્જ કયાઇ વિ;**
**કડં કડે ત્તિ ભાસેજ્જા,**
**અકડં નોકડે ત્તિ ય. ૧૧**

કદાચ ક્રોધ વિ.થી બોલાયેલા અસત્યવચનને કદી પણ છુપાવો નહીં ! હું જુઠ્ઠું નથી બોલ્યો એમ ન બોલો ! હું જુઠ્ઠું બોલ્યો છું એમ બોલો ! અસત્ય ન બોલ્યા હોય તો હું જુઠ્ઠું બોલ્યો છું એમ ન બોલો.૧૧

**મા ગલિઅસ્સેવ કસં,**
**વયણમિચ્છે પુણો પુણો;**
**કસં વ દટ્ઠુમાઇન્ને,**
**પાવગં પરિવજ્જએ. ૧૨**

જેમ અવિનીત ઘોડો ચાબુકના પ્રહાર સિવાય

પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરતો નથી, તેમ સુશિષ્યે પ્રવૃત્તિ-નિવૃત્તિની બાબતમાં વારંવાર ગુરુવચનની અપેક્ષા નહીં કરવી. જેમ જાતવાન ઘોડો ચાબુકને જોતાંવેંત અવિનયને છોડે છે તેમ વિનીત શિષ્યે, ગુરુના આકાર જોઈ પાપરૂપ અનુષ્ઠાન છોડી દેવું. ૧૨

**અણાસવા થૂલવયા કુસીલા,**
**મિઉં પિ ચંડં પકરેન્તિ સીસા;**
**ચિત્તાણુયા લહુ દક્ખોવવેયા,**
**પસાયએ તે હુ દુરાસયં પિ. ૧૩**

ગુરુવચનને નહીં માનનારા, વિચાર્યા વગર બોલનારા સ્વચ્છંદાચારી શિષ્યો, શાન્ત ગુરુને કોપવાળા બનાવે છે. ગુરુની આજ્ઞામાં રહેલા ગુરુની સમાધિને ચાહનારા અને ચતુર તેમજ વિલંબ વગર કરનારા શિષ્યોએ કોપવાળા ગુરુને પણ પ્રસન્ન-શાન્ત કરવા જોઈએ. ૧૩

**નાપુટ્ઠો વાગરે કિંચિ, પુટ્ઠો વા નાલિયં વએ;**
**કોહં અસચ્ચં કુવ્વેજ્જા, ધારેજ્જા પિયમપ્પિયં.૧૪**

ગુરુના પૂછવા સિવાય કાંઈ બોલે નહીં. ગુરુ પૂછે તો જૂઠ્ઠું બોલે નહીં. પેદા થયેલ ક્રોધને દબાવી દેવો જોઈએ. નિંદા કે સ્તુતિવાળા વચનમાં રાગ-દ્વેષ ન કરવો જોઈએ. ૧૪

**અપ્પા ચેવ દમેયવ્વો,**
**અપ્પા હુ ખલુ દુદ્દમો;**
**અપ્પા દન્તો સુહી હોઇ,**
**અસ્સિં લોએ પરત્થ ય. ૧૫**

રાગ-દ્વેષના ત્યાગપૂર્વક આત્માનો વિજય કરવો જોઈએ. કેમકે આત્મવિજય દુષ્કર છે. આત્મવિજેતા આલોકમાં અને પરલોકમાં સુખી થાય છે. ૧૫

**વરં મે અપ્પા દન્તો, સંજમેણ તવેણ ય;**
**મા હં પરેહિ દમ્મંતો, બંધણેહિં વહેહિં ય.૧૬**

સંયમ, તપ દ્વારા મારે શરીર-મનનો વિજય કરવો સર્વશ્રેષ્ઠ છે. તેમ કરવાથી હું બીજાઓ દ્વારા બંધનો અને વધોથી દુઃખિત ન બની શકું. ૧૬

**પડિણીયં ચ બુદ્ધાણં,**
**વાયા અદુવ કમ્મુણા;**
**આવી વા જઇ વા રહસ્સે,**
**નેવ કુજ્જા કયાઇ વિ. ૧૭**

વચનથી કે કર્મથી જન સમક્ષ કે એકાંતમાં કદી પણ આચાર્ય વિગેરેના પ્રતિ પ્રતિકૂલ કરણી નહીં કરવી જોઈએ. ૧૭

**ન પક્ખઓ ન પુરઓ,**
**નેવ કિચ્ચાણ પિટ્ઠઓ;**
**ન જુંજે ઊરુણા ઊરું,**
**સયણે નો પડિસ્સુણે. ૧૮**

વંદનીય ગુરુ આદિ પ્રતિ પડખે, આગળ કે પાછળ, સાથળથી સાથળ લગાડીને ન બેસવું

જોઈએ. શયનાસનમાં સુતાં કે બેઠાં જવાબ ન આપવો જોઈએ. ૧૮

**નેવ પલ્હત્થિયં કુજ્જા, પક્ખપિણ્ડં વ સંજએ;**
**પાએ પસારિએ વાવિ, ન ચિટ્ઠે ગુરુણન્તિએ.૧૯**

સાધુ, ગુરુ આદિની પાસે પગ ઉપર પગ ન ચઢાવે પડખે, ગોઠણ વિ. પર બે હાથ ન લગાવે. પગ લાંબા ન કરે, અર્થાત્ વિનયપૂર્વક ઊભો રહે કે બેસે. ૧૯

**આયરિએહિં વાહિત્તો,**
**તુસિણીઓ ન કયાઇ વિ;**
**પસાયપેહી નિયાગટ્ઠી,**
**ઉવચિટ્ઠે ગુરું સયા. ૨૦**

આચાર્ય વગેરે જ્યારે બોલાવે ત્યારે કદી પણ ચુપચાપ ન રહી. ગુરુના પ્રસાદને જોનારો બની. મોક્ષાર્થી શિષ્યે, મત્થએણ વંદામિ વગેરે બોલતાં, વિનયપૂર્વક આચાર્યાદિ ગુરુની પાસે હંમેશાં જવું જોઈએ. ૨૦

**આલવન્તે લવન્તે વા,**
**ન નિસિજ્જા કયાઇ વિ;**
**ચઇઊણ આસણં ધીરો,**
**જઓ જત્તં પડિસ્સુણે. ૨૧**

જ્યારે ગુરુ, એકવાર, અનેકવાર કોઈ કામ કરવાનું કહે તે વખતે કદી પણ બેસી ન રહેવું, પરંતુ આસન છોડી બુદ્ધિમાન યત્નવાન શિષ્યે, ગુરુનું જે કાંઈ હોય તે કાર્ય કરવું જોઈએ. ૨૧

**આસણગઓ ન પુચ્છેજ્જા,**
**નેવ સેજ્જાગઓ કયાઇવિ;**
**આગમ્મુક્કુડુઓ સન્તો,**
**પુચ્છેજ્જા પંજલીઉડો. ૨૨**

આસન કે શય્યામાં બેઠાં બેઠાં કે સુતાં સુતાં, સૂત્ર વગેરેનો પ્રશ્ન ન કરવો. પરંતુ ગુરુની પાસે આવીને આસન ઉપર બેસીને કે બેઠા વગર હાથ જોડી વિનયપૂર્વક પ્રશ્ન કરવો. ૨૨

**એવં વિણયજુત્તસ્સ,**
**સુત્તં અત્થં ચ તદુભયં;**
**પુચ્છમાણસ્સ સીસસ્સ,**
**વાગરેજ્જ જહાસુયં.** ૨૩

પૂર્વોક્ત પ્રકારથી વિનયવાળા, સૂત્ર, અર્થ કે તદુભયને પૂછનારા શિષ્યને ગુરુ સંપ્રદાયથી પ્રાપ્ત સૂત્ર વગેરેનો ગુરુ મહારાજે જવાબ આપવો જોઈએ. ૨૩

**મુસં પરિહરે ભિક્ખૂ, ન ય ઓહારિણિં વએ;**
**ભાસાદોસં પરિહરે, માયં ચ વજ્જએ સયા.૨૪**

સાધુએ સર્વથા અસત્યનો પરિહાર કરવો, નિશ્ચયાત્મક ભાષા ન બોલવી, ભાષાના દોષનો ત્યાગ કરવો, અસત્યના કારણભૂત માયા વગેરેનું વર્જન કરવું. ૨૪

**ન લવેજ્જ પુટ્ઠો સાવજ્જં, નિરત્થં ન મમ્મયં;**
**અપ્પણટ્ઠા પરટ્ઠા વા, ઉભયસ્સન્તરેણ વા. ૨૫**

કોઈ પૂછે તો સાવદ્ય વચન નહીં બોલવું, નિરર્થક તેમજ મર્મવાચક વચન ન બોલવું તથા પોતાના, પરના કે ઉભયના નિમિત્તે પ્રયોજન વગર ન બોલવું. ૨૫

**સમરેસુ અગારેસુ,**
**સન્ધીસુ ય મહાપહે;**
**એગો એગિત્થિએ સદ્ધિં,**
**નેવ ચિટ્ઠે ન સંલવે. ૨૬**

લુહારની કોઢ વગેરે સમસ્ત નીચ સ્થાનોમાં, બે ઘરોના અંતરાળમાં, રાજમાર્ગમાં, એકલા સાધુએ, એકલી સ્ત્રીની સાથે ઊભા ન રહેવું તથા તેની સાથે બોલવું નહીં. ૨૬

**જં મે બુદ્ધાડણુસાસન્તિ,**
**સીએણ ફરુસેણ વા;**
**મમ લાભો ત્તિ પેહાએ,**
**પયઓ તં પડિસ્સુણે. ૨૭**

જે મને ગુરુ મહારાજ, આહ્‌લાદક કે કઠોર વચનથી શિક્ષણ આપે છે, તે મારા હિતમાં જ છે. આવી વિશિષ્ટ બુદ્ધિ રાખી પ્રયત્નવાન શિષ્યે, તે શિક્ષાનો સ્વીકાર કરવો જોઈએ. ૨૭

**અણુસાસણમોવાયં,**
**દુક્કડસ્સ ય ચોયણં;**
**હિયં તં મન્નઈ પન્નો,**
**વેસં હોઇ અસાહુણો. ૨૮**

કોમલ, કઠોર ભાષણયુક્ત, ગુરુનું શિક્ષાવાક્ય દુષ્કૃતના નિવારણાર્થે કરેલી ગુરુની પ્રેરણાને, બુદ્ધિમાન શિષ્ય, હિતકારી તરીકે સ્વીકારે છે. પણ અવિનીત શિષ્ય અહિતકારી માને છે. ૨૮

**હિયં વિગયભયા બુદ્ધા,**
**ફરુસં પિ અણુસાસણં;**
**વેસ્સં તં હોઇ મૂઢાણં,**
**ખન્તિ સોહિકરં પયં. ૨૯**

નિર્ભય તત્ત્વજ્ઞાની શિષ્યો, ગુરુના કઠોર શિક્ષાવચનને પણ હિત કરનારું માને છે. ક્ષમા અને શુદ્ધિકારક, જ્ઞાનાદિ ગુણોના સ્થાનરૂપ ગુરુનું તે જ શિક્ષાવચન, અવિવેકી શિષ્ય માટે દ્વેષકારી બને છે. ૨૯

**આસણે ઉવચિટ્ઠેજ્જા, અણુચ્ચે અકુએ થિરે;**
**અપ્પુટ્ઠાઈ નિરુટ્ઠાઈ, નિસીએજ્જડપ્પકુક્કુએ.૩૦**

સરખા પાયાવાળા, નહીં હાલવાવાળા, ચટચટ વગેરે શબ્દ નહીં કરતાં એવા વર્ષાકાલમાં પાટ વગેરે રૂપ તથા ઋતુબદ્ધકાલમાં પાદપુંછનરૂપ આસનથી નીચા આસનમાં બેસવું જોઈએ. પરંતુ વારંવાર કે કારણ વગર ન ઉઠવું. તથા હાથ, પગ, ભ્રૂ.વિ.નું અશુભ સંચાલન ન કરવું. ૩૦

**કાલેણ નિક્ખમે ભિક્ખૂ,**
**કાલેણ ય પડિક્કમે;**
**અકાલં ચ વિવજ્જેત્તા,**
**કાલે કાલં સમાયરે. ૩૧**

સોધુ કાલમાં ગોચરી માટે જાય અને પાછો આવે, તે-તે ક્રિયાના અસમયને છોડી, કાલ વખતે તે-તે કાલમાં ઉચિત પડિલેહણા વગેરે ક્રિયાને કરે. ૩૧

**પરિવાડીએ ન ચિટ્ઠેજ્જા, ભિક્ખૂ દત્તેસણં ચરે;**
**પડિરૂવેણ એસિત્તા, મિયં કાલેણ ભક્ખએ.૩૨**

મુનિ જમતા લોકોની પંગતમાં ન ઊભો રહે. તથા ચિરંતન મુનિના પ્રતિકરૂપ મુનિવેશના ધારણ કરવાપૂર્વક અર્થાત્ ગ્રહણૈષણાનું ધ્યાન રાખી, શુદ્ધ ગોચરી લાવી આગમમાં કહેલ સમયાનુસારે પરિમિત ભોજન કરે છે. ૩૨

**નાઇદૂરમણાસન્ને, નડન્નેસિં ચક્ખુફાસઓ;**
**એગો ચિટ્ઠેજ્જ ભત્તટ્ઠા, લંઘિયા તં નડઇક્કમે.૩૩**

ગોચરી માટે ગયેલ સાધુ, ઘણે દૂર કે અતિ સમીપમાં, ગૃહસ્થની નજર પડે એ રીતે ન ઊભો રહે. પરંતુ એકલો એકાંતમાં ઊભો રહે. પહેલા ભિક્ષા માટે ગયેલ ભિક્ષુ જ્યાં સુધી બહાર ન નીકળે ત્યાં સુધી ભિક્ષા

માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ ન કરે. ૩૩

**નાઇઉચ્ચે વ ણીએ વા, નાસન્ને નાઇદૂરઓ;**
**ફાસુયં પરકડં પિણ્ડં, પડિગાહેજ્જ સંજએ.૩૪**

ઘરની ઉપરની ભૂમિ ઉપર ચડી, કે ભોંયરા વગેરેમાં રહી તથા અતિ નજીક કે અતિ દૂર રહી, સાધુ નિર્દોષ તથા ગૃહસ્થે પોતાના નિમિતે બનાવેલ આહાર ન સ્વીકારે. આ ગ્રહણૈષણાની વિધિ જણાવી. ૩૪

**અપ્પપાણડપ્પબીયમ્મિ, પડિચ્છન્નમ્મિ સંવુડે;**
**સમયં સંજએ ભુંજે, જયં અપ્પરિસાડિયં. ૩૫**

ત્રસ, સ્થાવર રહિત, ઉપર આચ્છાદિત, ચારે બાજુથી સાદડી, ભીંત વગેરેથી આવૃત્ત સ્થાનમાં અન્ય મુનિઓની સાથે ચબચબ આદિ અવાજને નહીં કરતો, હાથ કે મુખથી એક પણ અન્નનો કણ નીચે ન પડે તે રીતે આહાર કરે. આ ગ્રહણૈષણાની વિધિ જાણવી . ૩૫

**સુક્કડે ત્તિ સુપક્કે ત્તિ, સુચ્છિન્ને સુહડે મડે;**
**સુનિટ્ઠિએ સુલટ્ઠે ત્તિ, સાવજ્જં વજ્જએ મુણી.૩૬**

અન્ન વગેરે સારું બનાવ્યું છે, ઘેબર વગેરે ઘીમાં સારી રીતે પકવવામાં આવ્યા છે, શાક વગેરે સારા સુધાર્યા છે, શાક વગેરેમાંથી કડવાશ આદિ સારી રીતે દૂર કરેલ છે, લાડવા વગેરેમાં સારુ ઘી સમાવ્યું છે, સરસ સ્વાદિષ્ટ રસોઈ બનાવી છે, આલ્હાદક બનાવી છે, ઈત્યાદિ સાવદ્ય વચનને મુનિ ન બોલે ! ૩૬

**રમએ પણ્ડિએ સાસં, હયં ભદ્દં વ વાહએ;**
**બાલં સમ્મતિ સાસંતો, ગલિઅસ્સં વ વાહએ.૩૭**

વિનીત શિષ્યોને શિક્ષણ આપતાં ગુરુ ખુશ થાય છે. દા.ત. જેમ કલ્યાણકારી ઘોડાનો શિક્ષક ઘોડેસ્વાર ખુશ થાય છે.

અવિનીત શિષ્યને શિક્ષણ આપતાં ગુરુ ખિન્ન બને છે. દા.ત. જેમ અવિનીત ઘોડાનો શિક્ષક

ઘોડેસ્વાર ખિન્ન થાય છે. ૩૭

**ખડ્ડુગા મે ચવેડા મે, અક્કોસા ય વહા ય મે;**
**કલ્લાણમણુસાસન્તં, પાવદિટ્ઠિ ત્તિ મન્નઇ. ૩૮**

ટકોર, થપ્પડ, કઠોરવચનો દંડાના ઘા વગેરે મને જ ગુરુ મહારાજ આપે છે. આમ અવિનીત શિષ્ય, હિતકારી શિક્ષણ આપનાર ગુરુને પાપ બુદ્ધિવાળા તરીકે માને છે. અથવા કુશિષ્ય, ગુરુવચનને કડુક આદિરૂપ માને છે. ૩૮

**પુત્તો મે ભાઇ ણાઇ ત્તિ, સાહૂ કલ્લાણ મન્નઇ;**
**પાવદિટ્ઠી ઉ અપ્પાણં, સાસં દાસં વ મન્નઇ.૩૯**

મને પુત્ર ભાઈ સ્વજનની માફક માની ગુરુ સારું શિક્ષણ આપે છે એમ વિનીત શિષ્ય માને છે. જ્યારે અવિનીત-પાપદ્રષ્ટી, આ ગુરુ શિક્ષા આપતાં મને દાસ ગણે છે એમ માને છે. ૩૯

**ન કોવએ આયરિયં,**
**અપ્પાણં પિ ન કોવએ;**

**બુદ્ધોવઘાઇ ન સિયા,**

**ન સિયા તોત્તગવેસએ.** ૪૦

વિનીત, આચાર્ય વગેરેને કોપિત ન કરે, શિક્ષા લેતાં પોતે કોપિત ન થાય, કદાચ ક્રોધાવેશ આવે તો પણ આચાર્ય વગેરેનો ઉપઘાતી ન થાય. જાત્યાદિ દૂષણગર્ભિત વચનો, શું આ ગુરુને કહું એવો વિચાર સરખો ન કરે. ૪૦

**આયરિયં કુવિયં નચ્ચા,**

**પત્તિએણ પસાયએ;**

**વિજ્ઝવેજ્જ પંજલિઉડે,**

**વએજ્જ ન પુણો ત્તિ ય.** ૪૧

આચાર્ય વગેરે કુપિત થયા છે એમ જાણ્યા બાદ, પ્રીતિ-પ્રતીતિકારક વાક્યથી આચાર્ય વગેરેને પ્રસન્ન કરે. બે હાથ જોડી, હે સ્વામિન્ ! હવે પછી આવી ભૂલ નહીં કરું એમ બોલી ગુરુને શાંત કરે. ૪૧

**ધમ્મજ્જિયં ચ વવહારં, બુદ્ધેહાયરિયં સયા;**
**તમાયરન્તો વવહારં, ગરહં નાભિગચ્છઇ. ૪૨**

ક્ષમા વગેરે ધર્મ દ્વારા ઉપાર્જિત, તત્ત્વજ્ઞાની દ્વારા સદાસેવિત, સાધુવ્યવહારને આચરનાર સાધુ, આ અવિનીત છે એવી નિંદાને કદી પામતો નથી જેથી ગુરુના કોપને કારણ નથી મળતું. ૪૨

**મણોગયં વક્કગયં, જાણિત્તાયરિયસ્સ ઉ;**
**તં પરિગિજ્ઝ વાયાએ, કમ્મુણા ઉવવાયએ.૪૩**

બુદ્ધિ દ્વારા પહેલાં મન-વચન-કાયાગત, ગુરુના કાર્યને જાણી, હું કાર્ય કરું છું એમ વાણીથી બોલી કાર્ય કરે, જેથી ગુરુની સેવા બજાવી કહેવાય છે. ૪૩

**વિત્તે અચોઇએ નિચ્ચં, ખિપ્પં હવઈ સુચોયએ;**
**જહોવઇટ્ઠં સુકયં, કિચ્ચાઇં કુવ્વઈ સયા. ૪૪**

વિનયથી પ્રસિદ્ધ શિષ્ય, પ્રેરણા વગર જ દરેક સમયે ગુરુકાર્યોમાં પ્રવૃત્તિ કરે છે. જો પ્રેરણા થાય તો

તરત જ યથોચિત કાર્ય બને છે. ગુરુના ઉપદેશ મુજબ, હમેશાં સારી રીતે કાર્યો બજાવે છે. ૪૪

**નચ્ચા નમઇ મેહાવી, લોએ કિત્તી સે જાયએ;**
**હવઇ કિચ્ચાણં સરણં, ભૂયાણં જગઈ જહા.૪૫**

જે ઉપરોક્ત અર્થ જાણી તે તે કાર્ય કરવામાં નમ્ર, ઉદ્યત, મર્યાદાવર્તી થાય છે તેથી 'આનો જન્મ સફળ છે.' 'આ સંસારસાગર તરી ગયો' આવી કીર્તિ લોકમાં પ્રગટે છે. જેમ પૃથ્વી પ્રાણીઓના આધારભૂત છે તેમ આ પુણ્ય ક્રિયાઓનો આધાર બને છે. ૪૫

**પુજ્જા જસ્સ પસીયન્તિ, સંબુદ્ધા પુવ્વસંથુયા;**
**પસન્ના લાભઇસ્સંતિ, વિઉલં અટ્ઠિયં સુયં. ૪૬**

જે શિષ્યના ઉપર આચાર્ય વગેરે પૂજ્યો પ્રસન્ન થાય છે. તેને સમ્યગ્ તત્વજ્ઞાની, પૂર્વપરિચિત, પ્રસન્ન ગુરુઓ, તાત્કાલિક શ્રુતનો, પરંપરાએ મોક્ષનો લાભ કરાવનારા થાય છે. ૪૬

**સ પુજ્જસત્થે સુવિણીયસંસએ**
**મણોરુઈ ચિટ્ઠઇ કમ્મસંપયા;**
**તવો-સમાયારિ-સમાહિસંવુડે,**
**મહજ્જુઈ પંચ વયાઇં પાલિયા. ૪૭**

તે શિષ્ય, પૂજ્યશાસ્ત્રવાળો, સંશયવગરનો, ગુરુના મનને અનુસરનારો સાધુસમાચારીની સમૃદ્ધિથી સંપન્ન રહે છે. તથા તપનું આચરણ અને સમાધિથી સંવરવાળો બની, પાંચ મહાવ્રતો પાળી, મોટી તપસ્તેજમયી કાન્તિવાળો બને છે. ૪૭

**સદેવગંધવ્વમણુસ્સપૂઇએ,**
**ચઇત્તુ દેહં મલપંકપુવ્વયં;**
**સિદ્ધે વા હવઇ સાસએ,**
**દેવે વા અપ્પરએ મહિડ્ઢિએ. ૪૮**

॥ ત્તિ બેમિ.॥

તે વિનીત શિષ્ય, વૈમાનિક-જ્યોતિષી ભવનપતિ-વ્યંતર વગેરેથી તથા રાજા વગેરે

મનુષ્યોથી પૂજિત થયેલો, શુક્ર-શોણિતરૂપ પ્રથમ કારણજન્ય આ ઔદારીક શરીરને છોડી શાશ્વત સિદ્ધ બને છે. જો સિદ્ધ ન બને તો લઘુકર્મી મહર્દ્ધિક વૈમાનિકદેવ બને છે.

આ પ્રમાણે વિનયશ્રુત નામનું અધ્યયન તીર્થંકર ગણધર વગેરેના ઉપદેશથી મેં તારી આગળ કહ્યું. એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે.

(ઇઇ વિણયસુયં નામ પઢમં અજ્ઝયણં સમત્તં. ૧)

●●●

# ૨. શ્રી પરિષહ અધ્યયન

સુયં મે આઉસં-તેણં ભગવયા એવમક્ખાયં, ઈહ ખલુ બાવીસં પરીસહા સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઈયા, જે ભિક્ખુ સોચ્ચા નચ્ચા જિચ્ચા અભિભૂય ભિક્ખાયરિયાએ પરિવ્વયન્તો પુટ્ઠો નો વિહન્નેજ્જા, કયરે ખલુ તે બાવીસં પરીસહા સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઈયા, જે ભિક્ખુ સોચ્ચા નચ્ચા જિચ્ચા અભિભૂય ભિક્ખાયરિયાએ પરિવ્વયંતો પુટ્ઠો નો વિહન્નેજ્જા ? ઈમે તે ખલુ બાવીસં પરીસહા સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઈયા, જે ભિક્ખુ સોચ્ચા નચ્ચા જિચ્ચા અભિભૂય ભિક્ખાયરિયાએ પરિવ્વયંતો પુટ્ઠો નો વિહન્નેજ્જા, તં જહા દિગિંચ્છાપરીસહે. ૧. પિવાસાપરીસહે. ૨. સીય-પરીસહે. ૩. ઉસિણ પરીસહે. ૪. દંસ-મસય-પરીસહે. ૫. અચેલપરીસહે. ૬. અરઈપરીસહે. ૭.

ઇત્થીપરીસહે. ૮. ચરિયાપરીસહે. ૯. નિસીહિયા-પરીસહે. ૧૦. સેજ્જાપરીસહે. ૧૧. અક્કોસ-પરીસહે. ૧૨. વહપરીસહે. ૧૩. જાયણાપરીસહે. ૧૪. અલાભપરીસહે. ૧૫. રોગપરીસહે. ૧૬. તણફાસપરીસહે. ૧૭. જલ્લપરીસહે. ૧૮. સક્કારપુરક્કારપરીસહે. ૧૯. પન્નાપરીસહે. ૨૦. અન્નાણપરીસહે. ૨૧. દંસણપરિસહે ૨૨.

ભગવાન સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે, હે આયુષ્મન્ જંબૂ ! તે ભગવાન મહાવીર-સ્વામીએ વક્ષ્યમાણ પ્રકારથી જે કહ્યું છે તે મેં સાંભળ્યું છે કે, આ જિનપ્રવચનમાં શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપગોત્રીએ બાવીશ પરીષહો ઉપદેશ્યા છે. જે પરીષહોને સાધુ સાંભળીને, સારી રીતે જાણીને, વારંવાર અભ્યાસથી પરિચિત કરીને, જીતીને ભિક્ષા માટે જતાં પરીષહોથી હત-પ્રહત ન બને અર્થાત્ મોક્ષમાર્ગથી પાછો ન પડે. ૧

શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપગોત્રીએ

દર્શાવેલા જે બાવીશ પરીષહોને ભિક્ષુ સાંભળી, જાણી, પરિચિત કરી, જીતીને ભિક્ષા માટે જતાં પરીષહોથી આક્રાંત બનેલો સંયમમાર્ગથી ચલિત ન બને, તે પરીષહોનાં નામ ક્યાં ક્યાં છે ? ૨

જે બાવીશ પરીષહો, શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપગોત્રીએ દર્શાવ્યા છે. તે પરીષહોને ભિક્ષુ સાંભળી, જાણી, પરિચિત કરી, જીતીને ભિક્ષા માટે જતાં પરીષહોથી સ્પૃષ્ટ બનેલો મોક્ષમાર્ગથી અચ્યુત બને. ૩

તે આ પ્રમાણે ૧. ભૂખ પરીષહ, ૨. તૃષા પરીષહ, ૩. શીત પરીષહ, ૪. ઉષ્ણ પરીષહ, ૫. દંશમશક પરીષહ, ૬. અચેલ પરીષહ, ૭. અરતિ પરીષહ, ૮. સ્ત્રી પરીષહ, ૯. ચર્યા પરીષહ, ૧૦. નૈષેધિકી પરીષહ, ૧૧. શય્યા પરીષહ, ૧૨. આક્રોશ પરીષહ, ૧૩. વધ પરીષહ, ૧૪. યાચના પરીષહ, ૧૫. અલાભ પરીષહ, ૧૬. રોગ પરીષહ, ૧૭. તૃણસ્પર્શ પરીષહ, ૧૮. મલ પરીષહ, ૧૯.

સત્કારપુરસ્કાર પરીષહ, ૨૦ પ્રજ્ઞા પરીષહ, ૨૧. અજ્ઞાન પરીષહ, ૨૨. દર્શન પરીષહ. ૪.

**પરીસહાણં પવિભત્તી,**
**કાસવેણં પવેઇયા;**
**તં ભે ઉદાહરિસ્સામિ,**
**આણુપુવ્વિં સુણેહ મે.** ૧

પૂર્વોક્ત પરીષહોનો વિભાગ, જે ભગવાન મહાવીરસ્વામી કાશ્યપગોત્રીએ દર્શાવ્યો છે, તે વિભાગને હે શિષ્યો ! તમારી આગળ હું ક્રમસર બતાવું છું, માટે તમે સાંભળો. ૧

**દિગિંછા-પરિગએ દેહે,**
**તવસ્સી ભિક્ખૂ થામવં;**
**ન છિંદે ન છિંદાવએ,**
**ન પએ ન પયાવએ.** ૨

ક્ષુધા સમાન કોઈ વેદના નથી, માટે પહેલાં ભૂખ પરિષહને કહે છે કે, તપસ્વી, સંયમબલી મુનિ,

શરીરમાં ભૂખ લાગવા છતાંય, ફલ વગેરેને પોતે ન તોડે કે તોડાવે તથા પોતે ન પકાવે કે પકાવડાવે તથા તોડનાર કે પકાવનારની ન અનુમોદના કરે. એ પ્રમાણે ન ખરીદે, ન ખરીદાવે કે ખરીદનારની ન અનુમોદના કરે. અર્થાત્ ભૂખ્યો સાધુ નવ કોટી શુદ્ધ જ આહારને સ્વીકારે. ૨

**કાલીપવ્વંગસંકાસે, કિસે ધમણિસંતએ;**
**માયન્ને અસણ-પાણસ્સ, અદીણમણસો ચરે.૩**

કાકજંઘા નામની વનસ્પતિના પર્વ જેવા અંગવાળો અંત એવ કૃશ શરીરવાળો, નસોથી વ્યાપ્ત, આવી દશાવાળો પણ અશનપાનના પરિણામનો જ્ઞાતા, ચિત્તની આકુલતા વગરનો બની, સાધુ સંયમમાર્ગમાં વિચરે. ૩

**તઓ પુટ્ઠો પિવાસાએ, દોગુચ્છી લજ્જસંજએ;**
**સીઓદગં ન સેવેજ્જા, વિયડસ્સેસણં ચરે. ૪**

ભૂખ પરીષહના બાદ તરસથી ઘેરાયેલો મુનિ,

અનાચાર પ્રતિ તિરસ્કારવાળો, સંયમમાં સમ્યગ્ પ્રયત્નશીલ, સચિત્ત જલનું સેવન ન કરે, પરંતુ અગ્નિ વ.થી અચિત્ત બનેલ જલની ગવેષણા કરે. ૪

**છિન્નાવાએસુ પંથેસુ, આઉરે સુપિવાસિએ;**
**પરિસુક્કમુહાદીણે, તં તિતિક્ખે પરીસહં. ૫**

જન વગરના માર્ગોમાં જતાં અત્યંત આકુલ શરીરવાળો, અત્યંત તરસ્યો, થુંક સુકાવાથી સુકા મુખવાળો અને અદીન બનેલો તૃષા પરીષહને સહન કરે. ૫

**ચરંતં વિરયં લૂહં, સીયં ફુસઇ એગયા;**
**નાઇવેલં મુણી ગચ્છે, સોચ્ચા ણં જિણસાસણં.૬**

મોક્ષમાર્ગમાં કે ગ્રામાનુગ્રામ વિચરનાર, સર્વવિરતિવાળા, લુખા શરીરવાળા મુનિને, શીતકાલમાં ઠંડી લાગે ત્યારે જિનાગમને સાંભળી (જીવ અને શરીર જુદા છે વગેરે) સ્વાધ્યાય વગેરે સમયનું ઉલ્લંઘન કરી, શીતભયથી બીજા સ્થાનમાં

ન જાય. ૬

**ન મે નિવારણં અત્થિ, છવિત્તાણં ન વિજ્જઇ;**
**અહં તુ અગ્ગિં સેવામિ, ઇઇ ભિક્ખૂ ન ચિંતએ.૭**

ઠંડા પવન વગેરેથી બચાવી શકે તેવા મકાન વગેરે નથી, શરીર ઉપર ઓઢવા કંબલ, વસ્ત્ર વગેરે નથી, તો હું ઠંડી દૂર કરવા અગ્નિ સેવું, એવો વિચાર પણ ભિક્ષુ ન કરે. ૭

**ઉસિણપરિતાવેણં, પરિદાહેણ તજ્જિએ;**
**ઘિંસુ વા પરિતાવેણં, સાયં નો પરિદેવએ. ૮**

ગરમ રેતી વગેરેના પરિતાપથી, પરસેવો મેલ રૂપ બહારના તથા અંદરના તરસથી થયેલ દાહથી અત્યંત પીડિત તથા ગ્રીષ્મ વગેરેમાં સૂર્યકિરણોએ કરેલ તાપથી પીડિત મુનિ, સુખના પ્રતિ 'હા ! ક્યારે ચન્દ્ર, ચંદન વગેરે સુખના હેતુઓ મળશે' વગેરે પ્રલાપ ન કરે. ૮

**ઉણ્હાભિતત્તે મેહાવી, સિણાણં નો વિ પત્થએ;**
**ગાયં નો પરિસિંચેજ્જા, ન વીએજ્જા ય અપ્પયં.૯**

ગરમીથી પીડાયેલો, મર્યાદાવર્તી મુનિ, સ્નાનની અભિલાષા ન કરે, પોતાના શરીર ઉપર થોડું પાણી છાંટી ભીનું ન કરે, વીંજણા વગેરેથી જરા પણ હવા ન નાંખે. ૯

**પુટ્ઠો ય દંસ-મસગેહિં, સમરે વ મહામુણી;**
**નાગો સંગામસીસે વા, સૂરો અભિહણે પરં.૧૦**

શત્રુ-મિત્ર પ્રત્યે સમાન ચિત્તવાળો મહામુનિ, ડાંસ-મચ્છર-જુ-માંકડ વગેરેથી પીડિત થવા છતાં યુદ્ધના મોખરે પરાક્રમી હાથીની માફક ક્રોધ વગેરે શત્રુ પર વિજય મેળવે. ૧૦

**ન સંતસે ન વારેજ્જા, મણં પિ ન પઓસએ;**
**ઉવેહ ન હણે પાણે, ભુંજંતે મંસ-સોણિયં. ૧૧**

મુનિ, ડાંસ વગેરેથી ઉદ્વેગ ન પામે, ડાંસ વગેરેને

ન હટાવે, મનને દુષ્ટ ન કરે, મધ્યસ્થ ભાવથી જુએ તેથી જ માંસ-લોહીને ખાનારા જીવોને ન હણે. ૧૧

**પરિજુન્નેહિં વત્થેહિં,**
**હોક્ખામિ ત્તિ અચેલએ;**
**અદુવા સચેલએ હોક્ખં,**
**ઇઇ ભિક્ખૂ ન ચિંતએ. ૧૨**

જુનાં વસ્ત્રોથી અલ્પ દિન રહેનાર હોઈ, હું અચેલક થઈશ, એવો વિચાર ન કરે. અથવા જીર્ણ વસ્ત્રવાળો મને જોઈ, કોઈ એક શ્રાવક સુંદર વસ્ત્રો આપશે એટલે હું સચેલક થઈશ, એવો વિચાર ન કરે. ૧૨

**એગયા અચેલએ હોઇ, સચલે યાવિ એગયા;**
**એયં ધમ્મહિયં નચ્ચા, નાણી નો પરિદેવએ.૧૩**

એક વખતે જિનકલ્પાદિ અવસ્થામાં સર્વથા વસ્ત્રના અભાવથી કે જુના વસ્ત્રથી અચેલક થાય છે. એક વખતે સ્થવિરકલ્પાદિ અવસ્થામાં સચેલક પણ

થાય છે. આ બે અવસ્થામાં અચેલકત્વ તથા સચેલકત્વ, ધર્મમાં ઉપકારક જાણી, જ્ઞાની કોઈ પણ અવસ્થામાં વિષાદ ન કરે. ૧૩

**ગામાણુગામં રીયંતં અણગારં અકિંચણં;**
**અરઈ અણુપ્પવેસે, તં તિતિક્ખે પરીસહં. ૧૪**

ગ્રામાનુગ્રામ વિચરતા અપરિગ્રહી સાધુને જો મનમાં સંયમની અરુચિ પેદા થાય. તો આ અરતિરૂપ પરીષહ સહન કરીને સંયમની અરુચિને મનમાંથી હટાવવી. ૧૪

**અરઇં પિટ્ઠઓ કિચ્ચા, વિરએ આયરક્ખિએ;**
**ધમ્મારામે નિરારમ્ભે, ઉવસન્તે મુણી ચરે. ૧૫**

વિરતિવાળો, અપધ્યાન વગેરેથી આત્માનો રક્ષક, 'આ ધર્મમાં વિઘ્નરૂપ છે' આવી રીતે અરતિનો તિરસ્કાર કરી ધર્મમાં રતિવાળો બને, નિરારંભી ઉપશાંત બની મુનિ તરીકે ધર્મના બગીચામાં વિચરે. ૧૫

**સંગો એસ મણુસ્સાણં,**
**જાઓ લોગમ્મિ ઇત્થિઓ;**
**જસ્સ એયા પરિન્નાયા,**
**સુકડં તસ્સ સામણ્ણં. ૧૬**

જેમ માખીઓને શ્લેષ્મ, લેપ બંધન છે, તેમ જગતમાં મનુષ્યોને યુવતિઓ લેપ રૂપ છે. જે સાધુએ "આ લોક કે પરલોકમાં બલવાન અનર્થના હેતુ રૂપ સ્ત્રીઓ છે" એમ જાણી તેનો ત્યાગ કર્યો છે, તે સાધુનું શ્રમણપણું સફળ છે. ૧૬

**એવમાદાય મેહાવી, પંકભૂયા ઉ ઇત્થિઓ;**
**નો તાહિં વિનિહન્નિજ્જા, ચરેજ્જડત્તગવેસએ.૧૭**

પૂર્વ કહેલી બાબતને બુદ્ધિપૂર્વક સ્વીકારી, મુક્તિપંથગામી મુનિઓને માટે વિઘ્નકર કે મલિનતાનો હેતુ હોઈ, 'આ સ્ત્રીઓ કાદવ સરખી છે' એવો નિશ્ચય કરી, આ સ્ત્રીઓ મારફત સંયમજીવનધ્વંસ દ્વારા આત્માની હિંસાથી બચે,

આત્મચિંતનપરાયણ બની ધર્માનુષ્ઠાનનું સેવન કરે. ૧૭

**એગ એવ ચરે લાઢે,**
**અભિભૂય પરીસહે;**
**ગામે વા નગરે વા વિ,**
**નિગમે વા રાયહાણિએ. ૧૮**

શુદ્ધ આહારથી પોતાનો નિર્વાહ કરનાર મુનિ રાગ વગેરેથી રહિત બની, ભૂખ વગેરે પરીષહોને જીતીને, ગામ અથવા નગરે, વેપારી જનોના વાસ-નિગમમાં, રાજધાની વગેરેમાં અપ્રતિબદ્ધ વિહાર કરે . ૧૮

**અસમાણો ચરે ભિક્ખૂ,**
**નેય કુજ્જા પરિગ્ગહં;**
**અસંસત્તો ગિહત્થેહિં,**
**અણિકેઓ પરિવ્વએ. ૧૯**

ઘર વગેરે કે તેની મૂર્છાથી રહિત હોવાથી

ગૃહસ્તોથી, અનિયત વિહાર વગેરેથી અન્ય તીર્થીઓથી વિલક્ષણ સાધુ, ગામ વગેરેમાં મમતારૂપ પરિગ્રહ ન કરે, ગૃહસ્થોની સાથે સંબંધ વગરનો, ઘર વગરનો ચારે બાજુ વિહાર કરે. ૧૯

**સુસાણે સુન્નગારે વા, રુક્ખમૂલે વ એગઓ;**
**અકુક્કુઓ નિસીએજ્જા, ન ય વિત્તાસએ પરં.૨૦**

મુનિ-સ્મશાનમાં, સૂના ઘરમાં, વૃક્ષની નીચે દ્રવ્યભાવથી એકલો, દુષ્ટ ચેષ્ટા વગરનો બનીને બેસે તથા મનુષ્ય વગેરેને ભય ન ઉપજાવે. ૨૦

**તત્થ સે ચિટ્ઠમાણસ્સ, ઉવસગ્ગાઽભિધારએ;**
**સંકાભીઓ ન ગચ્છેજ્જા, ઉટ્ઠેત્તા અન્નમાસણં.૨૧**

ત્યાં રહેનાર સાધુ પોતાના પર આવતા દિવ્યાદિ ઉપસર્ગોને સહન કરે, શંકાત્રસ્ત બની, ઉઠી બીજા સ્થાનમાં ન જાય. ૨૧

**ઉચ્ચાવયાહિં સેજ્જાહિં,**
**તવસ્સી ભિક્ખૂ થામવં;**

**ણાઇવેલં વિહન્નેજ્જા,**
**પાવદિટ્ઠી વિહન્નઇ.** ૨૨

ઉપસર્ગાદિ સહન પ્રતિ સામર્થ્યવાળો, તપસ્વી મુનિ, ઉંચાનીચા સ્થાનો મળવા છતાં વેલાનું ઉલ્લંઘન કરી, અહીં હું શીતાદિથી ઘેરાયો છું એમ વિચારી બીજા સ્થાનમાં ન જાય, કારણકે પાપબુદ્ધિવાળો ઉંચું સ્થાન મળતાં રાગ થતા નીચું સ્થાન મળતાં દ્વેષ નહીં કરવાની સમતા રૂપ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. અર્થાત્ મુનિ સમતાપૂર્વક શય્યા પરીષહને સહન કરે. ૨૨

**પઇરિક્કુવસ્સયં લદ્ધું,**
**કલ્લાણં અદુવ પાવગં;**
**કિમેગરાયં કરિસ્સઇ,**
**એવં તત્થડહિયાસએ.** ૨૩

સ્ત્રી વગેરેથી રહિત સુખદ કે દુઃખદ ઉપાશ્રય મેળવીને એક રાત્રિ સુધી કે કેટલીક રાત્રિ સુધી

રહેનાર, સમતાપૂર્વક હર્ષ કે ખેદ ધારણ કર્યા સિવાય તે વસતિમાં રહે. ૨૩

**અક્કોસેજ્જ પરો ભિક્ખૂં, ન તેસિં પડિસંજલે;**
**સરિસો હોઈ બાલાણં, તમ્હા ભિક્ખૂ ન સંજલે.૨૪**

જો કોઈ બીજો, સાધુનું ખરાબ વચનોથી અપમાન કરે, તો સાધુ તેના ઉપર ક્રોધવાળો - તેના જેવો ન બને, કેમ કે તે અજ્ઞાની સરખો બને છે. તેથી ભિક્ષુ જ્વલિત ન બને. ૨૪

**સોચ્ચા ણં ફરુસા ભાસા દારુણા ગામકંટગા;**
**તુસીણીઓ ઉવેહેજ્જા, ન તાઓ મણસીકરે.૨૫**

અત્યંત દુઃખકારી, મર્મવેધી કઠોર વચનોને સાંભળી, મુનિ મૌન ધારી તેની ઉપેક્ષા કરે, તે વચનોને મનમાં અવકાશ ન આપે, અર્થાત્ તે બોલનાર પ્રત્યે દ્વેષ ન કરે. ૨૫

**હઓ ણ સંજલે ભિક્ખૂ,**
**મણં પિ ન પઓસએ;**

**તિતિક્ખં પરમં નચ્ચા,**
**ભિક્ખૂ ધમ્મં વિચિન્તએ.** ૨૬

લાકડી વગેરેથી તાડિત થતાં ક્રોધથી ન ધમધમે, મનને દ્વેષવાળું ન કરે, ક્ષમાને ધર્મનું ઉત્કૃષ્ટ સાધન તરીકે જાણી ક્ષમામૂલક ભિક્ષુધર્મનું ચિંતન કરે. ૨૬

**સમણં સંજયં દંતં,**
**હણેજ્જા કોઇ કત્થઈ;**
**નત્થિ જીવસ્સ નાસો ત્તિ,**
**એવં પેહેજ્જ સંજએ.** ૨૭

ઈન્દ્રિય-મનોવિજેતા, તપસ્વી, સંયમીને જો કોઈ એક દુષ્ટ કોઈ ગામ વગેરેમાં તાડન કરે, તો સાધુએ એવી ભાવના કરવી કે, ચૈતન્યસ્વરૂપી આત્માનો નાશ નથી, પરંતુ શરીરનો જ નાશ થાય છે. ૨૭

**દુક્કરં ખલુ ભો નિચ્ચં,**
**અણગારસ્સ ભિક્ખુણો;**
**સવ્વં સે જાઇયં હોઇ,**
**નત્થિ કિંચિ અજાઇયં. ૨૮**

હે જંબૂ! ચોક્કસ અનગારી ભિક્ષુને જીવે ત્યાં સુધી આહાર-ઉપકરણ વગેરે સમસ્ત વસ્તુ યાચિત જ હોય છે. કોઈ પણ ચીજ અયાચિત નથી હોતી. અથવા નિરુપકારી મુનિને વસ્તુની યાચના કરવી કઠિન હોઈ યાચના પણ એક પરીષહ છે. ૨૮

**ગોયરગ્ગપવિટ્ઠસ્સ,**
**પાણી નો સુપસારએ;**
**સેઓ અગારવાસો· ત્તિ,**
**ઇઇ ભિક્ખૂ ન ચિંતએ. ૨૯**

ગોચરી વ્હોરવા નીકળેલા મુનિએ હું ગૃહસ્થી ઉપર કાંઈ ઉપકાર કરતો નથી, તો તેની આગળ હાથ કેવી રીતે પ્રસારું ? એના કરતાં ગૃહસ્થાશ્રમ

સ્વીકારવો ઉચિત છે આવો વિચાર નહીં કરવો, કેમ કે ગૃહવાસ બહુ સાવદ્ય છે. એટલે ગૃહવાસ શ્રેયસ્કર કેવી રીતે ? ૨૯

**પરેસુ ગાસમેસેજ્જા,**
**ભોયણે પરિનિટ્ઠિએ;**
**લદ્ધે પિંડે અલદ્ધે વા,**
**નાણુતપ્પેજ્જ પંડિએ. ૩૦**

ભ્રમરની પદ્ધતિથી ભોજનવેલામાં આહારની ગવેષણા કરે. અનિષ્ટ કે સ્વલ્પ આહારનો લાભ અથવા અપ્રાપ્તિ થતાં સાધુએ પશ્ચાત્તાપ ન કરવો. ૩૦

**અજ્જેવાહં ન લબ્ભામિ,**
**અવિ લાભો સુએ સિયા;**
**જો એવં પડિસંચિક્ખે,**
**અલાભો તં ન તજ્જએ. ૩૧**

ભલે આજે આહારનો લાભ નથી થયો પણ

આવતી કાલે થશે, આ પ્રમાણે જે વિચારે છે તેને અલાભ પરિષહ સંતાપિત કરતો નથી. ૩૧

**નચ્ચા ઉપ્પત્તિયં દુક્ખં,**
**વેયણાએ દુહટ્ટિએ;**
**અદીણો થાવએ પન્નં,**
**પુટ્ઠો તત્થડહિયાસએ. ૩૨**

ઉત્પન્ન જ્વર વગેરે રોગવાળો, વેદનાથી પીડિત થવા છતાંય દીનતા વગરનો બની, દુ:ખના કારણે ચલિત થતી બુદ્ધિને સ્વકર્મનું જ આ ફલ છે, એમ ચિંતવી સ્થિર બનાવે. આવી પ્રજ્ઞાની પ્રતિષ્ઠાવાળો રોગજન્ય દુ:ખને સહન કરે. ૩૨

**તેગિચ્છં નાભિનંદેજ્જા,**
**સંચિક્ખડત્તગવેસએ;**
**એતં ખુ તસ્સ સામણ્ણં,**
**જં ન કુજ્જા ન કારએ. ૩૩**

જિનકલ્પિક મુનિની અપેક્ષાએ ચારિત્ર રૂપ

આત્માની, તેના વિરોધી વિઘ્નોના રક્ષણ દ્વારા ગવેષણા કરનાર રોગ પ્રતિકારકરૂપ ચિકિત્સા ન કરે, કરાવે કે અનુમોદે, પરંતુ સમાધિપૂર્વક રહે. આ શ્રમણપણું તેને હોય છે. સ્થવીરકલ્પિક મુનિઓ તો પુષ્ટ આલંબનને ધ્યાનમાં રાખી જયણાથી ચિકિત્સા કરે, કરાવે પણ છે. ૩૩

**અચેલગસ્સ લૂહસ્સ, સંજયસ્સ તવસ્સિણો;**
**તણેસુ સયમાણસ્સ, હોજ્જા ગાયવિરાહણા.૩૪**

લુખા-કૃશ શરીરવાળા તપસ્વી, દર્ભ વગેરેમાં સુનાર કે બેસનાર, અચેલક સંયતને શરીરમાં તૃણસ્પર્શજન્ય પીડાના સહન દ્વારા તૃણસ્પર્શ પરિષહવિજય પ્રાપ્ત થાય છે. ૩૪

**આયવસ્સ નિવાએણં,**
**અઉલા હોઇ વેયણા;**
**એવં નચ્ચા ન સેવેંતિ,**
**તંતુજં તણતજ્જિયા.** ૩૫

ઘામ-તડકાના પડવાથી મોટી વેદના થાય તો પણ, કર્મક્ષયના અર્થી, દર્ભ વગેરેથી પીડિત મુનિ, વસ્ત્ર કંબલને નહીં સ્વીકારી, આર્તધ્યાનને નહીં કરતાં તૃણસ્પર્શ પરિષહને જીતે છે. ૩૫

**કિલિણગાતે મેહાવી, પંકેણ વ રએણ વા;**
**ઘિંસુ વા પરિયાવેણં, સાયં નો પરિદેવએ. ૩૬**

સ્નાનના ત્યાગરૂપ મર્યાદાવાળો મુનિ, ગ્રીષ્મ વગેરેમાં તાપથી પરસેવો ને પરસેવાથી પલળેલા મેલથી વ્યાપ્ત શરીર બનવાં છતાં, કેવી રીતે કે ક્યારે મેલ દૂર થવાથી સુખ થશે એવો પ્રલાપ-વિલાપ ન કરે. ૩૬

**વેએજ્જ નિજ્જરાપેહી આરિયં ધમ્મડણુત્તરં;**
**જાવ સરીરભેઓ ત્તિ, જલ્લં કાએણ ધારએ.૩૭**

આત્યંતિક કર્મક્ષયનો અભિલાષી, શુભ આચારમય સર્વોત્તમ શ્રુતચારિત્રરૂપ ધર્મને પામેલો મુનિ, દેહના અવસાન સુધી શરીર દ્વારા મેલને ધારી તેના પરીષહને જીતે. ૩૭

**અભિવાયણમબ્ભુટ્ઠાણં,**
**સામી કુજ્જા નિમંતણં;**
**જે તાઇં પડિસેવેન્તિ,**
**ન તેસિં પીહએ મુણી. ૩૮**

રાજા વગેરે વંદન -સ્તવન અભ્યુત્થાન કે આહાર વગેરે માટેનું આમંત્રણ કરે. તો પણ મુનિ બીજાઓની માફક અભિવાદન વગેરેની સ્પૃહા ન કરે, અર્થાત્ સત્કાર વગેરેનો વિચાર મનમાં ન કરે. ૩૮

**અણુક્કસાઇ અપ્પિચ્છે, અન્નાએસી અલોલુએ;**
**રસેસુ નાણુગિજ્ઝેજ્જા, નાણુતપ્પેજ્જ પણ્ણવં.૩૯**

નમસ્કાર વગેરે નહીં કરનાર પ્રત્યે ક્રોધ ન કરે અથવા સત્કાર વગેરે થતાં અહંકારી ન બને. તેમજ તે માટે માયા કે તેમાં આસક્તિ ન કરે, ધર્મોપકરણની જ માત્ર ઇચ્છાવાળો, જાતિ વગેરેથી અજ્ઞાત બની આહારનો ગવેષક રસના રસમાં લંપટતા વગરનો બની, મધુર વગેરે રસોની આશા ન

સેવે તથા વિવેકવાળી બુદ્ધિનો ધણી બનેલો બીજાઓને સત્કારતા જોઈ પશ્ચાત્તાપ ન કરે. ૩૯

**સે નૂણ મએ પુવ્વિં, કમ્માડનાણફલા કડા;**
**જેણાહં નાભિજાણામિ પુટ્ઠો કેણઇ કણ્હુઈ. ૪૦**

**અહ પચ્છા ઉઇજ્જન્તિ,**
**કમ્માડનાણફલા કડા;**
**એવમાસાસે અપ્પાણં,**
**નચ્ચા કમ્મવિવાગયં. ૪૧**

ચોક્કસ મેં પહેલાં જ્ઞાનનિંદા વગેરે કારણોથી અજ્ઞાનફલક જ્ઞાનાવરણીય કર્મો કર્યા છે, જેથી કોઈ એ મને જીવાદિ સુગમ વસ્તુનો પ્રશ્ન કર્યો હોવા છતાં હું જાણી જવાબ આપી શકતો નથી. બાંધેલા જ્ઞાનાવરણીય કર્મો અબાધાકાલ પછી દ્રવ્ય વગેરે નિમિત્તથી ઉદયમાં આવે છે અજ્ઞાનરૂપી ફલ આપે છે, માટે તેના નાશ માટે પ્રયત્ન કરવો જોઈએ, ન કે વિષાદ. આ પ્રમાણે કર્મોનો વિચિત્ર વિપાક જાણી

આત્માને સ્વસ્થ કરો, મુંઝવણમાં ન મૂકો અર્થાત્ જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમથી ઉત્કૃષ્ટ જ્ઞાનસંપત્તિમાં ગર્વ ન કરો. ૪૦-૪૧

**નિરત્થયમ્મિ વિરઓ,**
**મેહુણાઓ સુસંવુડો;**
**જો સક્ખં નાભિજાણામિ,**
**ધમ્મં કલ્લાણ પાવયં. ૪૨**

ફોગટ હું બ્રહ્મચારી. ઈન્દ્રિય-મનના સંવરવાળો બન્યો છું, કેમ કે હું સાક્ષાત્ રૂપે વસ્તુસ્વભાવ શુભ-અશુભને જાણી શકતો નથી. આ પ્રમાણેનો અજ્ઞાનતા ગર્ભિત વિચાર ભિક્ષુ ન કરે. ૪૨

**તવોવહાણમાદાય, પડિમં પડિવજ્જઓ;**
**એવં પિ વિહરઓ મે, છઉમં ન ણિયટ્ટઈ. ૪૩**

ભદ્ર, મહાભદ્ર વગેરે તપ, આગમના આરાધન રૂપ આયંબિલ વગેરે ઉપધાન આચારી, અભિગ્રવિશેષરૂપ માસિકી વગેરે પ્રતિમાનો સ્વીકાર

કરનારને, વિશિષ્ટ ચર્યાથી અપ્રતિબંધરૂપે વિચરવા છતાં જ્ઞાનાવરણીય વગેરે કર્મ દૂર ન થાય, તો પણ આ કષ્ટક્રિયાથી શું ? આવો સંકલ્પ ન કરે. ૪૩

**નત્થિ નૂણં પરે લોએ,**
**ઇટ્ટી વા વિ તવસ્સિણો;**
**અદુવા વંચિઓ મિ ત્તિ,**
**ઇઇ ભિક્ખૂ ન ચિંતએ. ૪૪**

ચોક્કસ પરલોક નથી અથવા તપસ્વી એવા મને તપોમાહાત્મ્યરૂપ ઋદ્ધિ નથી કે હું ભોગોથી ઠગાયો છું, એવો સાધુ વિચાર ન કરે. ૪૪

**અભૂ જિણા અત્થિ જિણા, અદુવા વિ ભવિસ્સઈ;**
**મુસં તે એવમાહંસુ, ઇઇ ભિક્ખૂ ન ચિંતએ. ૪૫**

કેવલીઓ ભૂતકાલમાં થયા છે, વર્તમાન-કાલમાં મહાવિદેહમાં છે અથવા ભવિષ્યકાલમાં ભરત વગેરેમાં થશે, એવું પણ તે યથાર્થવાદીઓ પૂર્વોક્ત પ્રકારથી અસત્ય કહે છે, એવો વિચાર ભિક્ષુ

ન કરે, કેમકે અનુમાન વગેરે પ્રમાણોથી સર્વજ્ઞની સિદ્ધિ સિદ્ધ છે. અથવા કેવલીઓએ જે પરલોક વગેરે કહ્યું છે, તે અસત્ય છે એવો વિચાર ન કરે અર્થાત્ જિન કે જિનકથિત વસ્તુ ત્રૈકાલિક સત્ય છે એમ વિચારે. ૪૫

**એએ પરીસહા સવ્વે,**
**કાસવેણ પવેઇયા;**
**જે ભિક્ખૂ ન વિહણ્ણેજ્જા,**
**પુટ્ઠો કેણઇ કણ્હુઈ.** ૪૬ ॥ ત્તિ બેમિ.॥

આ પૂર્વોક્ત તમામ પરિષહો કાશ્યપગોત્રી ભગવાન શ્રી મહાવીરસ્વામીએ કહેલ છે. જે આ પરિષહો જાણી, બાવીશમાંથી કોઈ એક પરિષહોથી બાધિત થયા છતાં, સાધુ ગમે તે દેશકાલમાં પરિષહોથી હારે નહીં. પરંતુ તેઓને જીતે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. ૪૬

(ઇઇ દુઇઅં પરીસહજ્ઝયણં સમત્તં ૨)

# ૩. શ્રી ચતુરંગીય અધ્યયન

**ચત્તારિ પરમંગાણિ, દુલ્લહાણીહ જન્તુણો;**
**માણુસત્તં સુઈ સદ્ધા, સંજમમ્મિ ય વીરિયં. ૧**

આ સંસારમાં પ્રાણીને. ધર્મના ચાર મુખ્ય કારણો જેમ કે ૧. મનુષ્યજન્મ, ૨. ધર્મનું શ્રવણ, ૩. ધર્મની શ્રદ્ધા, ૪. સંયમના વિષે સામર્થ્ય દુર્લભ છે. ૧

**સમાવણ્ણા ણ સંસારે,**
**નાણાગોત્તાસુ જાઇસુ;**
**કમ્મા નાણાવિહા કટ્ટુ,**
**પુઢો વિસ્સંભિયા પયા. ૨**

સંસારમાં નાનાવિધ નામવાળી ક્ષત્રિય વગેરે જાતિઓમાં જન્મેલ જનસમૂહ, નાનાવિધ કર્મો કરી કર્માધીન બની જુદા જુદા આકાશના પ્રત્યેક પ્રદેશોમાં જન્માદિ દ્વારા ફરે છે. અર્થાત્ મનુષ્ય જન્મ મેળવીને પણ પોતે કરેલ કર્મના પ્રભાવથી બીજી બીજી

ગતિઓમાં ભટકનાર જનસમૂહને ફરીથી મનુષ્યજન્મ દુર્લભ બની જાય છે. ૨

**એગયા દેવલોગેસુ, નરએસુ વિ એગયા;**
**એગયા આસુરં કાયં, આહાકમ્મેહિં ગચ્છઈ.૩**

પુણ્યના ઉદયકાલે સૌધર્મ વગેરે દેવલોકોમાં, પાપનાં ઉદયના કાલમાં રત્નપ્રભા વગેરે નરકોમાં, કોઈ વખત અસુરનિકાયમાં કર્મના અનુસારે અર્થાત્ દેવલોકાનુકૂલ સરાગ સંયમ, નરકગતિ-અનુકૂલ મહારંભ, અસુર નિકાયગતિ અનુકૂલ બાલતપ વગેરે ક્રિયાઓના અનુસારે પ્રાણીઓ તે તે ગતિમાં જાય છે. ૩

**એગયા ખત્તિઓ હોઇ,**
**તઓ ચંડાલ બુક્કસો;**
**તઓ કીડ પયંગો ય,**
**તઓ કુન્થૂ પિવીલિયા.** ૪

કદી જીવ રાજા બને છે, ત્યારબાદ ચંડાલ વર્ણાન્તર સંકર રૂપે જન્મેલ થાય છે. કદી કીડો

પતંગીયું બને છે. ત્યાંથી કદી કંથવા કીડી રૂપે જન્મે છે. અર્થાત્ ક્રમસર સઘળી ઊંચનીચ સંકીર્ણ જાતિઓ તથા સકલ તિર્યંચના ભેદો અહીં સમજવા. ૪

**એવમાવટ્ટજોણીસુ,**
**પાણિણો કમ્મકિબ્બિસા;**
**ન નિવ્વિજ્જન્તિ સંસારે,**
**સવ્વટ્ઠેસુ વ ખત્તિયા.** ૫

જેમ સઘળા સુવર્ણ વગેરે વૈભવો રાજાઓને ભોગવવા છતાં કંટાળો ઉપજતો નથી, તેમ વમલરૂપ ચોરાશી લાખ જીવાયોનિઓમાં ક્લિષ્ટ કર્મથી અધમ બનેલા જીવોને વારમવાર ભટકવાં છતાં, સંસારભ્રમણથી ક્યારે છૂટકારો થશે' એવો ઉદ્વેગ જાગતો નથી. બરોબર છે એટલે જ સંસારકર્મનો ક્ષય કરવા માટે જીવો ઉદ્યમ કરતા નથી. ૫

**કમ્મસંગેહિં સમ્મૂઢા,**
**દુક્ખિયા બહુવેયણા;**

**અમાણુસાસુ જોણીસુ,**
**વિણિહમ્મન્તિ પાણિણો.** ૬

કર્મના સંબંધોથી અવિવેકી, દુઃખવાળા ઘણી શારીરિક પીડાવાળા, નરક-તિર્યંચ-અભિયોગિક વગેરે દેવ દુર્ગતિ સંબંધી યોનિઓમાં જીવો પડે છે, પરંતુ તેનાથી ઉગરી શકતા નહીં હોવાથી મનુષ્યજન્મ દુર્લભ છે. ૬

**કમ્માણં તુ પહાણાએ, આણુપુવ્વી કયાઇ ઉ;**
**જીવા સોહિમણુપ્પત્તા, આયયંતિ મણુસ્સયં.** ૭

નરકગતિ વગેરેમાં લઈ જનાર અનંતાનુબંધિ વગેરે કર્મોનો ક્રમથી નાશ થવાથી, કદાચિત્ ક્લિષ્ટ કર્મોથી વિનાશ રૂપ શુદ્ધિને પામેલા જીવો મનુષ્યજન્મને પામે છે. ૭.

**માણુસ્સં વિગ્ગહં લદ્ધું, સુઈ ધમ્મસ્સ દુલ્લહા;**
**જં સોચ્ચા પડિવજ્જન્તિ, તવં ખંતિમહિંસયં.** ૮

મનુષ્યના શરીરને મેળવવા છતાં આળસ

વગેરે કારણોથી ધર્મનું શ્રવણ દુર્લભ છે. જે ધર્મને સાંભળી, ભવ્યો તપ, ક્રોધ વગેરે કષાયનો વિજય, અહિંસા વગેરે વ્રતોને પામે છે. ૮

**આહચ્ચ સવણં લદ્ધું, સદ્ધા પરમદુલ્લહા;**
**સોચ્ચા ણેઆઉયં મગ્ગં, બહવે પરિભસ્સઈ.૯**

કદાચ મનુષ્યજન્મ, ધર્મનું શ્રવણ થવા છતાં ધર્મરુચિરૂપ શ્રદ્ધા અત્યંત દુર્લભ છે, કેમ કે ન્યાયસંપન્ન, સમ્યગ્દર્શન વગેરે મોક્ષમાર્ગને સાંભળવા છતાં ઘણા જીવો મોક્ષમાર્ગથી પડી જાય છે. ૯

**સુઇ ચ લદ્ધું સદ્ધં ચ, વીરિયં પુણ દુલ્લહં;**
**બહવે રોયમાણા વિ, નો ય ણં પડિવજ્જઇ.૧૦**

મનુષ્યજન્મ, ધર્મનું શ્રવણ ધર્મની શ્રદ્ધા થવા છતાં સંયમપાલનમાં વીર્યવિશેષ દુર્લભ છે, કેમ કે ઘણા, ધર્મશ્રદ્ધાલુ હોવા છતાં ચારિત્રમોહનીય કર્મોના ઉદયથી શ્રેણિક વગેરેની માફક સંયમને સ્વીકારી શકતા નથી. ૧૦

**માણુસત્તમ્મિ આયાઓ, જો ધમ્મં સોચ્ચ સદ્દહે;**
**તવસ્સી વીરિયં લદ્ધું, સંવુડો નિદ્ધુણે રયં.૧૧**

મનુષ્યના શરીરમાં આવેલો જે જીવ ધર્મ સાંભળી શ્રદ્ધાવાળો બને છે, તે પ્રશસ્ત તપવાળો સંયમમાં ઉદ્યમ રૂપ વીર્ય મેળવી, આશ્રવદ્વારોને બંધ કરનારો, બંધાયેલ અને બંધાતા કર્મરૂપ રજને સાફ કરી મુક્તિકમલાને વરે છે. ૧૧

**સોહી ઉજ્જુયભૂયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઈ;**
**નિવ્વાણં પરમં જાઇ, ઘયસિત્તે વ પાવએ. ૧૨**

મનુષ્યજન્મ વગેરે મેળવી મુક્તિ તરફ પ્રગતિ કરનાર સરલ આત્માને કષાયની કાલિમાના નાશરૂપ શુદ્ધિ હોય છે. શુદ્ધ ક્ષમાદિ ધર્મ નિશ્ચલરૂપે રહે છે. તે આત્મા અહીં ઘી થી સિંચાયેલ અગ્નિની માફક તપસ્તેજથી જાજ્વલ્યમાન બનેલો, ઉત્કૃષ્ટ જીવન્મુક્તિરૂપ નિર્વાણનો અનુભવ કરે છે. ૧૨

**વિગિંચ કમ્મુણો હેઉં,**
**જસં સંચિણુ ખંતિએ;**
**પાઢવં સરીરં હિચ્ચા,**
**ઉડ્ઢં પક્કમઈ દિસં. ૧૩**

હે શિષ્ય ! મનુષ્યજન્મ વગેરેના રોકનાર કર્મના હેતુરૂપ મિથ્યાત્વ વગેરેને દૂર કરો ! તથા ક્ષમા વગેરેથી યશસ્કર સંયમ કે વિનયને પુષ્ટ કરો ! આમ કરવાથી પાર્થિવ-ઔદારિક શરીર છોડી અપુનઃ આવૃત્તિરૂપે ઉર્ધ્વદિશા-મોક્ષ તરફ પ્રસ્થાન કરે છે. ૧૩

**વિસાલિસેહિં સીલેહિં, જક્ખા ઉત્તરઉત્તરા;**
**મહાસુક્કા વ દિપ્પંતા, મણ્ણંતા અપુણચ્ચયં.૧૪**

**અપ્પિયા દેવકામાણં, કામરૂવવિઉવ્વિણો;**
**ઉડ્ઢં કપ્પેસુ ચિટ્ઠન્તિ, પુવ્વા વાસસયા બહૂ.૧૫**

આગળ આગળ શ્રેષ્ઠ, અત્યંત ઉજ્જવલતાએ ચંદ્ર-સૂર્ય જેવા પ્રકાશતા, વિશિષ્ટ કામ વગેરેના પ્રાપ્તિજન્ય સુખ સાગરમાં ડુબેલા અને લાંબી સ્થિતિ

હોઈ મનમાં તિર્યંચ આદિમાં ઉત્પત્તિના અભાવને માનતા, પૂર્વકૃત પુણ્યે જાણે, દિવ્ય અંગના સ્પર્શ વગેરે દેવભોગોને સમર્પિત કરેલા, ઈચ્છા પ્રમાણે રૂપ વગેરે કરવાની શક્તિવાળા દેવો પોતપોતાના ચારિત્રમોહનીય કર્મક્ષયોપશમના અનુસારે અસમાન-ભિન્ન ભિન્ન વ્રતપાલનરૂપ વિશિષ્ટ અનુષ્ઠાનો દ્વારા ક્રમસર સૌધર્મ વગેરે બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર કલ્પોમાં સ્વ-સ્વ આયુષ્યની સ્થિતિનો અનુભવ કરે છે. ૧૪-૧૫

**તત્થ ઠિચ્ચા જહાઠાણં,**<br>**જક્ખા આઉક્ખએ ચુયા;**<br>**ઉવેન્તિ માણુસં જોણિં,**<br>**સે દસંગેડભિજાયઈ.** ૧૬

સૌધર્મ વગેરે દેવલોકમાં સ્વ-અનુષ્ઠાનના અનુસારે મળેલ ઈન્દ્ર વગેરે સ્થાનમાં રહી, દેવો આયુષ્યના ક્ષય બાદ ત્યાંથી ચ્યવીને મનુષ્યજન્મમાં આવે છે ત્યાં અવશિષ્ટ પુણ્યના અનુસારે દશ જાતના

ભોગના ઉપકરણો મેળવે છે. ૧૬

**ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પસવો દાસ-પોરુસં;**
**ચત્તારિ કામખન્ધાણિ, તત્થ સે ઉવવજ્જઇ.૧૭**

ક્ષેત્ર, મકાનો, સોનું વગેરે ધાતુઓ, પશુઓ, નોકરો, ચતુરંગી સેના તથા શબ્દ વગેરે મનોહર કામભોગના હેતુરૂપ પુદ્ગલસમુદાય જે કુલમાં હોય તે કુલમાં દેવો ઉત્પન્ન થાય છે. ૧૭

**મિત્તવં નાયવં હોઇ, ઉચ્ચાગોએ ય વણ્ણવં;**
**અપ્પાયંકે મહાપન્ને, અભિજાએ જસો બલે.૧૮**

૨ મિત્રોવાળો, ૩ સ્વજનવાળો, ૪ ઉંચા ગોત્રવાળો, ૫ પ્રશસ્ત શરીરની કાન્તિવાળો, ૬ નિરોગી, ૭ મહાન પ્રતિભાવાળો, ૮ વિનીત, ૯ યશસ્વી, ૧૦ કાર્ય કરવામાં સામર્થ્યવાળો થાય છે. આ પ્રમાણે દેવ દશ અંગવાળો મનુષ્ય બને છે. ૧૮

**ભોચ્ચા માણુસ્સએ ભોએ,**
**અપ્પડિરૂવે અહાઉયં;**

પુવ્વં વિસુદ્ધસદ્ધમ્મે,
કેવલં બોહિ બુજ્ઝિયા. ૧૯
ચઉરંગં દુલ્લહં મત્તા, સંજમં પડિવજ્જિયા;
તવસા ધુયકમ્મંસે, સિદ્ધે હવઇ સાસએ. ૨૦
॥ ત્તિ બેમિ.॥

આયુષ્ય પ્રમાણે મનુષ્યના અનુપમ-મનોહર શબ્દ વગેરે ભોગો ભોગવીને, પૂર્વજન્મમાં નિદાન વગેરેનો હોઈ સમ્યગ્ ધર્મવાળો, નિષ્કલંક જિનકથિતધર્મ પ્રાપ્તિરૂપ બોધિનો અનુભવ કરીને, પૂર્વોક્ત મનુષ્યત્વ વગેરે ચાર અંગોને દુર્લભ જાણી, સર્વ સાવદ્ય વિરતિરૂપ સંયમ આચરી, બાહ્ય-અભ્યંતર તપથી સકલ કર્મના અંશોનો ક્ષય કરી શાશ્વત સિદ્ધ બને છે. હે જંબૂ! આ પ્રમાણે હું કહું છું. ૧૯-૨૦

(ઇઇ ચાઉરંગિજ્જં ણામ તઇઅં અજ્ઝયણં ૩)

# ૪. શ્રી પ્રમાદ-અપ્રમાદ અધ્યયન

**અસંખયં જીવિય મા પમાયએ,**
**જરોવણીયસ્સ હુ નત્થિ તાણં;**
**એવં વિયાણાહિ જણે પમત્તે,**
**કિન્નુ વિહિંસા અજયા ગહિંતિ. ૧**

આ આયુષ્ય, સેંકડો પ્રયત્નોથી વધારી કે તૂટેલું તે સાંધી શકાતું નથી. તેથી ચાર અંગો મેળવ્યા પછી પ્રમાદ ન કરો ! જો પ્રમાદ કરશો તો ફરીથી ચાર અંગો દુર્લભ છે. વળી ઘરડાને ઘડપણ દૂર કરનાર શરણ નથી અથવા ઘરડો ધર્મ કરી શકતો નથી, માટે ઘડપણ આવ્યા પહેલાં ધર્મ કરવામાં પ્રમાદ ન કરો. પ્રમાદી, પાપસ્થાનોને સેવનારા, વિવિધ હિંસા કરનારા જીવો, દુઃસ્થાન નરક વગેરેના મહેમાન બને છે. કોઈ તેઓને બચાવી શકતું નથી, માટે ધર્મમાં પ્રમાદ ન કરો. ૧

**જે પાવકમ્મેહિ ધણં મણુસ્સા,**
**સમાયયન્તી અમઈં ગહાય;**
**પહાય તે પાસ પયટ્ટિએ નરે,**
**વેરાણુબદ્ધા નરયં ઉવેંતિ. ૨**

જે મનુષ્યો ધનની મહત્તાનો નિર્ણય કરી પાપકર્મો કરી ધન કમાય છે. તે સ્ત્રીપાશમાં બંધાયેલા પુરુષો ધનને છોડી, વૈરની પરંપરાવાળા રત્નપ્રભા વગેરે નરકના પ્રતિ પ્રસ્થાન કરે છે. ૨

**તેણે જહા સંધિમુહે ગહીએ,**
**સકમ્મુણા કિચ્ચઇ પાવકારી;**
**એવં પયા પેચ્ચ ઇહં ચ લોએ,**
**કડાણ કમ્માણ ન મોક્ખ અત્થિ. 3**

જેમ પાપ કરનાર ચોર, ખાતર પાડતાં ચોરી કરતાં પકડાઈ જતાં તેને પકડનારાઓ કાપી મારી નાખે છે. તેમ જીવ, આ લોક પરલોકમાં પોતે કરેલ કર્મ અને એ કર્મે કરેલ વિવિધ બાધાઓથી પીડાય

છે. કેમ કે, કરેલા કર્મોને ભોગવ્યા સિવાય છુટકો નથી. ૩

**સંસારમાવન્ન પરસ્સ અટ્ઠા,**
**સાહારણં જં ચ કરેઇ કમ્મં;**
**કમ્મસ્સ તે તસ્સ ઉ વેયકાલે,**
**ન બંધવા બંધવયં ઉવેંતિ. ૪**

ઊંચ-નીચ જીવાયોનિમાં ભ્રમણરૂપ સંસારને પામેલો જીવ, પુત્ર, સ્ત્રી વગેરે બીજાઓ માટે અથવા સ્વ-પર નિમિતે જે ખેતી વગેરે કર્મ કરે છે, પણ તે કર્મના ઉદયકાલમાં સ્વજનો બંધુતા બતાવતા નથી. અર્થાત્ તે કર્મો તો પોતાને એકલાને જ ભોગવવાં પડે છે. ૪

**વિત્તેણ તાણં ન લભે પમત્તે,**
**ઇમમ્મિ લોએ અદુવા પરત્થા;**
**દીવપ્પણટ્ઠે વ અણંતમોહે,**
**નેયાઉયં દટ્ઠુમદટ્ઠુમેવ. ૫**

પ્રમાદમાં ફસેલા જીવને આ જન્મમાં કે પરભવમાં ધન, પોતે કરેલ કર્મથી રક્ષણ આપતું નથી. જેમ દીવાના બૂઝાઈ જવાથી જોયેલી વસ્તુ નહીં જોયેલી જ બની જાય છે, તેમ મિથ્યાજ્ઞાનરૂપ કે દ્રવ્યાદિ-મોહરૂપ અનંતમોહવાળો, સમ્યગ્-દર્શનાદિ-રૂપ મોક્ષમાર્ગ મેળવનારો છતાં નહીં મેળવનારો જ બની જાય છે. અર્થાત્ ફક્ત ધન સ્વરક્ષાક નથી બનતું, એટલું જ નહીં પણ મુશ્કેલીથી મેળવેલ રક્ષાણ હેતુ સમ્યગ્દર્શન વગેરેનો પણ વિનાશ કરે છે. ૫

**સુત્તેસુ યાવી પડિબુદ્ધજીવી,**
**ન વીસસે પણ્ડિય આસુપન્ને;**
**ઘોરા મુહુત્તા અબલં સરીરં,**
**ભારંડપક્ખી વ ચરેઽપમત્તો.** ૬

ઘણા લોકો દ્રવ્યભાવથી સુષુપ્ત છતાં, વિવેકી જીવ ત્યાં સુધી દ્રવ્યભાવથી જાગૃતિવાળો રહે છે કે મુહૂર્ત, દિવસ વગેરે કાલવિશેષો, નિરંતર પણ પ્રાણાપહારી

હોઈ ભયંકર છે. વળી મૃત્યુદાયી મુહૂર્ત વગેરેને દૂર કરવાને કે સહવાને શરીર અસમર્થ છે. માટે શીઘ્ર પ્રજ્ઞાવાળા પંડિતે, 'બહુજનના આદરભાવને પામેલા પ્રમાદો અનર્થકારી નથી.' એમ માની પ્રમાદોમાં વિશ્વાસ ન રાખવો જોઈએ. માટે જ ભારંડપંખીની માફક અપ્રમત્ત બની વિચરવું જોઈએ. ૬

**ચરે પયાઇ પરિસંક્રમાણો,**
**જં કિંચિ પાસં ઇહ મન્નમાણો;**
**લાભન્તરે જીવિય બૂહઇત્તા,**
**પચ્છા પરિણ્ણાય મલાવધંસી. ૭**

જે કાંઈ દુર્ધ્યાન વગેરે પ્રમાદસ્થાનને પાશની માફક બંધ હેતુરૂપે માનતા, સંયમની વિરાધના ન થાય એ રીતે મુનિએ ચાલવું જોઈએ. સમ્યગ્દર્શન વગેરે ગુણોના લાભ સુધી જીવનનું રક્ષણસંવર્ધન કરી, હવે વિશિષ્ટ ગુણ નિર્જરા, ધર્મધ્યાન વગેરે લાભ થવો અશક્ય છે, એમ જાણી ભક્ત-

પ્રત્યાખ્યાનપૂર્વક સર્વથા જીવનનિરપેક્ષ થઈ કર્મ-મલનો નાશ કરનાર થવું જોઈએ. ૭

**છન્દં નિરોહેણ ઉવેઇ મોક્ખં,**
**આસે જહા સિક્ખિય-વમ્મધારી;**
**પુવ્વાઇ વાસાઇં ચરઽપ્પમત્તો,**
**તમ્હા મુણી ખિપ્પમુવેઇ મોક્ખં. ૮**

જેમ ઘોડો કેળવાયેલો કવચધારી વિજેતા બને છે, તેમ મુનિ ગુરુપારતંત્ર્ય સ્વીકારી, નિરાગ્રહી બની નિષ્કષાયી સંપૂર્ણ સંયમધારી હોઈ મોક્ષ પામે છે. તેથી સ્વચ્છંદતા છોડી પ્રમાદ માટે આચરણથી મુનિ મુક્તિને મેળવે છે. વાસ્તે હે મુનિ ! પૂર્વ વર્ષો સુધી પણ અપ્રમત્ત બની વિચરજે. ૮

**સ પુવ્વમેવં ન લભેજ્જ પચ્છા,**
**એસોવમા સાસયવાઇયાણં;**

**વિસીયઈ સિઢિલે આઉયમ્મિ,**
**કાલોવણીએ સરીરસ્સ ભેએ.** ૯

જે પહેલેથી જ અપ્રમત્ત ન હોય તે અંત્યકાલે પણ પૂર્વની જેમ અપ્રમાદને ન પામી શકે. 'અમે પછીથી ધર્મ કરીશું.' આવી ધારણા, કદાચ નિરૂપક્રમ આયુષ્યવાળા હોઈ પોતાને શાશ્વત તરીકે માન્યતાવાળાઓને યુક્ત થાય, પણ પાણીના પરપોટા જેવા આયુષ્યવાળાઓ તો ઉત્તરકાલમાં સ્વચ્છંદતાના નિરોધ નહીં પામતા હોઈ ખેદ પામે છે. આત્મપ્રદેશોને છોડનાર આયુષ્ય થાય કે મૃત્યુના આવ્યા પહેલાં, શરીરથી છૂટા થતાં પહેલાં આત્માએ પ્રમાદનો પરિહાર કરવો જોઈએ. ૯

**ખિપ્પં ન સક્કેઇ વિવેગમેઉં,**
**તમ્હા સમુટ્ઠાય પહાય કામે;**
**સમેચ્ચ લોગં સમયામહેસી,**
**અપ્પાણરક્ખી ચર મપ્પમત્તો.** ૧૦

તત્કાલ સર્વ સંગત્યાગ કે કષાયત્યાગરૂપ વિવેક પામી શકાતો નથી, માટે 'હું પછીથી ધર્મ કરીશ.' આવા આલસના ત્યાગપૂર્વક ઉદ્યમ કરી, કામભોગોને છોડી, પ્રાણી સમૂહરૂપ લોકના તરફ સમદૃષ્ટિ રાખી, મોક્ષાભિલાષી બની કુગતિગમન વગેરેથી આત્માને બચાવી, અપ્રમત્તપણે પ્રગતિ સાધવી જોઈએ. ૧૦

**મુહું મુહું મોહગુણે જયન્તં,**
**અણેગરૂવા સમણં ચરન્તં;**
**ફાસા ફુસન્તી અસમંજસં ચ,**
**ન તેસુ ભિક્ખૂ મણસા પઉસ્સે. ૧૧**

વારંવાર મોહક શબ્દ વગેરેને જીતનાર, સંયમમાર્ગમાં વિચરનાર મુનિ, વિવિધ પ્રકારવાળા પ્રતિકૂલ શબ્દ વગેરે વિષયોની ઉપસ્થિતિમાં મનથી પણ દ્વેષ ન કરે અર્થાત્ જેમ અનુકૂલ વિષયોમાં રાગન કરે તેમ અનિષ્ટ વિષયોમાં દ્વેષ ન કરે. ૧૧

મન્દા ય ફાસા બહુલોહણિજ્જા,
તહપ્પગારેસુ મણં ન કુજ્જા;
રક્ખિજ્જ કોહં વિણએજ્જ માણં,
માયં ન સેવેજ્જ પયહિજ્જ લોહં. ૧૨

વિવેકીને અવિવેકી બનાવનાર, ચિત્તાકર્ષક કોમલ સ્પર્શ મધુર રસ વગેરેમાં મુનિ મન મૂકે નહીં તથા ક્રોધને વારે, અહંકારને દૂર કરે, માયા ન સેવે અને આસક્તિને છોડે. ૧૨

જે સંખયા તુચ્છપરપ્પવાઈ,
તે પિજ્જ-દોસાણુગયા પરજ્ઝા;
એએ અહમ્મે ત્તિ દુગુંછમાણો,
કંખે ગુણે જાવ સરીરભેઓ. ૧૩ ॥ ત્તિ બેમિ.॥

જે બાહ્ય શુદ્ધિવાળાઓ, તત્ત્વને નહીં જાણનારા અને યથેચ્છ બોલનારા હોઈ તુચ્છ પરતીર્થિકો છે, તેઅનંતાનુંબંધી રાગ-દ્વેષવાળા

જાણવા. આ તથાવિધ રાગ-દ્વેષવાળા, અધર્મના હેતુ હોઈ અધર્મ છે એમ તેના સ્વરૂપને સમજી, તેઓની નિંદાના પરિહારપૂર્વક મરણ સુધી, જિન-આગમમાં કહેલ જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણોની અભિલાષા મુનિ કરે. આ પ્રમાણે હે જંબૂ! હું કહું છું. ૧૩

(ઇઇ અસંખયં ચઉત્થં અજઝયણં સમત્તં ૪)

● ● ●

# ૫. શ્રી અકામમરણીય અધ્યયન

**અણ્ણવંસિ મહોહંસિ, એગે તિણ્ણે દુરુત્તરં;**
**તત્થ એગે મહાપન્ને, ઇમં પણ્હમુદાહરે. ૧**

જન્મપરંપરાના પ્રવાહવાળા, દુઃખે ઉતરી શકાય દુસ્તર, સમુદ્ર જેવા અપાર સંસારમાં રાગ વગેરે રહિત એકલો કાંઠે આવી પહોંચેલો થાય છે. અજોડ પરમૈશ્વર્યવાળા કેવલજ્ઞાનવાળા પરમાત્માએ એકલાએ, દુરુત્તર સંસારમાં, વિશિષ્ટ સભામાં આ હવે પછી કહેવાતા પૂછવા યોગ્ય વિષયના પ્રશ્નનું સમાધાન કરેલ છે. ૧

**સન્તિ મે ય દુવે ઠાણા,**
**અક્ખાયા મરણન્તિયા;**
**અકામમરણં ચેવ,**
**સકામમરણં તહા. ૨**

મરણ સમયે થયેલ (મારણાંતિક) આ બે

સ્થાનો ભગવંતોએ કહેલ છે. (૧) અકામ મરણ, (૨) સકામમરણ. ૨

**બાલાણં તુ અકામં તુ, મરણં અસઇં ભવે;**
**પંડિયાણં સકામં તુ, ઉક્કોસેણ સઇં ભવે. ૩**

સત્-અસત્ વિવેક વગરના બાલ જીવોને અકામ મરણ વારંવાર થાય છે. પંડિત-ચારિત્રવંતોને સકામમરણ હોય છે. ઉત્કૃષ્ટ રીતે કેવલીને સકામમરણ એકવાર અને જઘન્ય અપેક્ષાએ બાકીના ચારિત્રવંતોને સાત કે આઠ વાર હોય છે. ૩

**તત્થિમં પઢમં ઠાણં, મહાવીરેણ દેસિયં;**
**કામગિદ્ધે જહા બાલે, ભિસં કૂરાઇં કુવ્વઇ. ૪**

ત્યાં મરણના બે સ્થાનો પૈકી આ કહેવાતું પહેલું સ્થાન, ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ કહ્યું છે કે-ઇચ્છાવાળો કે વિષયાસક્ત અવિવેકી બાલ જીવ, અત્યંત જીવહિંસા વગેરે ક્રુર કર્મો, શરીરાદિની શક્તિ હોય તો શક્તિથી કરે છે. તે ક્રૂર

કર્મો કરી મરવાની ઈચ્છા વગર જ મરે છે. ૪

**જે ગિદ્ધે કામ-ભોગેસુ, એગે કૂડાય ગચ્છઈ;**
**ન મે દિટ્ઠે પરે લોએ, ચક્ખુદિટ્ઠા ઇમા રઈ.૫**

જે કામભોગોમાં લંપટ કોઈ અત્યંત ક્રુર કર્મો કરનાર, અસત્ય ભાષણ વગેરે ભાવ-બંધનમાં આવેલો બોલે છે કે - "ગત-આગામી જન્મરૂપ પરલોક મેં જોયો નથી, વિષયોની આનંદકારી મોજ નજરે જોયેલ છે. તો જોયેલાનો ત્યાગ અને નહીં જોયેલાની યાચના કરી મારી જાતને કેમ ઠગું ?" ૫

**હત્થાગયા ઇમે કામા,**
**કાલિયા જે અણાગયા;**
**કો જાણઇ પરે લોએ,**
**અત્થિ વા નત્થિ વા પુણો.** ૬

આ પ્રત્યક્ષરૂપે અનુભવાતા સ્વાધીન હસ્તગત થયેલ કામભોગો છે, પરંતુ ભવિષ્યમાં થનારા કામભોગો અનિશ્ચિત લાભવાળા છે. કોણ જાણે

પરલોક છે કે નહિ ? અર્થાત્ સંદેહવાળો પરલોક, હોવા છતાં કોણ પ્રત્યક્ષ કામભોગોને છોડી ભવિષ્યના કામભોગો માટે પ્રયત્ન કરે ? આવો અકામમરણવાળા બાલ જીવોનો અભિપ્રાય હોય છે. ૬

**જણેણ સદ્ધિં હોક્ખામિ, ઇઇ બાલે પગબ્ભઈ;**
**કામ-ભોગાણુરાગેણં, કેસં સંપડિવજ્જઈ. ૭**

ઘણા લોકો ભોગાસક્ત છે તો હું પણ તે જ રસ્તે ચાલીશ' આવા અભિપ્રાયવાળો બાલ જીવ આવી ધીટ્ઠાઈ ધારણ કરે છે. અસત્ય બોલી સ્વયં નષ્ટ થયેલ, બીજાઓનો નાશ કરનાર, કામભોગના પ્રચંડ અનુરાગથી આલોક પરલોકમાં અનંત દુઃખોને પામે છે. ૭

**તઓ સે દણ્ડં સમારભઈ, તસેસુ થાવરેસુ ય;**
**અટ્ઠાએ ય અણટ્ઠાએ, ભૂયગામં વિહિંસઈ. ૮**

તે બાલ જીવ, કામભોગના તીવ્ર અનુરાગથી

ઘીટ્ટો બનેલો, બેઇન્દ્રિય વગેરે ત્રસ જીવો, પૃથ્વી વગેરે સ્થાવર જીવો પ્રત્યે સાર્થક-નિરર્થક મન-વચન-કાયાથી દુઃખદાયી અશુભ પ્રયોગો કરે છે, એટલું જ નહીં પરંતુ પ્રાણીસમુદાયની અનેક પ્રકારે હિંસા કરે છે. ૮

**હિંસે બાલે મુસાવાઈ માઇલ્લે પિસુણે સઢે;**
**ભુંજમાણે સુરં મંસં, સેયમેયં તિ મન્નઈ. ૯**

વળી આ બાલ જીવ હિંસક, મૂર્ખ, અસત્યવાદી, કપટી, બીજાના દોષોને પ્રગટ કરનાર, વેષપલ્ટો કરી પોતાને જુદા સ્વરૂપમાં દર્શાવનાર, દારૂડિયો અને માંસભોજી બની પાછો માને છે કે-'હું બહુ સારું કરી રહ્યો છું.' તેવું બોલે છે. ૯

**કાયસા વયસા મત્તે, વિત્તે ગિદ્ધે ય ઇત્થિસુ;**
**દુહઓ મલં સંચિણઈ, સિસુનાગો વ્વ મટ્ટિયં.૧૦**

મન-વચન-કાયાથી મદોન્મત્ત, ધન તેમજ સ્ત્રીજનમાં આસક્ત બની તીવ્ર રાગ-દ્વેષથી આઠ

પ્રકારનાં ચીકણાં કર્મ બાંધે છે. જે શિશુનાગ માટીને ખાય છે એટલે અંદર માટીથી અને ચીકણું શરીર હોવાથી બહારથી પણ માટીથી રગદોળાયેલ હોય છે તથા તેના ઉપર સૂર્યના કિરણો પડવાથી માટી સુકાતાં આ જન્મમાં દુઃખી થાય છે. તેમ બાલજીવ ચીકણાં કર્મ બાંધી અંતે દુઃખી થાય છે. ૧૦

**તઓ પુટ્ઠો આયંકેણં, ગિલાણો પરિતપ્પઈ;**
**પભીઓ પરલોગસ્સ, કમ્માણુપ્પેહિ અપ્પણો.૧૧**

પાપકર્મોનો સંચય કર્યા બાદ જ્યારે બાલજીવ, જીવલેણ શૂલ, વિસૂચિકા વગેરે રોગથી ઘેરાયેલો, માંદો પડેલો ખેદ કરે છે. પોતે કરેલી હિંસા વગેરે ચેષ્ટાનો વિચાર કરતાં પરલોકથી અત્યંત ડરેલો પસ્તાવો કરે છે કે - 'મેં જરાય પણ શુભકાર્ય નથી કર્યું, હંમેશાં પોતાને અમર માની કુચેષ્ટા કરવામાં બાકી નથી રાખ્યું. હવે પરલોકમાં મૃત્યુ બાદ કુકર્મોનું પરિણામ ભોગવવું જ પડશે.' ૧૧

**સુયા મે નરએ ઠાણા, અસીલાણં ચ જા ગઈ;**
**બાલાણં કૂરકમ્માણં, પગાઢા જત્થ વેયણા.૧૨**

મેં નરકમાં કુંભી, વૈતરણી વગેરે સ્થાનો સાંભળ્યાં છે, વળી દુરાચારી જીવોની નરક વગેરે ગતિ થાય છે એ પણ સાંભળ્યું છે તથા જે નરકાદિ ગતિમાં ક્રૂર કર્મવાળા અજ્ઞાની જીવોને ઉત્કૃષ્ટ શીત-ઉષ્ણ વગેરે વેદનાઓ થાય છે એ પણ સાંભળ્યું છે. તથાવિધ ક્રિયાવાળા મારી તેવી જ ગતિ થશે એમ પરિતાપ કરે છે. ૧૨

**તત્થોવવાઇયં ઠાણં, જહા મે તમણુસ્સુયં;**
**આહાકમ્મેહિં ગચ્છન્તો, સો પચ્છા પરિતપ્પઈ.૧૩**

તે નરકોમાં ઔપપાતિક જન્મ હોવાથી અંતર્મુહૂર્ત પછી તરત જ મહાવેદનાનો ઉદય ચાલુ થાય છે. અવિરત વેદના પલ્યોપમ-સાગરોપમ કે જેટલું આયુષ્ય હોય તેના છેડા સુધી રહે છે. અહીં અકાલ મૃત્યુ નથી, આવું આવું ગુરુ પાસેથી

સાંભળેલું વિચારતો તે બાલ જીવ, કર્મના અનુસારે તે પ્રકારના સ્થાનમાં જતો પસ્તાવો કરે છેકે 'દુષ્ટકર્મકારી મને ધિક્કાર હો ! હવે હું કમનશીબ શું કરું ?' ૧૩

**જહા સાગડિઓ જાણં,**
**સમં હેચ્ચા મહાપહં;**
**વિસમં મગ્ગમોઇણ્ણો,**
**અક્ખે ભગ્ગમ્મિ સોયઈ. ૧૪**

**એવં ધમ્મં વિઉક્કમ્મ, અહમ્મં પડવજ્જિયા;**
**બાલે મચ્ચુમુહં પત્તે, અક્ખે ભગ્ગે વ સોયઈ.૧૫**

જેમ ગાડાવાળો, કાંકરા વગેરે વગરના સમમાર્ગને જાણવા છતાં રાજમાર્ગને છોડી, ખાડા-ટેકરાવાળા વિષમ માર્ગે જાય છે. તો ખાડા વગેરેમાં પડવાને કારણે ધરી તૂટી જતાં શોક કરે છે કે - 'મને ધિક્કાર છે, કેમ કે જાણીને હું કષ્ટ પામ્યો છું' તેમ ગાડા હાંકનારની માફક સદાચારરૂપ ધર્મનું ઉલ્લંઘન

કરી હિંસા વગેરે અધર્મને સ્વીકારી બાલ જીવ, મૃત્યુમુખમાં આવેલો આયુની ધરી તૂટી જતાં ગાડાવાળાની માફક પસ્તાવો કરે છે કે - 'હા મેં શું કર્યું ?' ૧૪-૧૫

**તઓ સે મરણંતમ્મિ, બાલે સંતસઈ ભયા;**
**અકામમરણં મરઇ, ધુત્તે વ કલિણા જિએ.૧૬**

અસાધ્યરોગની ઉત્પત્તિમાં પસ્તાવા બાદ મરણનો છેડો ઉપસ્થિત થતાં બાલ જીવ, નરકગતિમાં જવાના ભયથી ડરે છે. ૧૬

**એયં અકામમરણં, બાલાણં તુ પવેઇયં;**
**એત્તો સકામ મરણં, પંડિયાણં સુણેહ મે. ૧૭**

આ અકામરણ બાલ જીવોને હોય છે, એમ શ્રી તીર્થંકર વગેરે ભગવંતોએ કહેલ છે. હવે પછી પંડિતોને સકામમરણ હોય છે, આ વિષયને મારી પાસેથી તમે સાંભળો. ૧૭

**મરણં પિ સપુણ્ણાણં, જહા મે તમણુસ્સુયં;**
**વિપ્પસન્નમણાઘાયં, સંજયાણ વુસીમઓ.** **૧૮**

પુણ્યશાલી, ચારિત્રધારી અને ઇન્દ્રિયવિજેતા જીવોનું મરણ પણ જે પૂર્વોક્ત પંડિતમરણ છે, તે વિવિધ ભાવના વગેરે પ્રકારોથી પ્રસન્ન ચિત્ત સંબંધી મરણ પણ વિપ્રસન્ન તથા વશિષ્ટ યતના હોવાથી પર પ્રાણીઓને પીડા નહીં હોવાથી તથા વિધિપૂર્વક શરીરની સંલેખના કરેલ હોઈ આત્માનો આઘાત નહીં હોવાથી આઘાત વગરનું હોય છે. ૧૮

**ન ઇમં સવ્વેસુ ભિક્ખૂસુ,**
**ન ઇમં સવ્વેસુ ગારિસુ;**
**નાણાસીલા અગારત્થા,**
**વિસમસીલા ય ભિક્ખૂણો.** **૧૯**

આ પંડિતમરણ, સમસ્ત સાધુઓમાં કે સમસ્ત ગૃહસ્થોમાં સંભવતું નથી, પરંતુ કેટલાક પુણ્યશાલી ભાવસાધુઓ તથા સર્વવિરતિના

પરિણામવાળા ગૃહસ્થોને સંભવે છે. અર્થાત્ અનેક પ્રકારના ભાંગાવાળી દેશવિરતિ હોવાથી નાનાશીલ ગૃહસ્થો કહેવાય છે અને નિદાન વગરના, પૂર્ણ શુદ્ધ ચારિત્રવાળા સર્વ સાધુઓ નથી હોતા એટલે વિષમ આચારવાળા સાધુઓ હોય છે. એથી તમામનું એક સરખું મરણ નથી કહેવાતું. ૧૯

**સન્તિ એગેહિં ભિક્ખૂહિં, ગારત્થા સંજમુત્તરા;**
**ગારત્થેહિ ય સવ્વેહિં, સાહવો સંજમુત્તરા. ૨૦**

કુતીર્થિક ભિક્ષુઓ કરતાં સમ્યગ્દર્શનવાળા દેશવિરતિધર ગૃહસ્થો પ્રધાન છે. સઘળાય સમ્યગ્દષ્ટિ દેશવિરતિધર કરતાં સંપૂર્ણ સંયમવાળા સાધુઓ ઉત્તમ છે. ૨૦

**ચીરાજિણં નગિણિણં,**
**જડી સંઘાડિ મુણ્ડિણં;**
**એયાણિ વિ ન તાયન્તિ,**
**દુસ્સીલં પડિયાગયં. ૨૧**

વસ્ત્રો, મૃગ વગેરેના ચર્મ, નગ્નપણું, જટાધારીપણું, કંથા, મુંડન કરાવવું વગેરે પોત-પોતાની પ્રક્રિયા પ્રમાણે કલ્પેલા ભિક્ષુના વેષો, ભિક્ષુપણાના પર્યાયને પામેલ દુષ્ટ આચારવાળાને નરક વગેરે દુર્ગતિથી બચાવી શકતા નથી. ૨૧

**પિંડોલએ વ્વ દુસ્સીલો, નરગાઓ ન મુચ્ચઈ;**
**ભિક્ખાએ વા ગિહત્થે વા, સુવ્વએ કમઈ દિવં.૨૨**

ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરનાર પણ દુષ્ટ આચરણવાળો નરકગમનથી બચી શકતો નથી. ભિક્ષુક હોય કે ગૃહસ્થ, પણ શુદ્ધ ભાવપૂર્વક શીલપાલન રૂપ વ્રતનો ધારક સુવ્રતી દેવલોકમાં જાય છે.જો કે મુખ્યવૃત્તિથી વ્રતપાલન મુક્તિનું કારણ છે. પણ જઘન્યની અપેક્ષાએ દેવલોકની પ્રાપ્તિ કહેલ છે. ૨૨

**અગારિસામાઇયંગાઇં, સડ્ઢી કાએણ ફાસએ;**
**પોસહં દુહઓ પક્ખં, એગરાઇં ન હાવએ.૨૩**

ગૃહસ્થના સમ્યક્ત્વરૂપ સામાયિકના નિઃશંકતા વગેરે, શ્રુતરૂપ સામાયિકના કાલમાં અધ્યયન વગેરે અને દેશ વિરતિરૂપ સામાયિકના અણુવ્રતો વગેરે અંગોને શ્રદ્ધાવાળો મન-વચન-કાયાથી આરાધે છે તથા બન્ને પક્ષની ચૌદશ-પૂનમ વગેરે તિથિઓમાં આહાર વગેરેરૂપ પૌષધ, ફક્ત રાતનો પણ ન છોડે અર્થાત્ દિવસ અને રાતનો કરે, પણ વ્યાકુલતાને લીધે દિવસના ન બની શકે તો રાત્રિના અવશ્ય પૌષધ કરે. ૨૩

**એવં સિક્ખા-સમાવન્નો, ગિહિવાસે વિ સુવ્વએ;**
**મુચ્ચઇ છવિ-પવ્વાઓ, ગચ્છે જક્ખસલોગયં.૨૪**

આ પ્રમાણે વ્રતરૂપ શિક્ષાથી યુક્ત ગૃહવાસમાં પણ સુવ્રતસંપન્ન, ઔદારિક શરીરથી છૂટી જઈ વૈમાનિક દેવ થાય છે. અહીં પંડિતમરણના અવસરે બાલપંડિત મરણ પણ કહેલ છે. ૨૪

**અહ જે સંવુડે ભિક્ખૂ, દોણ્હમન્નતરે સિયા;**
**સવ્વ દુક્ખપ્પહીણે વા, દેવે વા વિ મહિડ્ઢિએ.૨૫**

જે કોઈ સર્વ આશ્રવદ્વારોને બંધ કરનારો ભાવસાધુ, (૧) પહેલાં સંપૂર્ણ દુઃખરહિત-સિદ્ધ ભગવાન બને છે, અને સંહનન વગેરેના અભાવે સિદ્ધ ન બને તો અવશ્ય (૨) મહર્દ્ધિક વૈમાનિક દેવ બને છે. ૨૫

**ઉત્તરાઇ વિમોહાઇ, જુઇમન્તાડણુપુવ્વસો;**
**સમાઇણ્ણાઇ જક્ખેહિં, આવાસાઇં જસંસિણો.૨૬**

ઉપરવર્તી અનુત્તરવિમાન નામવાળા, અલ્પવેદ વગેરે મોહનીય હોવાથી વિમોહ, દપ્તિમાન સૌધર્મ વગેરે ક્રમથી ઉત્કૃષ્ટ વિમોહ વગેરે વિશેષણવાળા દેવોથી ભરચક આવાસો છે. જ્યાં પુણ્યશ્લોક યશસ્વી દેવો વસે છે. ૨૬

**દીહાઉયા ઇડ્ઢિમન્તા,**
**સમિદ્ધા કામરૂવિણો;**
**અહુણોવવન્નસંકાસા,**
**ભુજ્જો અચ્ચિમાલિપ્પભા. ૨૭**

લાંબા આયુષ્યવાળા, રત્નાદિ સંપત્તિસંપન્ન અત્યંત દિપ્તિમાન, ઈચ્છા પ્રમાણે રૂપ બનાવનારા અને અનુત્તરમાં આયુષ્ય પર્યંત વર્ણ-કાન્તિ વગેરે સમાન જ રહે છે એટલે તત્કાલ ઉત્પન્ન દેવ સરખા અને ઘણા સૂર્યોની સરખી પ્રભાવાળા દેવો અનુત્તર વિમાનમાં હોય છે. ૨૭

**તાઇં ઠાણાઇં ગચ્છન્તિ,**
**સિક્ખિત્તા સંજમં તવં;**
**ભિક્ખાએ વા ગિહત્થે વા,**
**જે સન્તિ પરિનિવ્વુડા.૨૮**

સંયમ અને તપનું આરાધન કરી, કષાયની આગને બુઝવી, પરમ શાંતરસને પામનારા સાધુ કે ગૃહસ્થ પૂર્વોક્ત આવાસરૂપ સ્થાનને પામે છે. ૨૮

**તેસિં સોચ્ચા સપુજ્જાણં, સંજયાણં વુસીમઓ;**
**ન સંતસંતિ મરંતે, સીલવન્તા બહુસ્સુઆ.૨૯**

ઈન્દ્ર વગેરેના પૂજ્ય, ઇન્દ્રિયોના વિજેતા,

સંયમધારી પૂર્વોક્ત સ્વરૂપવાળા સાધુઓની પૂર્વોક્ત સ્થાનની પ્રાપ્તિ સાંભળી, મરણનો અંત આવ્યે છતે ચારિત્રવંત, આગમવચનશ્રવણથી શુદ્ધ બુદ્ધિ-વાળાઓ ઉદ્વેગ પામતા નથી. ૨૯

**તુલિયા વિસેસમાદાય, દયાધમ્મસ્સ ખન્તિએ;**
**વિપ્પસીએજ્જ મેહાવી, તહાભૂએણ અપ્પણા.૩૦**

બાલમરણ અને પંડિતમરણની પરીક્ષા કરીને, પંડિમરણની અને દયાધર્મની ક્ષમાપૂર્વક વિશિષ્ટતા કરી, મરણકાલ પહેલાં જેમ અનાકુલ મનવાળો હતો, તેમ અંતકાલમાં પણ તેવો પોતે બની મર્યાદાવર્તી મુનિ પ્રસન્નતાને ભજનારો થાય. ૩૦

**તઓ કાલે અભિપ્પેએ, સડ્ઢી તાલિસમન્તિએ;**
**વિણએજ્જ લોમહરિસં, ભયં દેહસ્સ કંખએ.૩૧**

કષાયના ઉપશમ બાદ જ્યારે યોગો કામ નથી આપતા, તે વખતે ઇચ્છેલ મરણકાલ આવ્યે છતે, શ્રદ્ધાવાળો ગુરુઓની પાસે મરણભયથી પેદા થયેલ

રોમાંચને દૂર કરે, વળી મરણની ઈચ્છાથી દેહના વિનાશની ઈચ્છા ન કરે. ૩૧

**અહ કાલમ્મિ સંપત્તે, આઘાયાય સમુસ્સયં;**
**સકામમરણં મરઇ, તિણ્હમણ્ણયરં મુણિ. ૩૨**
**॥ ત્તિ બેમિ.॥**

મરણકાલ પ્રાપ્ત થયે છતે, અભ્યંતર કાર્મણ અને બાહ્ય ઔદારિક શરીરનો સંલેખના વગેરે ક્રમથી વિનાશ માટે ૧. ભક્તપરિજ્ઞા, ૨. ઈંગિની, ૩. પાદપોપગમન રૂપ એ ત્રણમાંથી ગમે તે એક સકામમરણે મુનિ અંતિમ મરણ પામે છે. ૩૨

(ઇઇ અકામમરણિજ્જં પંચમં અજ્ઝયણં સમત્તં ૫)

●●●

## ૬. શ્રી ક્ષુલ્લક નિર્ગ્રન્થીય અધ્યયન

**જાવન્તડવિજ્જાપુરિસા,**
**સવ્વે તે દુક્ખસંભવા;**
**લુપ્પન્તિ બહુસો મૂઢા,**
**સંસારમ્મિ અણન્તએ.** ૧

તત્ત્વજ્ઞાન વગરના જેટલાં પુરુષો છે, તે બધાય દુઃખની ઉત્પત્તિવાળા, વિવેક વગરના અનંત સંસારમાં ઘણીવાર દરિદ્રતા વગેરેથી પીડિત થાય છે. ૧

**સમિક્ખ પણ્ડિએ તમ્હા, પાસજાઇપહે બહૂ;**
**અપ્પણા સચ્ચમેસેજ્જા, મેત્તિં ભૂએસુ કપ્પએ.** ૨

તેથી એકેન્દ્રિય વગેરે જાતિઓને આપનાર ઘણા સ્ત્રી વગેરે સંબંધરૂપી પાશોની આલોચના કરી તત્ત્વજ્ઞાની પોતાની મરજીથી સંયમને ધારણ કરે ! અને પૃથ્વીકાય વગેરે જીવમાત્રમાં મિત્રતા કરે. ૨

**માયા પિયા ણ્હુસા ભાયા,**
**ભજ્જા પુત્તા ય ઓરસા;**
**નાલં તે મમ તાણાય,**
**લુપ્પંતસ્સ સકમ્મુણા. 3**

સ્વકર્મથી પીડાતા મને માતા-પિતા-પુત્રવધુ-ભાઈ ભાર્યા-પોતાનાથી પેદા થયેલ પુત્રો વગેરે સંબંધીઓ બચાવવા સમર્થ થતાં નથી. ૩

**એયમટ્ઠં સપેહાએ, પાસે સમિયદંસણે;**
**છિન્દ ગિદ્ધિં સિણેહં ચ, ન કંખે પુવ્વસંથવં.૪**

સમ્યગ્દૃષ્ટિ વિવેકી, પૂર્વોક્ત અર્થને સ્વબુદ્ધિમાં ધારણ કરે ! વિષયોની આસક્તિ અને સ્નેહરાગને છેદી દે ! પૂર્વના સંબંધનું સ્મરણ ન કરે ! કેમ કે અહીં કે પરલોકમાં દુઃખના ટાણે ધર્મ સિવાય કોઈ રક્ષક નથી. ૪

**ગવાસં મણિ-કુણ્ડલં, પસવો દાસ-પોરુસં;**
**સવ્વમેયં ચઇત્તાણં, કામરૂવી ભવિસ્સસિ. ૫**

ગાય, ઘોડા, સુવર્ણ વગેરેના ભૂષણો, ઘેટા વગેરે પશુધન, નોકર વગેરે પુરુષનો સમુદાય, તેમજ પૂર્વોક્ત સઘળુંય છોડી, સંયમ સ્વીકારી તું ઈચ્છા મુજબ રૂપ કરનારો વૈમાનિક દેવ થઈશ. ૫

**થાવરં જંગમં ચેવ,**
**ધણં ધન્નં ઉવક્ખરં**
**પચ્ચમાણસ્સ કમ્મેહિં,**
**નાલં દુક્ખાઓ મોઅણે. ૬**

ઘર વગેરે સ્થાવર, સ્ત્રી વગેરે જંગમ, ધન-ધાન્ય-રાચરચીલું વગેરે આ બધું કર્મથી પીડાતા જીવને દુઃખથી છોડાવવા સમર્થ થતું નથી. ૬

**અજ્ઝત્થં સવ્વઓ સવ્વં, દિસ્સ પાણે પિયાએ;**
**ન હણે પાણિણો પાણે, ભય-વેરાઓ ઉવરએ.૭**

મનોગત, ઈષ્ટ સંયોગ વગેરે હેતુઓથી થયેલ સુખ વગેરે સઘળું પ્રિય વગેરે સ્વરૂપે જાણી, સર્વને પોતાના પ્રાણો અત્યંત પ્રિય હોય છે. એમ જોઈ,

અવૈર અને ભય વગરના મુનિએ પ્રાણિઓના પ્રાણો નહિ હણવા જોઈએ .૭

**આયાણં નિરયં દિસ્સ, નાઇએજ્જ તણામવિ;**
**દોગુંછી અપ્પણો પાએ, દિન્નં ભુંજેજ્જ ભોયણં.૮**

ધન વગેરે પરિગ્રહોને, નરકનું કારણ હોઈ નરક તરીકે માની તણખલાને પણ ગ્રહણ ન કરે ! આહાર વગેરે ધર્મની ધુરા ધારણ કરવી મુશ્કેલ છે, એમ માનવાવાળો પોતાના પાત્રમાં ગૃહસ્થોએ વહોરાવેલ ભોજન કરે. ૮

**ઇહમેગે ઉ મન્નન્તિ,**
**અપ્પચ્ચક્ખાય પાવગં;**
**આયરિયં વિદિત્તા ણં,**
**સવ્વદુક્ખા વિમુચ્ચઈ.** ૯

આ જગતમાં કેટલાક જૈનેતરો માને છે કે પોતપોતાના આચારના અનુષ્ઠાન માત્રનું જ્ઞાન બરોબર કરી, તે જ્ઞાન માત્રથી જીવ સર્વ દુ:ખથી

મુક્ત થાય છે. ૯

**ભણંતા અકરેન્તા ય, બન્ધ-મોક્ખપઇન્નિણો;**
**વાયાવિરિયમેત્તેણં, સમાસાસેન્તિ અપ્પયં. ૧૦**

ફકત જ્ઞાન જ મુક્તિનું કારણ છે એમ બોલનારા અને મુક્તિના ઉપાયને અમલી નહી કરનારા બંધ મોક્ષ છે એમ બોલનારા જ છે, પરંતુ મોક્ષના કારણભૂત પચ્ચકખાણ તપ-વ્રત વગેરેને ઉડાવનારા 'જ્ઞાનથી જ અમે મુક્તિમાં જઈશું.' એમ ફક્ત બોલીને આત્માને આશ્વાસન આપે છે. ૧૦

**ન ચિત્તા તાયએ ભાસા,**
**કુઓ વિજ્જાણુસાસણં;**
**વિસન્ના પાવકમ્મેહિં,**
**બાલા પંડિયમાણિણો. ૧૧**

નાના પ્રકારની, વચનરૂપ પ્રાકૃત સંસ્કૃત વગેરે ભાષા પાપોથી બચાવનાર થતી નથી. તો વિચિત્ર મંત્રરૂપ વિદ્યાનું શિક્ષણ તો ક્યાંથી બચાવી શકે જે

બાલો પંડિતમાનીઓ હોય છે, તે જ્ઞાનના ગર્વથી અન્ય જ્ઞાનીનો આશ્રય નહિ કરનારા, પાપકર્મોથી આખરે ખેદવાળા થાય છે. ૧૧

**જે કેઈ સરીરે સત્તા,**
**વણ્ણે રૂવે ય સવ્વસો;**
**મણસા કાય-વક્કેણં,**
**સવ્વે તે દુક્ખસમ્ભવા. ૧૨**

જે કોઈ શરીરના વિષે અને રૂપ-રંગ-સ્પર્શ-શબ્દ વગેરે વિષયોમાં સર્વથા મન-વચન-કાયાથી આસક્ત હોય છે, તે સર્વે 'જ્ઞાનથી મુક્તિ છે' એમ બોલનારા અહીં, પરલોકમાં દુઃખી થાય છે. ૧૨

**આવણ્ણા દીહમદ્ધાણં, સંસારમ્મિ અણન્તએ;**
**તમ્હા સવ્વદિસં પસ્સ, અપ્પમત્તો પરિવ્વએ.૧૩**

આ પ્રમાણે આ મોક્ષમાર્ગના શત્રુઓ અનંત, સંસારમાં લાંબા-અન્ય અન્ય ભવભ્રમણ રૂપ માર્ગને પામેલા દુઃખી થાય છે. તેથી પૃથ્વીકાય વગેરે અઢાર

ભેદવાળી ભાવદિશાઓને જોનારો બની, જેમ એકેન્દ્રિય વગેરેની વિરાધના ન થાય અને તેમાં જન્મ ન થાય તેવી રીતે અપ્રમત્ત બની સંયમમાર્ગમાં હે સુશિષ્ય ! તું વિચરજે ! ૧૩

**બહિયા ઉડ્ઢમાદાય, નાવકંખે ક્યાઇ વિ;**
**પુવ્વકમ્મખયટ્ઠાએ, ઇમં દેહં સમુદ્ધરે.** ૧૪

સંસારથી પર મોક્ષના ઉદ્દેશનો નિશ્ચય કરી કદાચિત્ પણ વિષયવાંછા ન કરે ! પૂર્વકૃત કર્મોના ક્ષય માટે ઉચિત આહાર વગેરેથી આ દેહનું પાલન કરે ! ૧૪

**વિવિચ્ચ કમ્મુણો હેઉં,**
**કાલકંખી પરિવ્વએ;**
**માયં પિંડસ્સ પાણસ્સ,**
**કડં લદ્ધૂણ ભક્ખએ.** ૧૫

કર્મના ઉપાદાન કારણ મિથ્યાત્વ વગેરેનો ત્યાગ કરી, અનુષ્ઠાનના કાલની ઈચ્છાવાળો

સંયમમાં વિચરે ! જેટલાથી સંયમનો નિર્વાહ થાય, તેટલો ગૃહસ્થોએ પોતાના માટે કરેલ આહાર-પાણી મેળવી અનાસક્તિપૂર્વક આહાર કરે ! ૧૫

**સન્નિહિં ચ ન કુવ્વેજ્જા, લેવમાયાએ સંજએ;**
**પક્ખી પત્તં સમાદાય, નિરવેક્ખો પરિવ્વએ.૧૬**

સાધુ પાત્રામાં લેપ લાગેલો રહે તેટલું પણ બીજે દિવસે ભોજન માટે આહાર વગેરેની સ્થાપના ન કરે ! પંખીની માફક પાત્રાં, ઉપકરણો વગેરેનું ગ્રહણ કરનારો અપેક્ષા વગરનો સંયમમાં વિચરે. ૧૬

**એસણાસમિઓ લજ્જૂ, ગામે અનિયઓ ચરે;**
**અપ્પમત્તો પમત્તેહિં, પિણ્ડવાયં ગવેસએ. ૧૭**

ગોચરીની શુદ્ધિમાં ઉપયોગવાળો શહેર, ગામ વગેરેમાં કાયમ વાસ નહિ કરનારો વિહાર કરે ! તથા અપ્રમાદી બની ગૃહસ્થોના ઘરોમાં ભિક્ષાની ગવેષણા કરે. ૧૭

**એવં સે ઉદાહુ**
**અણુત્તરનાણી અણુત્તરદંસી,**
**અણુત્તરનાણ-દંસણધરે અરહા નાયપુત્તે ભગવં;**
**વેસાલિએ વિયાહિએ.** ૧૮

॥ ત્તિ બેમિ ॥

સર્વજ્ઞ, સર્વદર્શી, લબ્ધિની અપેક્ષાએ એકી સાથે સર્વોત્કૃષ્ટ જ્ઞાન-દર્શનધારી, તીર્થંકર વૈશાલિક ભગવાન સિદ્ધાર્થનંદન તે શ્રી વર્ધમાન જિનેશ્વરસ્વામીએ આ પ્રકારે સમવસરણમાં ધર્મનું કથન કરેલ છે એમ હે જંબૂ! હું કહું છું. ૧૮

(ઇઇ ખુડ્ડગનિયંઠિજ્જં છટ્ઠં અજ્ઝયમં સમત્તે ૬)

●●●

## ૭. શ્રી ઉરભ્રીય અધ્યયન

**જહાઽઽએસં સમુદ્દિસ્સ, કોઇ પોસેજ્જ એલગં;**
**ઓયણં જવસં દેજ્જા, પોસેજ્જ વિ સયંગણે.૧**

કોઈ એક ભારેકર્મો, જેમ મહેમાનને ઉદ્દેશીને પોતાના ઘરને આંગણે ઘેટાને ખાધેલામાંથી બાકી રહેલ ભોજન મગ, અડદ વગેરે ધાન્ય ખવરાવીને પોષે છે. ૧

**તઓ સે પુટ્ઠે પરિવ્વૂઢે, જાયમેદે મહોદરે;**
**પીણિએ વિપુલે દેહે, આએસં પડિકંખએ. ૨**

ભાત વગેરેના ભોજનથી તે ઘેટું માંસની વૃદ્ધિવાળું સમર્થ ખૂબ ચરબીવાળું મોટા પેટવાળું ખુશ ખુશાલ અને શરીર વિશાલ થવાથી જાણે મહેમાનની ઈચ્છા કરતું હોય, તેમ લોકોથી કહેવાય છે. ૨

**જાવ ન એઇ આએસે, તાવ જીવઇ સે દુહી;**
**અહ પત્તમ્મિ આએસે, સીસં છેત્તૂણ ભુજ્જઇ. ૩**

જ્યાં સુધી મહેમાન ઘેર આવતો નથી ત્યાં સુધી તે ઘેટું દુઃખ વગરનું (અથવા આગામી દુઃખથી દુઃખી) જીવે છે. જ્યારે મહેમાન ઘેર આવે છે ત્યારે તેનું મસ્તક છેદી, તેનું તૈયાર કરેલું માંસ મહેમાન સાથે ઘરના માલિક વડે ખવાય છે. ૩

**જહા ખલુ સે ઉરબ્ભે, આએસાએ સમીહિએ;**
**એવં બાલે અધમ્મિટ્ઠે, ઇહઈ નરયાઉયં. ૪**

જેમ પૂર્વોક્ત સ્વરૂપવાળો ઘેટો મહેમાન માટે નિર્ધારિત કરાયેલો મહેમાનને ચાહે છે, તેવી રીતે અત્યંત અધર્મી બાલ જીવ નરકના અનુકૂલ આચરણ કરી નરકના જીવનને ચાહે છે. ૪

**હિંસે બાલે મુસાવાઈ, અદ્ધાણંમ્મિ વિલોવએ;**
**અણ્ણડદત્તહરે તેણે, માઈ ક્ણ્ણુહરે સઢે. ૫**

**ઇત્થીવિસયગિદ્ધે ય, મહારંભપરિગ્ગહે;**
**ભુંજમાણે સુરં મંસં, પરિવૂઢે પરં દમે. ૬**

**અયક્કરભોઈ ય, તુંદિલે ચિયલોહિએ;**
**આઉયં નિરએ કંખે, જહાડએસં વ એલએ.૭**

સ્વભાવથી હિંસક, અજ્ઞાની, અસત્યભાષી, માર્ગમાં જતાં જનોને લૂંટનારા, બીજાએ નહિ આપેલી ચીજોને ચોરનારો, ચોરી કરીને જીવનારો ચોર, માયાવાળો, સઘળી વસ્તુઓને હરવા સામર્થ્યવાળો હું છું એવો વિચારક, વાંકા આચારવાળો, સ્ત્રી અને વિષયોમાં આસક્ત, મોટા આરંભ ને પરિગ્રહવાળો, દારૂ અને માંસને ખાવાવાળો, ખૂબ તગડો બનેલો, બીજાને દમનારો, બકરાના અત્યંત પકાવેલ માંસને ખાનારો, ફાંદવાળો, લોહીની વૃદ્ધિવાળો, જેમ પૂર્વોક્ત ઘેટો જાણે મહેમાનને ચાહે છે, તેમ નરકયોગ્ય કર્મ કરનાર હોઈ જાણે નરકના આયુષ્યને ચાહે છે. ૫-૭

**આસણં સયણં જાણં, વિત્તં કામે ય ભુંજિયા;**
**દુસ્સાહડં ધણં હેચ્ચા, બહું સંચિણિયા રયં.૮**

**તઓ કમ્મગુરૂ જંતૂ,**
**પચ્ચુપ્પણ્ણપરાયણે;**
**અય વ્વ આગયાડડએસે,**
**મરણંતમ્મિ સોયઈ.** ૯

સિંહાસન વગેરે આસન, પલંગ વગેરે શયન, રથ વગેરે વાહન, સોનું વગેરે ધન, શબ્દ વગેરે કામભોગોને ભોગવી, દુઃખે ભેગું કરેલું ધન જુગાર વગેરેમાં વાપરીને, આઠ પ્રકારનું કર્મ ઉપાર્જીને, ભારે કર્મી જીવ, નાસ્તિક મતના અનુસારે પરલોકનિરપેક્ષ માત્ર વર્તમાનમાં પરાયણ, જેમ ઘેટો મહેમાન આવતાં શોક કરે છે, તેમ અવસાનના અવસરે શોક કરે છે. ૮-૯

**તઓ આઉપરિક્ખીણે,**
**ચુયા દેહ વિહિંસગા;**
**આસુરિયં દિસં બાલા,**
**ગચ્છન્તિ અવસા તમં.** ૧૦

શોક કર્યા બાદ વિવિધ પ્રકારોથી પ્રાણિહિંસક શરીરથી છૂટો થયેલ બાલ જીવ, આયુષ્યનો નાશ થયે છતે પરવશ બનેલો, અંધકારવાળી નરકગતિમાં જાય છે. ૧૦

**જહા કાગણિએ હેઉં,**
**સહસ્સં હારએ નરો;**
**અપત્થં અમ્બગં ભોચ્ચા,**
**રાયા રજ્જં તુ હારએ.** ૧૧

જેમ એક રૂપિયાના એંશીમા ભાગ રૂપ કાકિણીને ખાતર, એક હજાર સોનામહોરોને અજ્ઞાની માણસ હારી જાય છે. તથા જેમ અપથ્ય કેરીને ખાઈ રાજા રાજ્યને હારી જાય છે. ૧૧

**એવં માણુસ્સગા કામા,**
**દેવકામાણ અન્તિએ;**
**સહસ્સગુણિયા ભુજ્જો,**
**આઉં કામા ય દિવ્વિયા.** ૧૨

આ મનુષ્યના કામભોગો, દેવોના કામભોગોની આગળ કાકિણી અને કેરી જેવા છે. મનુષ્યના આયુષ્ય અને ભોગોની અપેક્ષાએ અનેકવાર હજારના ગુણાકારે ગુણેલા - હજારોગુણા દિવ્ય કામભોગો છે. અર્થાત્ હજાર સોનામહોર અને રાજ્ય જેવાં દેવલોકનાં આયુષ્ય અને કામભોગો છે. ૧૨

**અણેગવાસાનઉયા,**
**જા સા પણ્ણવઓ ઠિઈ;**
**જાણિ જીયન્તિ દુમ્મેહા,**
**ઊણે વાસસયાઉએ. ૧૩**

જ્ઞાનક્રિયાવિભૂષિત મુનિને દેવલોકમાં પલ્યોપમ-સાગરોપમ સુધી સ્થિતિ અને સર્વોત્કૃષ્ટ કામભોગો હોય છે. અજ્ઞાનીઓ અહીંના સ્વલ્પ આયુષ્ય દરમ્યાન તુચ્છ કામભોગોમાં લુબ્ધ બની, ધર્મ નહિ કરવાથી દિવ્ય સ્થિતિ અને કામભોગોને હારી જાય છે. ૧૩

જહા ય તિન્નિ વણિયા,
મૂલં ઘેત્તૂણ નિગ્ગયા;
એગોડત્થ લહઈ લાભં,
એગો મૂલેણ આગઓ.૧૪

એગો મૂલં પિ હારેત્તા,
આગઓ તત્થ વાણિઓ;
વવહારે ઉવમા એસા,
એવં ધમ્મે વિયાણહ. ૧૫

જેમ ત્રણ વેપારીઓ, મૂલ ધન લઈને વેપાર માટે પરદેશ ગયા. તેમાં પહેલો જે વ્યાપારકલામાં કુશલ હતો તે ખૂબ નફો મેળવી, બીજો વ્યાપારમાં મધ્યમ હતો તે ઘરેથી જેટલું લાવેલો તેટલું જ મૂલ ધન લઈ, ત્રીજો જુગાર વગેરેનો વ્યસની-પ્રમાદી હતો તે મૂલ ધન હારી પોતાને ઘેર પાછા આવ્યા. આ વ્યવહારિક ઉપમા પ્રમાણે ધર્મમાં પણ વિચારવું. ૧૪-૧૫

**માણુસત્તં ભવે મૂલં, લાભો દેવગઈ ભવે;**
**મૂલચ્છેએણ જીવાણં, નરગતિરિક્ખત્તણં ધુવં.૧૬**

તેવી રીતે જીવવ્યાપારીને સ્વર્ગાદિ ઉત્તરોત્તર લાભનું કારણ મૂલ ધન સમાન મનુષ્યપણું છે. લાભના સ્થાનમાં દેવપણાની પ્રાપ્તિ સમજવી તથા મનુષ્યગતિના હાનિરૂપ મૂલના છેદના સ્થાનમાં નરક-તિર્યંચગતિની પ્રાપ્તિ સમજવી. ૧૬

**દુહઓ ગઈ બાલસ્સ, આવઈ વહમૂલિયા;**
**દેવત્તં માણુસત્તં ચ, જં જિએ લોલયાસઢે. ૧૭**

બાલ જીવને નરક અને તિર્યંચરૂપ બે ગતિ હોય છે. ત્યાં ગયેલાને વધ વગેરે આપત્તિઓ હોય છે. કેમ કે માંસ વગેરેમાં લંપટ અને વિશ્વાસુ જનને ઠગનારો બની, દેવ અને મનુષ્યપણું હારી જઈ લંપટતાથી નરકગતિ અને શઠથાથી તિર્યંચગતિ બાલ જીવ પામે છે. ૧૭

**તઓ જિએ સઈ હોઈ, દુવિહં દોગ્ગઇં ગએ;**
**દુલ્લહા તસ્સ ઉમ્મગ્ગા, અદ્ધાએ સુચિરાદપિ.૧૮**

દેવ અને મનુષ્યપણાનો અભાવ થવાથી અને નરક કે તિર્યંચગતિમાં ગયેલો બાલ જીવ હંમેશા હારેલો જ થાય છે, કારણકે આગામી ઘણાં લાંબા કાળમાં પણ નરક કે તિર્યંચગતિરૂપ દુર્ગતિમાંથી તેનું નીકળવું દુર્લભ બને છે. ૧૮

**એવં જિએ સપેહાએ,**
**તુલિયા બાલં ચ પંડિયં;**
**મૂલિયં તે પવેસન્તિ,**
**માણુસં જોણિમિન્તિ તે. ૧૯**

પૂર્વોક્ત પ્રકારવાળા બાલ જીવને જોઈ, ગુણ દોષનો તથા બાલ અને પંડિતનો વિચાર કરી, મૂળધનરક્ષક વેપારી જેવા જીવો મનુષ્યાયુષ્ય બાંધીને મનુષ્યગતિમાં જન્મ લે છે. ૧૯

**વેમાયાહિં સિક્ખાહિં, જે નરા ગિહિ-સુવ્વયા;**
**ઉવેન્તિ માણુસં જોણિં, કમ્મસચ્ચા હુ પાણિણો.૨૦**

જે જીવો, ગૃહસ્થી હોવા છતાં સત્પુરુષના વ્રતવાળાઓ, વિવિધ પરિણામવાળું ભદ્રકપણું, વિનીતપણું, દયા ઈર્ષ્યારહિતપણું વગેરે શિક્ષાઓથી મનુષ્યયોનિને પામે છે, કેમ કે અવશ્ય ફળ દેનાર કર્મવાળા પ્રાણીઓ હોય છે. ૨૦

**જેસિં તુ વિઉલા સિક્ખા,**
**મૂલિયં તે અઇચ્છિયા;**
**સીલવન્તા સવીસેસા,**
**અદ્દીણા જન્તિ દેવયં. ૨૧**

જેઓની પાસે વિશાલ ગ્રહણ અને આસેવન રૂપ શિક્ષા છે, તેઓ મૂલ ધનરૂપ મનુષ્યપણું ઉલ્લંઘી સમ્યગ્ દ્રષ્ટિ વગેરે રૂપ શીલવંતો અને ઉત્તરોત્તર ગુણપ્રાપ્તિ રૂપ વિશેષવાળાઓ બની દીનતા વગરના દેવલોકને પામે છે. ૨૧

**એવમદીણવં ભિક્ખું, અગારિં ચ વિયાણિયા;**
**કહં ણુ જિચ્ચમેલિક્ખં, જિચ્ચમાણો ન સંવિદે.૨૨**

પૂર્વોક્ત લાભવાળા, દીનતા વગરના ગૃહસ્થી અને સાધુને વિશેષરૂપે જાણી, આવો દેવપણા વગેરે રૂપ લાભ શા માટે ખોવો ? શું આવા લાભને હારતો જાણતો નથી ? જાણે જ છે. માટે એવો પ્રયત્ન કરવો જોઈએ કે જેથી લાભ હારી ન જવાય. ૨૨

**જહાકુસગ્ગે ઉદગં, સમુદ્દેણ સમં મિણે;**
**એવં માણુસ્સગા કામા, દેવકામાણ અંતિએ.૨૩**

જેમ કોઈ જીવ, દાભના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુને સમુદ્રના જલ સાથે સરખાવે છે, તેમ અજ્ઞાની જીવ મનુષ્યના ભોગોની સાથે દેવના કામભોગોને સરખાવે છે. ૨૩

**કુસગ્ગમેત્તા ઇમે કામા, સન્નિરુદ્ધમ્મિ આઉએ;**
**કસ્સ હેઉં પુરેકાઉં, જોગક્ખેમં ન સંવિદે. ૨૪**

મનુષ્યના અલ્પાયુષ્યમાં ભોગો અત્યંત અલ્પ

હોઈ દાભના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુ જેવા છે અને દિવ્ય કામ દિવ્ય કામભોગો સમુદ્ર જલ જેવા છે. તો ક્યા કારણસર જીવ, નહિ પ્રાપ્ત થયેલ ધર્મની પ્રાપ્તિરૂપ યોગને તથા પ્રાપ્ત થયેલ ધર્મના પાલનરૂપ ક્ષેમને જાણતો નથી. અર્થાત્ ભોગાસક્તિથી યોગ-ક્ષેમને જાણતો નથી. ૨૪

**ઇહ કામાઽણિયટ્ટસ્સ, અત્તટ્ઠે અવરજ્ઝઇ;**
**સોચ્ચા નેયાઉયં મગ્ગં, જં ભુજ્જો પરિભસ્સઇ.૨૫**

મનુષ્યપણું કે જૈનધર્મ મળવા છતાં કામ ભોગોથી નહિ અટકનારને સ્વર્ગ વગેરે આત્માર્થ નષ્ટ થાય છે, કેમ કે જીવ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ સાંભળવા કે મેળવવા છતાં ગુરુકર્મના કારણે આત્માર્થથી કે મુક્તિમાર્ગથી પડે છે. ૨૫

**ઇહ કામનિયટ્ટસ્સ, અત્તટ્ઠે નાવરજ્ઝઈ;**
**પૂઈદેહ-નિરોહેણં, ભવે દેવે ત્તિ મે સુયં. ૨૬**

મનુષ્યપણું કે જૈનશાસન પ્રાપ્ત થયે છતે જે

કામભોગોથી અટકે છે તેનો સ્વર્ગ વગેરે આત્મા માટે નાશ થતો નથી, કારણ કે લઘુકર્મી જીવ ઔદારિક શરીર છૂટી જતાં મરણ બાદ વૈમાનિક દેવ અથવા સિદ્ધ બને છે. આ મેં પરમગુરુ ભગવાનથી સાંભળેલ છે. ૨૬

**ઇટ્ટી જુઈ જસો વણ્ણો, આઉં સુહમણુત્તરં;**
**ભુજ્જો જત્થ મણુસ્સેસુ, તત્થ સે ઉવવજ્જઈ.૨૭**

સર્વોત્કૃષ્ટ ઋદ્ધિ-શરીરકાન્તિ-પ્રસિદ્ધિ-ગંભીરતા ગૌરત્વ વગેરે વર્ણ-આયુષ્ય અને ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ રૂપ સુખ જે મનુષ્યકુલોમાં હોય છે, ત્યાં ચ્યવીને તેઓ (ધર્મીષ્ઠ) જન્મ લે છે. ૨૭

**બાલસ્સ પસ્સ બાલત્તં, અહમ્મં પડિવજ્જિયા;**
**ચિચ્ચાં ધમ્મં અહમ્મિટ્ઠે, નરએ ઉવવજ્જઈ.૨૮**

મૂઢનું અજ્ઞાનપણું જુઓ કે વિષયની આસક્તિ રૂપ અધર્મને સ્વીકારી તથા ભોગના ત્યાગરૂપ ધર્મને છોડી, અધર્મીષ્ઠ, નરક વગેરે દુર્ગતિમાં ઉત્પન્ન થાય છે. ૨૮

**ધીરસ્સ પસ્સ ધીરત્તં, સવ્વ ધમ્માણુવત્તિણો;**
**ચેચ્ચા અધમ્મં ધમ્મિટ્ઠે, દેવેસુ ઉવવજ્જઈ. ૨૯**

પંડિતની ધીરતા જુઓ કે - ક્ષમા વગેરે સર્વ ધર્મોને અનુકૂલ આચરણ કરનારો, ભોગાસક્તિ રૂપ અધર્મને છોડી, ધર્મીષ્ઠ જીવ, દેવલોકોમાં ઉત્પન્ન થાય છે. ૨૯

**તુલિઆણ બાલભાવં, અબાલં ચેવ પંડિએ;**
**ચઇઊણ બાલભાવં, અબાલં સેવઈ મુણિ. ૩૦**
॥ ત્તિ બેમિ.॥

પૂર્વોક્ત તત્ત્વજ્ઞાની મુનિ, બાલપણાની અને પંડિતપણાની તુલના કરી, બાલભાવને છોડી પંડિતપણાનું સેવન કરે છે. હે જંબૂ ! આ પ્રમાણે હું કહું છું. ૩૦

(ઇઇ એલઇજ્જં-અજ્ઝયણં સમત્તં ૭)

●●●

## ૮. શ્રી કાપિલીય અધ્યયન

અધુવે અસાસયમ્મી,
સંસારમ્મિ, દુક્ખપઉરાએ;
કિં નામ હોજ્જ તં કમ્મગં,
જેણાહં દોગ્ગઇ ન ગચ્છેજ્જા. ૧

અસ્થિર, અનિત્ય, તેમજ ઘણા શારીરિક માનસિક દુઃખોથી ભરચક સંસારમાં, જે અનુષ્ઠાનથી હું દુર્ગતિગામી ન બનું એવું કોઈ અનુષ્ઠાન છે ? ૧

વિજહિત્તુ પુવ્વસંજોગં,
ન સિણેહં કહિંચિ કુવ્વેજ્જા;
અસિણેહ સિણેહકરેહિં,
દોસપઓસેહિ મુચ્ચએ ભિક્ખૂ. ૨

માતા વગેરે સ્વજન અને ધનના સંબંધને છોડી, સાધુ બાહ્ય-અભ્યંતર પરિગ્રહમાં આસક્તિ ન

કરે ! સ્નેહ કરનારાઓ ઉપર મમતા વગરનો મુનિ, મનના તાપ વગેરે દોષો તથા પરલોકમાં નરક પ્રાપ્તિ વગેરે પ્રદોષોથી મુક્ત થાય છે. ૨

**તો નાણદંસણસમગ્ગો,**
**હિયનિસ્સેસાએ ય સવ્વજીવાણં;**
**તેસિં વિમોક્ખણટ્ઠાએ,**
**ભાસઈ મુણિવરો વિગયમોહો. 3**

કેવલજ્ઞાન-દર્શનથી યુક્ત અને મોહરહિત મુનિવર ભગવાન કપિલ, સર્વ જીવોનો તથા તત્કાલ પાંચસો ચોરોના હિતકારી મોક્ષ માટે કહે છે. ૩

**સવ્વં ગંથં કલહં ચ,**
**વિપ્પજહે તહાવિહં ભિક્ખૂ;**
**સવ્વેસુ કામજાએસુ**
**પાસમાણો ન લિપ્પઈ તાઈ. ૪**

કર્મબંધ કરનારા સઘળાં પરિગ્રહ-કાર્યોને સાધુ

છોડીદે ! શબ્દ વગેરે વિષયોને દોષદષ્ટિથી જોતો, કર્મોથી આત્મરક્ષક મુનિ લેપાતો નથી. ૪

**ભોગામિસ-દોસવિસન્ને,**
**હિયનિસ્સેસબુદ્ધિવોચ્ચત્થે;**
**બાલે ય મંદએ મૂઢે,**
**બજ્ઝઈમચ્છિયા વ ખેલમ્મિ. ૫**

ભોગોમાં ડૂબેલો, મોક્ષની બુદ્ધિ વગરનો, અજ્ઞાની, ધર્મકરણી કરવામાં આળસુ અને મોહથી આકુલ મનવાળો જીવ, કફમાં માખીની જેમ કર્મથી લેપાય છે. ૫

**દુપરિચ્ચયા ઇમે કામા,**
**નો સુજહા અધીરપુરિસેહિં;**
**અહ સન્તિ સુવ્વયા સાહૂ,**
**જે તરન્તિ અતરં વણિયા વ. ૬**

મુશ્કેલીથી છોડી શકાય એવા કામભોગો કાયર

પુરુષોથી સુખપૂર્વક છોડી શકાય તેમ નથી. અર્થાત્ સાત્વિક પુરુષો તે સુખેથી છોડી શકે છે. જેમ વેપારીઓ જહાજ વગેરે સાધનોથી તરવાને અશક્ય એવા સમુદ્રને તરી જાય છે. તેમ નિષ્કલંક વ્રત વગેરે સાધનોથી તરવાને અશક્ય એવા સંસારને તરી જાય છે. ૬

**સમણા મુ એગે વયમાણા,**
**પાણવહં મિયા અજાણન્તા;**
**મન્દા નિરયં ગચ્છન્તિ,**
**બાલા પાવિયાહિં દિટ્ઠીહિં. ૭**

અમો શ્રમણો છીએ એમ કેટલાક જૈનેતર ભિક્ષુઓ બોલે છે. પરંતુ મૂઢતાને કારણે હરણની માફક પ્રાણીહિંસાને નહિ જાણતા, મિથ્યાત્વના મહારોગથી વ્યાકુલ બનેલો તેમજ વિવેક વગરના બાલજીવો પાપજનક દૃષ્ટિઓથી નરકમાં જાય છે. ૭

**ન હુ પાણવહં અણુજાણે,**
**મુચ્ચેજ્જ ક્યાઇ સવ્વદુક્ખાણં;**

**એવા આરિએહિં અક્ખાયં,**
**જેહિં ઇમો સાહુ ધમ્મો પણત્તો.** ૮

પ્રાણીહિંસા વગેરે પાપોને કરનાર, કરાવનાર કે અનુમોદનાર તેઓ કોઈ પણ કાળમાં સર્વ દુઃખોથી મુક્ત થતા નથી. અહિંસા વગેરે ધર્મવાળા શ્રમણો જ સંસારને તરી જાય છે. આમ તીર્થંકર વગેરે આર્યોએ કથન કરેલ છે. કેમ કે આ આર્યો જ અહિંસા વગેરે ધર્મની પ્રરૂપણા કરનાર છે. ૮

**પાણે ય નાઇવાએજ્જા,**
**સે સમિએ ત્તિ વુચ્ચઇ તાઈ;**
**તઓ સે પાવયં કમ્મં,**
**નિજ્જાઇ ઉદગં વ થલાઓ.** ૯

હિંસા વગેરેને સર્વથા નહિ કરનાર, કરાવનાર કે અનુમોદનાર જૈન શ્રમણો જ પાંચ સમિતિથી યુક્ત ષડ્જીવનિકાયના રક્ષક હોય છે. તેથી જ જેમ ઊંચી મજબૂત જમીન ઉપરથી પાણી એકદમ ઢળી જાય

છે, તેમ તેઓમાંથી અશુભ કર્મ નીકળી જાય છે. ૯

**જગનિસ્સિએહિં ભૂએહિં,**
**તસનામેહિં થાવરેહિં ચ;**
**નો તેસિં મારંભે દંડં,**
**મણસા વયસા કાયસા ચેવ. ૧૦**

લોકમાંરહેલ સમસ્ત પ્રાણીઓમાં ત્રસનામ કર્મના ઉદયવાળા બેઇન્દ્રિય વગેરે જીવોની તથા પૃથ્વીકાય વગેરે સ્થાવર જીવોની મન-વચન-કાયાથી હિંસા ન કરે ! ૧૦

**સુદ્ધેસણાઓ નચ્ચા ણં,**
**તત્થ ઠવેજ્જ ભિક્ખૂ અપ્પાણં;**
**જાયાએ ઘાસમેસેજ્જા,**
**રસગિદ્ધે ન સિયા ભિક્ખાએ. ૧૧**

સાધુ, સંયમનિર્વાહ રૂપ યાત્રા માટે અશુદ્ધ આહારના ત્યાગપૂર્વક શુદ્ધ આહારનું જ ગ્રહણ કરે !

અને રાગદ્વેષના ત્યાગપૂર્વક આહાર કરે ! ૧૧

**પંતાણિ ચેવ સેવેજ્જા,**
**સીયપિંડં પુરાણકુમ્માસં;**
**અદુ બુક્કસં પુલાગં વા,**
**જવણટ્ઠાએ વા નિસેવએ મંથું. ૧૨**

સાધુ, જૂના મગ વગેરે શીત આહાર રૂપ અથવા વાલ વગેરેના તુષ રૂપ નીરસ પદાર્થોનું ભોજન કરે જિનકલ્પિક વગેરે મુનિજે ગચ્છનિર્ગત છે તે તો નિયમા પ્રાન્ત આહાર કરે. પરંતુ ગચ્છસ્થ મુનિને તો જ્યાં સુધી શરીરનિર્વાહ થાય ત્યાંસુધી પ્રાન્ત ભોજન કરે અને તેમાં જો વાતપ્રકોપ વગેરે આપત્તિ આવે તો સરસ આહાર પણ કરી શકે છે. ૧૨

**જે લક્ખણં ચ સુવિણં ચ,**
**અંગવિજ્જં ચ જે પઉંજન્તિ;**
**ન હુ તે સમણા વુચ્ચન્તિ,**
**એવં આયરિએહિ અક્ખાયં. ૧૩**

જે સાધુઓ, પુષ્ટ આલંબન વગર સામુદ્રિક કે સ્વપ્રશાસ્ત્ર, અંગસ્ફુરણરૂપ અથવા ૐ હ્રીઁ વગેરે અક્ષરોની સ્થાપના રૂપ અંગવિદ્યા વગેરે મિથ્યા શ્રુતનો ગમે તે એક કે સમસ્તનો પ્રયોગ કરે છે. તે સાધુઓ કહેવાતા નથી એમ આચાર્યોએ કહેલ છે. ૧૩

**ઇહજીવિયં અનિયમેત્તા,**
**પબ્ભટ્ઠા સમાહિજોગેહિં,**
**તે કામભોગ-રસગિદ્ધા,**
**ઉવવજ્જન્તિ આસુરે કાએ. ૧૪**

આ જન્મમાં જીવનને તપ વગેરેથી નિયંત્રિત નહિ કરવાથી, શુભ મન-વચન-કાયાના યોગથી અત્યંત ભ્રષ્ટ થયેલા અને કામભોગો તેમ જ રસોમાં આસક્ત બનેલા, તે લક્ષણાદિ શાસ્ત્રોનો દુરૂપયોગ કરનારા, કાંઈક કષ્ટાનુષ્ઠાન કરતા હોવા છતાં સંયમવિરાધનાથી અસુરોમાં જ પેદા થાય છે. ૧૪

**તત્તો વિ ય ઉવ્વટ્ટિત્તા,**
**સંસારં બહુ અણુપરિઅટંતિ;**
**બહુકમ્મ-લેવલિત્તાણં,**
**બોહી હોઈ સુદુલ્લહા તેસિં.** ૧૫

અસુર નિકાયમાંથી ચ્યવીને તેઓ, સંસારમાં ઘણા કાળ સુધી પર્યટન કરશે. વળી ઘણા કર્મના લેપથી લેપાયેલા તે જીવોને બોધિની પ્રાપ્તિ અત્યંત દુર્લભ થઈ જાય છે. માટે સાધુઓએ ઉત્તરગુણની વિરાધનાથી બચવું જોઈએ. ૧૫

**કસિણંપિ જો ઇમં લોયં,**
**પડિપુન્નં દલેજ્જ એક્કસ્સ;**
**તેણાવિ સે ણ સંતુસ્સે,**
**ઇઇ દુપ્પૂરએ ઇમે આયા.** ૧૬

જે સુરેન્દ્ર વગેરે ધન-ધાન્યથી ભરેલ સકલ લોકને પોતાના ભક્તને આપે, તો પણ લોભી ભક્ત સંતુષ્ટ ન થાય ! આ આત્માની અનંત આશાઓ પૂરી

શકાય એમ નહિ હોવાથી આ જીવ દુષ્પૂરક છે. ૧૬

**જહા લાભો તહા લોહો,**
**લાભા લોભો પવઙ્ઢઈ;**
**દો માસકયં કજ્જં,**
**કોડીએ વિ ન નિટ્ઠિયં. ૧૭**

જેમ દ્રવ્યલાભ થાય તેમ તેમ દ્રવ્યમૂર્છા થાય છે, કારણ કે-લાભ લોભવૃદ્ધિનું કારણ છે. આ વિષયમાં કપિલ કેવલી પોતે પોતાનું દૃષ્ટાંત આપે છે કે દાસીને સંતોષવા માટે બે માસા સોનાથી જે કામ પતવાનું હતું, તે કામ એક કરોડ સોનામહોરોથી પણ પૂરું ન થઈ શક્યું. કેમ કે અભિલાષાઓ વધતી જ ગઈ. ૧૭

**નો રક્ખસીસુ ગિજ્ઝેજ્જા,**
**ગંડ-વચ્છાસુ ણેગચિત્તાસુ;**
**જાઓ પુરિસં પલોભિત્તા,**
**ખેલન્તિ જહા વા દાસેહિં. ૧૮**

પીનસ્તન-વક્ષસ્થલવાળી, ચંચલપણાએ અનેક

ચિત્તવાળી અને જ્ઞાન વગેરે ભાવજીવનનો વિનાશ કરનારી રાક્ષસી જેવી સ્ત્રીઓની અભિલાષા ન કરવી, કારણ કે તે સ્ત્રીઓ આકર્ષક, વિશ્વાસજનક, મધુર પ્રિય વચનોથી કુલીન પુરુષને લોભાવી અનેક ક્રીડાઓથી દાસની માફક બનાવી વિલાસ કરે છે. ૧૮

**નારીસુ નો પગિજ્ઝિજ્જા,**
**ઇત્થી વિપ્પજહે અણગારે;**
**ધમ્મં ચ પેસલં નચ્ચા,**
**તત્થ ઠવેજ્જ ભિક્ખૂ અપ્પાણં. ૧૯**

સાધુ, સ્ત્રીઓની તરફ અનુરાગનો પ્રારંભ પણ ન કરે ! સ્ત્રીઓથી સર્વથા દૂર રહે ! તેમજ એકાન્તે હિતકારી બ્રહ્મચર્ય વગેરે રૂપ ધર્મને જ અહીં અને પરલોકમાં અત્યંત સુંદર જાણી તેમાં જ પોતાના જીવને રાખે ! ૧૯

**ઇઅ એસ ધમ્મે અક્ખાએ,**
**કવિલેણં ચ વિસુદ્ધપન્નેણં;**

તરિહિન્તિ જે ઉ કાહિન્તિ,
તેહિં આરાહિયા દુવે લોગ. ૨૦ ॥ ત્તિ બેમિ.॥

નિર્મલ જ્ઞાનસંપન્ન કપિલ કેવલીએ આ પ્રમાણે પૂર્વોક્ત મુનિધર્મ કહેલ છે. જે મનુષ્યો આ ધર્મની આરાધના કરશે તેઓ સંસારસાગરને તરી જશે, તેમજ આ જન્મમાં મહાજનપૂજ્ય બની પરલોકમાં સ્વર્ગ-મોક્ષ વગેરેની પ્રાપ્તિ કરનારા થશે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. ૨૦

(ઇઇ કાવિલીયં અટ્ઠમં અજ્ઝયણં સમત્તં ૮)

●●●

# ૯. શ્રી નમિ પ્રવ્રજ્યા અધ્યયન

**ચઈઊણ દેવલોગાઓ,**
**ઉવવણ્ણો માણુસમ્મિ લોગમ્મિ;**
**ઉવસંત-મોહણિજ્જો,**
**સરઈ પોરાણિયં જાઇ. ૧**

સાતમા દેવલોકથી ચ્યવીને મનુષ્યલોકમાં ઉત્પન્ન થયેલ અને દર્શનમોહ ઉદયના અભાવથી સમ્યક્ત્વવંત નમિરાજા જાતિસ્મરણજ્ઞાન પામે છે, અર્થાત્ ગતજન્મનું સ્મરણ કરે છે. ૧

**જાઇં સરિત્તુ ભગવં, સહસંબુદ્ધો અણુત્તરે ધમ્મે;**
**પુત્તં ઠવિત્તુ રજ્જે, અભિણિક્ખમઈ નમી રાયા.૨**

પૂર્વજન્મનું સ્મરણ કરી ભગવાન નમિરાજા, સર્વોત્કૃષ્ટ ચારિત્રધર્મ પ્રત્યે સ્વયં પ્રતિબોધ પામી, પુત્રને રાજ્યગાદી ઉપર સ્થાપન કરી શ્રી ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. ૨

**સો દેવલોગસરિસે,**
**અન્તેઉરવરગઓ વરે ભોએ;**
**ભુંજિત્તુ નમી રાયા,**
**બુદ્ધો ભોએ પરિચ્ચયઇ. 3**

દેવલોકમાં રહેલ ભોગો જેવા પ્રધાન ભાગોને ઉત્તમ અંતઃપુરમાં રહેલા, ભોગવી, વિશિષ્ટ તત્ત્વજ્ઞાની નમિરાજા તે ભોગોનો પરિત્યાગ કરે છે.૩

**મિહિલં સપુરજણવયં,**
**બલમોરોહં ચ પરિજણં સવ્વં;**
**ચિચ્ચા અભિનિક્ખન્તો,**
**એગન્ત-મહિટ્ઠિઓ ભયવં. ૪**

અન્ય નગરો અને જનપદ સહિત મિથિલા નગરી, ચતુરંગી સેના, અન્તપુરઃ, પરિવાર અર્થાત્ સર્વસંગનો ત્યાગ કરી, દ્રવ્યથી નિર્જન વન વગેરેરૂપ અને ભાવથી હું એકલો જ છું આવા નિશ્ચયરૂપ એકાન્તમાં દીક્ષિત થયેલ નમિરાજર્ષિ રહેલ છે. ૪

**કોલાહલગસંભૂયં,**
**આસી મિહિલાએ પવ્વયન્તમ્મિ;**
**તઇયા રાયરિસિમ્મિ,**
**નમિમ્મિ અભિણિક્ખમન્તમ્મિ. ૫**

જ્યારે નમિરાજર્ષિએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, ત્યારે મિથિલા નગરીમાં સઘળે ઠેકાણે વિલાપ, કકળાટ વગેરેનો કોલાહલ મચી ગયો. ૫

**અબ્ભુટ્ઠિયં રાયરિસિં, પવ્વજ્જાઠાણમુત્તમં;**
**સક્કો માહણરુવેણં, ઇમં વયણમબ્બવી. ૬**

જ્ઞાન વગેરે ગુણોના આશ્રયરૂપ ઉત્તમ પ્રવ્રજયારૂપ સ્થાનમાં આરૂઢ થયેલ નમિરાજર્ષિને બ્રાહ્મણવેષે આવેલા ઈન્દ્ર મહારાજે તેમના મનની પરીક્ષા કરવાની ઈચ્છાથી, આ પ્રમાણે વચન કહેવાની શરૂઆત કરી. ૬

**કિં ણુ ભો ! અજ્જ મિહિલાએ,**
**કોલાહલગસંકુલા;**

**સુવ્વન્તિ દારુણા સદ્દા**
**પાસાએસુ ગિહેસુ ય. ૭**

હે રાજર્ષિ ! આજે મિથિલા નગરીમાં ઘણા કકળાટથી વ્યાપ્ત, હૃદયના ઉદ્વેગને કરનારા વિલાપ વગેરે શબ્દો, રાજમહેલો, હવેલીઓ વગેરેમાં સઘળે ઠેકાણે કેમ સંભળાઈ રહ્યા છે ? ૭

**એયમટ્ઠં નિસામેત્તા, હેઊ કારણચોઇઓ;**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી. ૮**

કોલાહલ વગેરેથી વ્યાપ્ત શબ્દો સંભળાય છે, એ વાક્યથી સૂચિત હેતુ અને કારણથી અભિનિષ્ક્રિયમણના નિષેધ માટે પ્રેરણાને પામેલ નમિરાજર્ષિ, આ પ્રમાણે ઈન્દ્રને જવાબ રૂપે કહેવા લાગ્યા. ૮

**મિહિલાએ ચેઇએ વચ્છે, સીયચ્છાએ મણોરમે;**
**પત્ત-પુપ્ફ-ફલોવેએ, બહૂણં બહુગુણે સયા. ૯**

મિથિલાનગરીના ઉદ્યાનમાં શીતલ છાયા-વાળું, પાંદડાફૂલ-ફળવાળું મનોરમ નામનું અને ફલ વગેરેથી પક્ષી વગેરેને સદા અત્યંત ઉપકારક મોટું વૃક્ષ છે. ૯

**વાએણ હીરમાણમ્મિ,**
**ચેઇયમ્મિ મણોરમે;**
**દુહિયા અસરણા અત્તા,**
**એએ કંદંતિભો ! ખગા. ૧૦**

હે બ્રાહ્મણ ! ઉદ્યાનમાં રહેલ મનોરમ વૃક્ષ પ્રચંડ આંધીના ઝપાટાથી પડી જવાથી, દુઃખવાળા, રક્ષણ વગરના અને પીડિત થયેલા આ પક્ષીઓ કરુણ ક્રંદન કરે છે, અર્થાત્ આ તમામ લોકો સ્વાર્થ જવાથી રડે છે. તેમાં મારું અભિનિષ્ક્રમણ હેતુ કારણ નથી. ૧૦

**એયમટ્ઠં નિસામેત્તા, હેઊ-કારણચોઇઓ;**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી.૧૧**

આ પ્રકારનો સ્પષ્ટ જવાબ સાંભળી, પૂર્વોક્ત હેતુ-કારણના ખંડન કરનાર જવાબથી પ્રેરણાને પામેલ દેવેન્દ્ર ફરીથી નમિરાજર્ષિને પૂછે છે. ૧૧

**એસ અગ્ગી ય વાઉ ય,**
**એયં ડજ્ઝતિ મંદિરં;**
**ભગવં અન્તેઉરં તેણં,**
**કીસ ણં નાવપેક્ખહ. ૧૨**

હે ભગવન્ ! આ અગ્નિ અને વાયુ છે. આ આપણો રાજમહેલ બળી રહ્યો છે અને તેથી અંતઃપુર બળી રહ્યું છે, છતાં આ બધા સામે આપ કેમ જોતાં નથી ? ૧૨

**એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણચોઇઓ;**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી.૧૩**

આ વિષયને સાંભળી, હેતુ-કારણના પ્રદર્શનપૂર્વક પૂછાયેલ નમિરાજર્ષિ દેવેન્દ્રને હવે કહેવાતો જવાબ આપે છે. ૧૩

**સુહં વસામો જીવામો,**
**જેસિ મો નત્થિ કિંચણં;**
**મિહિલાએ ડજ્ઝમાણીએ,**
**ન મે ડજ્ઝઇ કિંચણં.** ૧૪

હે ઈન્દ્ર ! અમે સુખે રહીએ છીએ અને જીવીએ છીએ. કોઈ પરવસ્તુ જરા પણ મારી નથી. 'હું પોતે મારો છું, મારું કાંઈ નથી.' અર્થાત્ અંતઃપુર વગેરે મારું છે જ નહિ, કે જેથી રક્ષણયોગ્ય બને ! એથી જ મિથિલા નગરી બળવા છતાં એમાંનું જરા પણ મારું બળતું નથી. ૧૪

**ચત્તપુત્ત-કલત્તસ્સ,**
**નિવ્વાવારસ્સ ભિક્ખુણો;**
**પિયં ન વિજ્જઈ કિંચિ,**
**અપ્પિયં પિ ન વિજ્જઇ.** ૧૫

સ્ત્રી, પુત્ર વગેરેના ત્યાગ કરનાર, પાપવ્યાપાર માત્રના પરિહારી ભિક્ષુને કોઈ ચીજ

પ્રિય કે અપ્રિય હોતી નથી, સકલ વસ્તુમાં સમભાવ હોય છે. ૧૫

**બહુ ખુ મુણિણો ભદ્દં, અણગારસ્સ ભિક્ખુણો;**
**સવ્વઓ વિપ્પમુક્કસ્સ, એગન્તમણુપસ્સઓ.૧૬**

બહાર અને અંદરના પરિગ્રહો વગેરે વગરના, હું એકલો જ છું એવા સિદ્ધાન્તને વળગી રહેનાર, તેમજ ઘર વગરના, નિર્દોષ આહાર કરનાર મુનિને ચોક્કસ અહીં ઘણું સુખ છે. ૧૬

**એયમટ્ઠં નિસામેત્તા, હેઊ-કારણચોઇઓ;**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી.૧૭**

આ પૂર્વોક્ત વાત સાંભળી. હેતુ-કારણની અસિદ્ધિ જ્યારે નમિરાજર્ષિએ પ્રગટ કરી, ત્યારે ઇન્દ્ર નમિરાજર્ષિને નીચે મુજબ કહે છે. ૧૭

**પાગારં કારઇત્તા ણં,**
**ગોપુરટ્ટાલગાણિ ય;**

ઓસૂલગ સયગ્ઘીઓ,
તઓ ગચ્છસિ ખત્તિયા. ૧૮

કિલ્લો, મુખ્ય દરવાજો, યુદ્ધ કરવાના સ્થાનો, ખાઈઓ, તોપો વગેરે બનાવરાવી, વ્યવસ્થિત કરીને હે ક્ષત્રિય ! પછીથી જ જવું હોય તો જજો. ૧૮

**એયમટ્ઠં નિસામેત્તા, હેઊ-કારણચોઇઓ;**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી.૧૯**

આ વાતને સાંભળી, હેતુ-કારણપૂર્વક ઇન્દ્રની પ્રેરણાને પામેલ નમિરાજર્ષિ નીચે મુજબ જવાબ આપે છે. ૧૯

**સદ્ધં ચ નગરં કિચ્ચા, તવસંવરમગ્ગલં;**
**ખન્તિનિઉણપાગારં, તિગુત્તં દુપ્પધંસગં. ૨૦**
**ધણું પરક્કમં કિચ્ચા,**
**જીવં ચ ઇરિયં સયા;**
**ધિઇ ચ કેયણં કિચ્ચા,**
**સચ્ચેણં પલિમન્થએ. ૨૧**

તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધાને નગર અને પ્રશમ વગેરેને મુખ્ય દવાજો તથા આશ્રવનિરોધ રૂપ સંવરને સાંકળો-કમાડ, ક્ષમા રૂપ સમર્થ કિલ્લાને અને તેમાં મનગુપ્તિ વગેરે ત્રણ ગુપ્તિ રૂપ અટ્ટાલક-ખાઈઓ-તોપો બનાવી, જીવના વીર્યોલ્લાસ રૂપ પરાક્રમ નામનું ધનુષ્ય, અને એમાં ઈર્યાસમિતિ વગેરે સમિતિ રૂપ દોરી તથા ધૈર્ય નામની ધનુષ્યના મધ્યમાં લાકડાની મૂઠ બનાવીને, તેને સત્ય રૂપ દોરાથી બાંધવી જોઈએ. ૨૦-૨૧

**તવમારાયજુત્તેણં, ભિત્તૂણં કમ્મકંચુયં;**
**મુણી વિગયસંગામો, ભવાઓ પરિમુચ્ચઈ. ૨૨**

તપના બાણથી યુક્ત પરાક્રમ રૂપી ધનુષ્ય વડે કર્મના કંચુક(બક્તર)ને ભેદી, મુનિ સંગ્રામવિજેતા બની સંસારથી મુક્ત બને છે. ૨૨

**એયમટ્ઠં નિસામેત્તા, હેઊ-કારણ-ચોઈઓ;**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી.૨૩**

આ પૂર્વોક્ત કથન સાંભળી, હેતુ કારણની અસિદ્ધિથી પ્રેરિત થયેલ દેવેન્દ્ર, નમિરાજર્ષિને નીચેના વિષય પૂછે છે. ૨૩

**પાસાએ કારઇત્તાણં, વદ્ધમાણગિહાણિ ય;**
**વાલગ્ગપોઇયાઓ ય, તતો ગચ્છસિ ખત્તિયા.૨૪**

પ્રાસાદોને અને વાસ્તુશાસ્ત્ર મુજબ વર્ધમાન ગૃહોને તથા સમસ્ત વિશિષ્ટ રચનાવાળા ઘરોને બનાવરાવી, હે ક્ષત્રિય! પછીથી નિષ્ક્રમણ કરજો. ૨૪

**એયમટ્ઠં નિસામેત્તા હેઉ-કારણચોઈઓ;**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી.૨૫**

આ પ્રમાણે ઈન્દ્રે કહેલ સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ, ઈન્દ્રને નીચે જણાવેલ જવાબ આપે છે. ૨૫

**સંસયં ખલુ સો કુણઇ,**
**જો મગ્ગે કુણઈ ઘરં;**

**જત્થેવ ગન્તુમિચ્છેજ્જા,**
**તત્થ કુવ્વેજ્જ સાસયં. ૨૬**

ગમનના સંશયવાળો માર્ગ ઘર કરે છે. ગમનના નિશ્ચયવાળો તે નથી કરતો. જ્યાં જવાની ઈચ્છા હોય ત્યાં જ જઈ તે આશ્રય કરે છે. અમારે મુક્તિપદમાં જવાની ઈચ્છા છે. માટે દુન્યવી ઘર ન બનાવતાં મુક્તિધામ રૂપ આશ્રય બનાવવા અમે પ્રવૃત્તિશીલ છીએ. ૨૬

**એયમટ્ઠં નિસામેત્તા, હેઉ-કારણચોઈઓ;**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી.૨૭**

આ પ્રમાણે નમિરાજર્ષિએ કહેલ સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ દેવેન્દ્ર નીચે જણાવેલ બાબતને પૂછે છે. ૨૭

**આમોસે લોમહારે ય, ગંઠિભેએ ય તક્કરે;**
**નગરસ્સ ખેમં કાઊણં, તતો ગચ્છસિ ખત્તિયા.૨૮**

ધનવંતને મારી કે માર્યા વગર ચોરી કરનારા ચોરોને, ખિસ્સાકાતરુઓને અને હંમેશાં ચોરીનો ધંધો કરનારાઓને બહાર કાઢી મૂકીને, નગરનું ક્ષેમ કરીને. પછીથી તમો હે ક્ષત્રિય ! અભિનિષ્ક્રમણ કરજો. કેમે કે આ તમારો રાજ ધર્મ છે. ૨૮

**એયમટ્ઠં-નિસામેત્તા, હેઊ-કારણચોઇઓ;**

**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી.૨૯**

આ પ્રમાણે દેવેન્દ્રે કહેલ સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ નીચે દર્શાવેલ જવાબ આપે છે. ૨૯

**અસઇં તુ મણુસ્સેહિં,**
**મિચ્છાદંડો પઉંજઇ;**
**અકારિણોડત્થ બજ્ઝન્તિ,**
**મુચ્ચઈ કારઓ જણો. 30**

અનેક વાર જે અપરાધ વગરના હોય તેઓના ઉપર પણ અજ્ઞાન વગેરેથી મનુષ્ય દંડ કરે છે. એથી

આ લોકમાં ચોરી વગેરે નહિ કરનારાઓ બેડી વગેરેથી જકડાય છે અને ચોરી વગેરે કરનારાઓ છૂટી જાય છે. આ જ્ઞાનની અશક્યતાને લીધે અપરાધીને દંડ નહિ અને નિરપરાધીને દંડ કરનાર રાજા, રાજધર્મવાળો અને નગરનું કુશલ કરનારો કેવી રીતે કહેવાય ? ૩૦

**એયમટ્ઠં નિસામિત્તા, હેઊ-કારણચોઈઓ;**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી.૩૧**

આ વાતને સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ શક્રેન્દ્ર, રાગની પરીક્ષા કર્યા બાદ દ્વેષના અભાવની પરીક્ષા માટે નીચે મુજબ નમિરાજર્ષિને પૂછે છે. ૩૧

**જે કેઈ પત્થિવા તુબ્ભં,**
**ન નમંતિ નરાહિવા;**
**વસે તે ઠાવઈત્તા ણં,**
**તઓ ગચ્છસિ ખત્તિયા. ૩૨**

જે કેટલાક રાજાઓ નમતા નથી તેઓને વશ કરીને પછી હે ક્ષત્રિય ! તમે જજો. અર્થાત્ જે સમર્થ રાજા હોય છે તે નહીં નમતા રાજાઓને નમાવે છે. આપ તો સમર્થ છો. ૩૨

**એયમટ્ઠં નિસામિત્તા,**
**હેઉ-કારણચોઈઓ;**
**તઓ નમી રાયરિસી,**
**દેવિંદં ઇણમબ્બવી. 33**

આ પૂર્વોક્ત અર્થને સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ નમિ રાજર્ષિ દેવેન્દ્રને નીચે દર્શાવેલ કહે છે. ૩૩

**જો સહસ્સં સહસ્સાણં,**
**સંગામે દુજ્જએ જિણે;**
**એગં જિણેજ્જ અપ્પાણં,**
**એસ સે પરમો જઓ. 3૪**

જે દુર્જય સંગ્રામમાં દશ લાખ સુભટોને જીતે છે, તે જો વિષય-કષાયમાં પ્રવૃત્ત અતિ દુર્જેય એવા એક આત્માને જીતે, તો તે વિજેતાનો દશ લાખ સુભયોના વિજય કરતાં પરમ વિજય છે. ૩૪

**અપ્પાણમેવ જુજ્ઝાહિ,**
**કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ;**
**અપ્પાણમેવ અપ્પાણં,**
**જઇત્તા સુહમેહએ.** ૩૫

હે આત્મન્ ! અનાચારપ્રવૃત્ત આત્માની સાથે જ યુદ્ધ કર ! બાહ્ય રાજાઓની સાથે લડવાથી તને શો લાભ છે ? આ પ્રમાણે અનાચારપ્રવૃત્ત આત્માને જીતી લેવાથી મુક્તિસુખરૂપ એકાન્તિક સુખને મુનિ પામે છે. ૩૫

**પંચિન્દિયાણિ કોહં,**
**માણં માયં તહેવ લોભં ચ;**

**દુજ્જયં ચેવ અપ્પાણં,**
**સવ્વમપ્પે જિએ જિયં.૩૬**

પાંચ ઈન્દ્રિયો, ક્રોધ-માન-માયા-લોભ, દુર્જય મન, મિથ્યાત્વ વગેરે સઘળુંય, જો આત્મા એક જીતાય તો સર્વ જીતાયેલું જ છે. વાસ્તેજ હું બાહ્ય શત્રુઓની ઉપેક્ષા કરીને આત્માના જ જયમાં પ્રવૃત્તિશીલ છું. ૩૬

**એયમટ્ઠં નિસામેત્તા,**
**હેઉ-કારણચોઇઓ;**
**તઓ નમિં રાયરિસિં,**
**દેવિન્દો ઇણમબ્બવી.** ૩૭

આ પૂર્વોક્ત વાત સાંભળી, હેતુ કારણથી પ્રેરિત થયેલ ઈન્દ્ર, નમિરાજર્ષિના રાગ અને દ્વેષના અભાવનો નિશ્ચય કરી, જિનધર્મની સ્થિરતાની પરીક્ષા માટે નીચે મુજબ નમિરાજર્ષિને પૂછે છે. ૩૭

જઇત્તા વિપુલે જન્ને,
ભોઈત્તા સમણ-માહણે;
દચ્ચા ભુચ્ચા ય જિટ્ઠા ય,
તઓ ગચ્છસિ ખત્તિયા. ૩૮

હે ક્ષત્રિય ! મોટા યજ્ઞો કરાવી. શાક્ય વગેરે શ્રમણો બ્રાહ્મણોને જમાડી, બ્રાહ્મણ વગેરેને દક્ષિણામાં ગાય વગેરેનું દાન આપી, મનોહર શબ્દ વગેરેને ભોગવ અને સ્વયં યજ્ઞો કરી, પછી આપ દીક્ષા લેજો. ૩૮

એયમટ્ઠં નિસામેત્તા
હેઊ-કારણચોઇઓ;
તઓ નમી રાયરિસી,
દેવિન્દં ઇણમબ્બવી. ૩૯

આ પૂર્વોક્ત વિષય સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ દેવેન્દ્રને નીચે મુજબ જવાબ આપે છે. ૩૯

**જો સહસ્સં સહસ્સાણં,**
**માસે માસે ગવં દએ;**
**તસ્સાવિ સંજમો સેઓ,**
**અદિન્તસ્સ વિ કિંચણં. ૪૦**

જે કોઈ દર મહિને દશ લાખ ગાયોનું દાન કરે છે તો પણ, તેનાં કરતાં કાંઈ પણ નહીં આપવા છતાં હિંસા વગેરે પાપોના પરિહારરૂપ સંયમ તેનું અત્યંત પ્રશસ્ય સર્વશ્રેષ્ઠ છે. ૪૦

**એયમટ્ઠં નિસામેત્તા, હેઊ-કારણચોઇઓ;**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી.૪૧**

આ પૂર્વોક્ત બીના સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ જૈનધર્મની દ્રઢતાનો નિશ્ચય કરી, વ્રતની દઢતાની પરીક્ષા માટે ઇન્દ્ર નમિ રાજર્ષિને હવે નીચેની બાબત પૂછે છે. ૪૧

**ઘોરાસમં ચઇત્તાણં,**
**અણ્ણં પત્થેસિ આસમં;**

**ઇહેવ પોસહરઓ,**

**ભવાહિ મણુયાહિવા. ૪૨**

અત્યંત દુષ્કર હોઈ ઘોર-આશ્રય ગૃહસ્થાશ્રમને છોડી દીક્ષારૂપી બીજા આશ્રમની શા માટે ઈચ્છા રાખો છો ? હે રાજન્ ! અહીં જ ગૃહસ્થાશ્રમમાં રહી અષ્ટમી વગેરે તિથિઓમાં પૌષધવ્રતધારી બનો ! ૪૨

**એયમટ્ઠં નિસામેત્તા, હેઉ-કારણચોઇઓ;**

**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી.૪૩**

આ પૂર્વોક્ત વાત સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ ઈન્દ્રને નીચે મુજબ જવાબ આપે છે. ૪૩

**માસે માસે ઉ જો બાલો, કુસગ્ગેણ તુ ભુંજએ;**

**ન સો સક્ખાયધમ્મસ્સ, કલં અગ્ઘઇ સોલહિં.૪૪**

જે કોઈ અવિવેકી એક એક માસમાં દાભના

અગ્રભાગ જેટલો આહાર કરે છે તેવા પ્રકારનો ઘોર તપસ્વી, તીર્થંકરપ્રણીત સર્વસાવદ્યત્યાગરૂપ મુનિધર્મના સોલમા ભાગ સરખો પણ ન થાય! જેથી પ્રભુએ મખ્યતયા મુનિધર્મ કહેલ છે, નહિ કે ગૃહસ્થાશ્રમ! તેથી દીક્ષા રૂપ આશ્રમ શ્રેયસ્કર છે. ૪૪

**એયમટ્ઠં નિસામેત્તા, હેઊ-ક્કારણચોઇઓ;**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી.૪૫**

આ પૂર્વોક્ત જવાબ સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત બનેલ ઇન્દ્ર નીરાગતાની પરીક્ષા માટે નમિરાજર્ષિને નીચેની બાબત પૂછે છે. ૪૫

**હિરણ્ણં સુવણ્ણં મણિ-મુત્તં,**
**કંસં દૂસં ચ વાહણં;**
**કોસં વટ્ઠાવઇત્તાણં,**
**તઓ ગચ્છસિ ખત્તિયા ૪૬**

હે ક્ષત્રિય! ઘડેલું, નહીં ઘડેલું સોનું, ઇન્દ્રનીલ વગેરે મિઓ, મોતીઓ, કાંસાના વાસણો વગેરે દૂષ્ય

વસ્ત્ર વગેરે વસ્ત્રો, રથ વગેરે વાહનો અને ભંડાર વગેરે સઘળાયને વધારીને પછી જજો ! ૪૬

**એયમટ્ઠં નિસામેત્તા, હેઉ-કારણચોઈઓ;**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી.૪૭**

આ પૂર્વોક્ત બાબત સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ નમિ રાજર્ષિ શકેન્દ્રને નીચે જણાવેલ જવાબ આપે છે. ૪૭

**સુવણ્ણ-રૂપ્પસ્સ ઉ પવ્વયા ભવે,**
**સિયા હુ કેલાસસમા અસંખયા;**
**નરસ્સ લુદ્ધસ્સ ન તેહિં કિંચિ,**
**ઇચ્છા હુ આગાસસમા અણન્તિયા. ૪૮**

સોના રૂપાના મેરુપર્વત જેવડા અસંખ્યાતા પર્વતો કદાચ મળી જાય, તો પણ તૃષ્ણાતુર મનુષ્યને થોડો પણ સંતોષ થતો નથી, કારણ કે ઈચ્છા આકાશ જેટલી અનંત છે. ૪૮

**પુઢવી સાલી જવા ચેવ, હિરણ્ણં પસુભિસ્સહ;**
**પડિપુણ્ણં નાલમેગસ્સ, ઇઇ વિજ્જા તવં ચરે.૪૯**

ભૂમિ, લાલ ડાંગર વગેરે ડાંગરની જાતિ, જવ વગેરે ધાન્ય, સોનું વગેરે અને ગાય વગેરે પશુધનની સાથે સળધું ય એક જંતુને ઇચ્છાપૂર્તિ માટે સદા શક્તિમાન થતું નથી. આ પ્રમાણે જાણીને અનશન વગેરે બાર પ્રકારના તપનું આચરણ કરવું જોઈએ. ૪૯

**એયમટ્ઠં નિસામેત્તા હેઉ-કારણચોઇઓ;**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઇણમબ્બવી.૫૦**

આ પૂર્વોક્ત જવાબ સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ દેવેન્દ્ર નમિ રાજર્ષિને નીચે જણાવેલ વિષય પૂછે છે. ૫૦

**અચ્છેરયમબ્ભુદએ,**
**ભોએ ચયસિ પત્થિવા;**
**અસન્તે કામે પત્થેસિ,**
**સંકપ્પેણ વિહણ્ણસિ.** ૫૧

આશ્ચર્યની વાત છે કે હે રાજન્ ! આપ વિદ્યમાન આશ્ચર્યરૂપ ભોગોને છોડી અવિદ્યમાન સ્વર્ગ વગેરેના કામભોગોને ચાહો છો ! અપ્રાપ્ત ભોગોના સંકલ્પની અનંતઈચ્છાથી હત-પ્રહત બની રહ્યા છો, આપ વિવેકી હોવાથી પ્રાપ્ત ભોગોને અપ્રાપ્ત ભોગોની ઈચ્છાથી ન છોડો ! ૫૧

**એયમટ્ઠં નિસામેત્તા, હેઊ-કારણચોઇઓ;**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી.૫૨**

આ પૂર્વોક્ત વાતના સાંભળી, હેતુ કારણથી પ્રેરિત બનેલ નમિરાજર્ષિ, દેવેન્દ્રને નીચે જણાવેલ જવાબ આપે છે. ૫૨

**સલ્લં કામા વિસં કામા, કામા આસીવિસોવમા;**
**કામે પત્થેમાણા, અકામા જન્તિ દુગ્ગઇં. ૫૩**

પ્રતિક્ષણ પીડાકારી એવા શબ્દ વગેરે કામો શલ્ય જેવા છે, તેમજ (ધર્મ) જીવનનાશકની અપેક્ષાએ ઝેર અને સાપ જેવા છે. કામભોગોની

ચાહના કરનાર જીવો, ભોગો નહી મળવા કે ભોગવવા છતાં કામનાથી જ પરભવમાં નરક વગેરે દુર્ગતિમાં જાય છે. ૫૩

**અહે વયઇ કોહેણં, માણેણં અહમા ગઈ;**
**માયા ગઇ પડિગ્ઘાઓ, લોહાઓ દુહઓ ભયં.૫૪**

ક્રોધથી નરકગતિ, માનથી નીચગતિ, માયાથી સુગતિનો નાશ અને લોભથી આ લોક-પરલોકનો ભય થાય છે. અર્થાત્ કામભોગોની કામનાથી ક્રોધ વગેરે થાય છે, તો તેથી દુર્ગતિ કેમ નહિ ? ૫૪

**અવઉજ્ઝિઊણ માહણરૂવં,**
**વિઉવ્વિઊણ ઇન્દત્તં;**
**વન્દઇ અભિત્થુણન્તો,**
**ઇમાહિં મહુરાહિં વગ્ગૂહિં. ૫૫**

હવે દેવેન્દ્ર, બ્રાહ્મણરૂપને છોડી, ઈન્દ્રરૂપ બનાવ, આ નીચે કહેવાતી મનોહર વાણીથી સ્તુતિ કરતો નમસ્કાર કરે છે. ૫૫

અહો ! તે નિજ્જિઓ કોહો,
અહો ! માણો પરાજિઓ;
અહો ! તે નિરક્કિયા માયા,
અહો ! લોહો વસીકઓ. ૫૬

આશ્ચર્ય છે કે તમે ક્રોધને જીતી લીધો, માનને હરાવી દીધો, માયાનું નિરાકરણ કર્યું અને લોભ પોતાને આધીન કર્યો છે. ૫૬

અહો ! તે અજ્જવં સાહુ,
અહો ! તે સાહુ મદ્દવં;
અહો ! તે ઉત્તમા ખન્તી,
અહો ! તે મુત્તિ ઉત્તમા. ૫૭

અહો, કેવી સરસ આપની સરલતા છે ! અહો, આપની નમ્રતા અપૂર્વ છે ! અહો, આપની ક્ષમા અલૌકિક છે ! અહો, આપનો સંતોષ અસાધારણ છે ! ૫૭

**ઇહં સિ ઉત્તમો ભન્તે, પેચ્ચા હોહિસિ ઉત્તમો;**
**લોગુત્તમુત્તમં ઠાણં, સિદ્ધિં ગચ્છસિ નીરઓ.૫૮**

હે પૂજ્ય ! આપ ઉત્તમ ગુણસંપન્ન હોઈ આ લોકમાં ઉત્તમ છો અને પરલોકમાં ઉત્તમ બનશો. અહીં કર્મરહિત બનીને લોકના ઉત્તમોત્તમ સ્થાનરૂપ મુક્તિમાં જશો. ૫૮

**એવં અભિત્થુણન્તો,**
**રાયરિસિં ઉત્તમાએ સદ્ધાએ;**
**પયાહિણં કરેન્તો,**
**પુણો પુણો વન્દએ સક્કો. ૫૯**

આ પ્રમાણે પૂર્વોક્ત સ્તુતિ કરતો શક્રેન્દ્ર, નમિરાજર્ષિને ઉત્તમ શ્રદ્ધાથી પ્રદક્ષિણા દેતો વારંવાર પ્રણામ કરે છે. ૫૯

**તો વન્દિઊણ પાએ,**
**ચક્કંકુસલક્ખણે મુણિવરસ્સ;**

**આગાસેણુપ્પઇઓ,**

**લલિયચવલકુંડલકિરીડી.** ૬૦

ત્યારબાદ નમિરાજર્ષિ-મુનિવરના ચક્ર-અંકુશના લક્ષણવંતા ચરણોમાં વંદના કરીને, વિલાસવાળા હોવાથી લલિત તથા ચંચલ હોવાથી ચપલ કુંડલવાળો અને મુકુટધારી ઈન્દ્ર, આકાશમાર્ગે દેવલોક ભણી રવાના થઈ ગયા. ૬૦

**નમી નમેઈ અપ્પાણં,**

**સક્ખં સક્કેણ ચોઇઓ;**

**ચઇઊણ ગેહં વઇદેહી,**

**સામણ્ણે પજ્જુવટ્ઠિઓ.** ૬૧

નમિ રાજર્ષિની પ્રત્યક્ષ થઈને ઈન્દ્રે સ્તુતિ કરવાં છતાં, વિદેહદેશના અધીશ્વર નમિરાજર્ષિ, ગર્વિત નહિ બનતાં આત્માને સ્વ-સ્વરૂપ પ્રતિ નમાવનાર બને છે. તેઓ રાજધાનીનો ત્યાગ કરી સંયમની સાધનામાં ઉજમાળ થયા પરંતુ ઈન્દ્રની

પ્રેરણાથી ધર્મથી ખસ્યા નહીં. ૬૧

**એવં કરેન્તિ સંબુદ્ધા,**
**પંડિયા પવિઅક્ખણા;**
**વિણિઅટ્ટન્તિ ભોગેસુ,**
**જહા સે નમી રાયરિસિ.** ૬૨ ॥ ત્તિ બેમિ. ॥

આ પ્રમાણે જેમ નમિ રાજર્ષિ, સ્વધર્મમાં નિશ્ચલતાવાળા થયા, તેમ તત્વજ્ઞાની, ગીતાર્થ, અભ્યાસના અતિશયથી ક્રિયામાં નિષ્ણાત બીજા મુનિઓ પણ ભોગોથી વિરામ પામનારા થાય છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. ૬૨

(ઇઇ નમિપવ્વજ્જા સમત્તા ૯)

●●●

# ૧૦. શ્રી દ્રુમપત્રકં અધ્યયન

દુમપત્તએ પંડુરએ જહા,
નિવડઈ રાઇગણાણ અચ્ચએ;
એવં મણુયાણ જીવિયં,
સમયં ગોયમ મા પમાયએ. ૧

જેમ વૃક્ષનું પાન, શ્વેતવર્ણી-પરિપક્વ બની વૃક્ષ ઉપરથી તૂટીને નીચે ખરી પડે છે, તેમ રાત્રિ-દિવસોના સમૂહો વ્યતીત થતાં, સ્થિત ખલાસ થતાં કે અધ્યવસાય વગેરેથી કરાયેલ ઉપક્રમથી મનુષ્યોનું જીવન (જોબન) નાટક સમાપ્ત થાય છે. માટે હે ગૌતમ ! ધર્મસાધનમાં એક સમયનો પ્રમાદ પણ અકરણીય છે. ૧

કુસગ્ગે જહ ઓસબિન્દુએ,
થોવં ચિટ્ઠઈ લમ્બમાણએ;
એવં મણુઆણ જીવિયં,
સમયં ગોયમ ! મા પમાયએ. ૨

જેમ દાભની અણી ઉપર પડેલું ઝાકળનું બિંદુ થોડા સમય સુધી રહે છે, તેમ મનુષ્યોનું આયુષ્ય અલ્પકાલીન છે. માટે હે ગૌતમ ! એક સમય પણ ધર્મસાધનામાં પ્રમાદ કરવો નહીં. ૨

**ઇઇ ઇત્તરિયમ્મિ આઉએ,**
**જીવિઅએ બહુપચ્ચવાયએ;**
**વિહુણાહિ રયં પુરે કડં,**
**સમયં ગોયમ ! મા પમાયએ. 3**

આ પ્રમાણે વૃક્ષપત્રની જેમ કે જલબિંદુની જેમ ઘણા પ્રત્યપાયવાળું નિરૂપક્રમ કે સોપક્રમ મનુષ્યાયુષ્ય, અલ્પ કાલીન-અનિત્ય જાણી પૂર્વકૃત કર્મરૂપી રજને દૂર કરવી જોઈએ માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરશો. ૩

**દુલ્લહે ખલુ માણુસે ભવે,**
**ચિરકાલેણ વિ સવ્વપાણિણં;**
**ગાઢા ય વિવાગ કમ્મુણો,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૪**

પુણ્યશૂન્ય સર્વ જીવોને લાંબા ગાળે પણ ફરીથી મનુષ્યજન્મ પામવો દુર્લભ છે, કેમકે નરગતિવિઘાતક પ્રકૃતિરૂપ કર્મોના ઉદયોનો વિનાશ કરવો અશક્ય છે. તેથી હે ગૌતમ ! એક સમયના પ્રમાદને અવકાશ ન આપો ! ૪

**પુઢવીક્કાય-મઇગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે;**
**કાલં સંખાઇયં, સમયં ગોયમ ! મા પમાયએ. ૫**

**આઉક્કાયમઇગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે;**
**કાલં સંખાઇયં, સમયં ગોયમ ! મા પમાયએ. ૬**

**તેઉક્કાયમઇગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે;**
**કાલં સંખાઇયં, સમયં ગોયમ ! મા પમાયએ. ૭**

**વાઉક્કાયમઇગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે;**
**કાલં સંખાઇયં, સમયં ગોયમ ! મા પમાયએ. ૮**

પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય તેમજ વાયુકાયમાં ગયેલ જીવ, ઉત્કર્ષથી અસંખ્યાત

ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ કાલ પર્યંત રહે છે. આ ચારની આટલી ઉત્કૃષ્ટિ સ્વકાયસ્થિતિ છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરશો નહિ. ૫ થી ૮

**વણસ્સઇકાયમઇગઓ,**
**ઉક્કોસં જીવો ઉ સંવસે;**
**કાલમણં તંદુરન્તં,**
**સમયં ગોયમ ! મા પમાયએ.** ૯

સાધારણ વનસ્પતિકાયમાં ગયેલ જીવ, અનંત ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ અનંતકાલ સુધી રહે છે. વળી આ અનંત દુરંત છે, તેમજ આ જીવો અત્યંત અલ્પ ચૈતન્યવાળા હોઈ ત્યાંથી નીકળેલાને પણ પ્રાયઃ વિશિષ્ટ મનુષ્ય વગેરે ભવ દુર્લભ થાય છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરવો નહીં. ૯

**બેઇન્દ્રિયકાયમઇગઓ,**
**ઉક્કોસં જીવો ઉ સંવસે;**

કાલં સંખિજ્જ-સન્નિયં,
સમયં ગોયમ ! મા પમાયએ. ૧૦

તેઇંદકાયમઇગઓ,
ઉક્કોસં જીવો ઉ સંવસે;
કાલં સંખેજ્જસન્નિયં
સમયં ગોયમ ! મા પમાયએ. ૧૧

ચઉરિન્દિયકાયમઇગઓ,
ઉક્કોસં જીવો ઉ સંવસે;
કાલં સંખેજ્જસન્નિયં,
સમયં ગોયમ ! મા પમાયએ. ૧૨

બે ઈન્દ્રિયવાળાં (સ્પર્શન રસના), ત્રણ ઈન્દ્રિયવાળા (પહેલા બે ઘ્રાણ) અને ચાર ઈન્દ્રિયવાળા (પહેલા ત્રણ, આંખ) કાયમાં ગયેલ જીવ, સંખ્યાત હજાર વર્ષરૂપ સંખ્યાતા કાલ સુધી ઉત્કર્ષથી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનોય પ્રમાદ આવવા દેશો નહીં. ૧૦થી ૧૨

**પંચિન્દિયકાયમઇગઓ,**
**ઉક્કોસં જદીવો ઉ સંવસે;**
**સત્તઽટ્ઠભવગ્ગહણે,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૧૩**

પાંચ ઈન્દ્રિયોવાળા (ઉપરના ચાર, કર્ણ) તિર્યંચોની અને મનુષ્યોની કાયમાં ગયેલ જીવ, સંખ્યાત આયુષ્યમાં સાત અને અસંખ્યાત આયુષ્યમાં આઠમો એમ સાત કે આઠ ભવ સુધી ઉત્કર્ષથી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરવા જેવો નથી. ૧૩

**દેવે નેરઇએ ય અઇગઓ,**
**ઉક્કોસં જીવો ઉ સંવસે;**
**ઇક્કિક્કભવગ્ગહણે,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૧૪**

દેવગતિ અને નરકગતિમાં ગયેલ જીવ, વધારેમાં વધારે એક ભવ સુધી રહે છે. માટે હે

ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં. ૧૪

**એવં ભવસંસારે,**
**સંસરઇ સુભાસુભેહિં કમ્મેહિં;**
**જીવો પમાયબહુલો,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૧૫**

આ પ્રમાણે તિર્યંચ વગેરે જન્મોરૂપી સંસારમાં પૃથ્વીકાય વગેરે ભવના હેતુરૂપ શુભાશુભ કર્મોથી જીવ પર્યટન કરે છે. જીવ, પ્રમાદની પ્રચુરતાવાળો હોવાથી કર્મો બાંધે છે અને સંસારપ્રવાસી બને છે. માટે હે ગોતમ ! એક સમયનો પ્રમાદ પણ વર્જનીય છે. ૧૫

**લદ્ધૂણ વિ માણુસત્તણં,**
**આયરિયત્તં પુણરવિ દુલ્લહં;**
**બહવે દસુયા મિલેક્ખુયા,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૧૬**

કદાચ મનુષ્યજન્મની પ્રાપ્તિ થવા છતાં મગધ વગેરે આર્યદેશમાં ઉત્પત્તિરૂપ આર્યપણું મળવું ઘણું દુર્લભ છે, કેમક કે ધર્માધર્મ, ભક્ષ્યાભક્ષ્ય વગેરેના જ્ઞાન-વિવેક વગરના પશુ સમાન અનાર્ય દેશોમાં મનુષ્યજન્મ મેળવ્યા પછી, કોઈ પણ ધર્મપુરુષાર્થ સાધી શકતો નથી, અર્થાત્ ચોર અને મ્લેચ્છ તરીકે પ્રખ્યાત થાય છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં. ૧૬

**લદ્ધૂણ વિ આરિઅત્તણં,**
**અહીણપંચિંદિઅયા હુ દુલ્લહા;**
**વિગલિંદિઅયા હુ દીસઈ,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૧૭**

આ પ્રમાણે આર્યપણું મળવા છતાં કોઈ પણ જાતના દોષ વગરની પરિપૂર્ણ પાંચેય ઈન્દ્રિયોની પ્રાપ્તિ દુર્લભ જ છે. કારણકે જન્મ થયા પછી પણ રોગ વગેરેના કારણે મનુષ્યોમાં ઈન્દ્રિયોની વિકલતા

દેખાય છે. માટે હે ગૌતમ ! એક સમયનો ય પ્રમાદ કરીશ નહીં. ૧૭

**અહીણપંચેન્દિયત્તં પિ સે લહે,**
**ઉત્તમધમ્મસુઈ હુ દુલ્લહા;**
**કુતિત્થિનિસેવએ જણે,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૧૮**

મહા પુણ્યે પંચેન્દ્રિયની પટુતા પ્રાણીને પ્રાપ્ત થવા છતાં, તત્ત્વશ્રવણરૂપ ઉત્તમ ધર્મનું શ્રવણ દુર્લભ જ છે. કેમ કે કુતીર્થિક-કુગુરુની સેવામાં સદાપરાયણ જનતાને જૈનધર્મના તત્ત્વોનું શ્રવણ દુર્લભ બને છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં. ૧૮

**લદ્ધૂણ વિ ઉત્તમં સુઇ,**
**સદ્દહણા પુણરવિ દુલ્લહા;**
**મિચ્છત્તનિસેવએ જણે,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૧૯**

ઉત્તમ ધર્મનું શ્રવણ થવાં છતાં તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધા દુર્લભ છે, કેમ કે અનાદિ ભવનો અભ્યાસ અને કર્મની ગુરુતાથી પ્રાયઃ મિથ્યાત્વમાં પ્રવૃત્તિ હોઈ, જન, અતત્ત્વને તત્ત્વ તરીકે માને છે. તેથી હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ હેય જ છે. ૧૯

**ધમ્મં પિ હુ સદ્દહન્તયા,**
**દુલ્લહયા કાએણ ફાસયા;**
**ઇહ કામગુણસુ મુચ્છિયા,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૨૦**

જીવો ધર્મની શ્રદ્ધા કરવાવાળા છતાં, તે ધર્મની સાધના કરનારા દુર્લભ હોય છે. કારણ કે તેઓ આ જગતમાં શબ્દ વગેરે વિષયાસક્તિમાં ગળાડુબ ડૂબેલા હોવાથી ધર્મસામગ્રી મળવા છતાં ધર્મ આરાધતા નથી. માટે હે ગૌતમ ! એક સમયના પ્રમાદનું પણ અવલંબન લઈશ નહીં. ૨૦

**પરિજૂરઇ તે સરીરયં,**
**કેસા પંડુરયા ભવન્તિ તે;**

સો સોયબલે ય હાયઈ,
સમયં ગોયહ ! મા પમાયએ. ૨૧
પરિજૂરઈ તે સરીરયં,
કેસા પંડુરયા હવન્તિ તે;
સે ચક્ખુબલે ય હાયઈ,
સમયં ગોયમ ! મા પમાયએ. ૨૨
પરિજૂરઇ તે સરીરયં,
કેસા પંડુરિયા હવન્તિ તે;
સે ઘાણબહલે ય હાયઈ,
સંમયં ગોયમ ! મા પમાયએ. ૨૩
પરિજૂરઇ તે સરીરયં,
કેસા પંડુરયા હવન્તિ તે;
સે જિબ્ભબલે ય હાયઈ,
સમયં ગોયમ ! મા પમાયએ. ૨૪
પરિજૂરઇ તે સરીરયં,
કેસા પંડુરયા હવન્તિ તે;

સે ફાસબલે ય હાયઈ,
સમયં ગોયમ ! મા પમાયએ. ૨૫

પરિજૂરઈ તે સરીરયં,
કેસા પંડુરયા હવન્તિ તે;
સે સવ્વબલે ય હાયઇ,
સમયં ગોયમ ! મા પમાયએ. ૨૬

હે ગૌતમ ! તારું શરીર વૃદ્ધાવસ્થાથી જર્જરિત થતું જાય છે. તે પહેલાં જનમન-નયનને હરનારા અત્યંત ભ્રમર જેવા કાળા તારા વાળ હતા, તે ઉંમર થવાથી સફેદ થવા માંડ્યા છે. તે કારણથી કાનનું બલ, આંખનું બલ, નાસિકાનું બલ, જીભનું બલ અને સ્પર્શેન્દ્રિયનું બલ, અર્થાત્ સાંભળવાની, જોવાની, સુંઘવાની, ચાખવાની અને અડકવાની શક્તિ તથા હાથ-પગ વગેરે અવયવોની પોતપોતાના વ્યાપારની શક્તિ જરાના કારણે નષ્ટ થતી જાય છે. માટે ઇન્દ્રિય વગેરેની વિદ્યમાન શક્તિ હોય છતે

ધર્મારાધનમાં એક સમયનો પણ પ્રમાદ કરશો નહિં.
૨૧થી ૨૬

**અરઈ ગંડં વિસૂઇયા,**
**આયંકા વિવિહા ફુસન્તિ તે;**
**વિહડઇ વિદ્ધંસઇ તે સરીરયં,**
**સમયં ગોયમ ! મા પમાયએ.** ૨૭

વાત વગેરેથી પેદા થયેલ ચિત્તના ઉદ્વેગરૂપ અરતિ, ગડગુમડ વગેરેરૂપ ગંડુરોગ, વિશિષ્ટ અજીર્ણરૂપ વિસૂચિકા રોગ, તત્કાળ મૃત્યુ કરનારા માથાના શૂળ વગેરે રોગો તેમજ બીજા વિવિધ રોગો તારા શરીરને અડકે છે, જેથી શરીર શક્તિહીન બને છે અને આગળ જતાં આખરે શરીર જીવરહિત બની નીચે પડી જાય છે. માટે જ્યાં સુધી જરા કે રોગોનું આક્રમણ નથી થયું તે પહેલાં શરીર દ્વારા ધર્મારાધનમાં હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરશો નહીં. જો કે શ્રી ગૌતમસ્વામીના શરીરમાં જરા કે રોગો સંભવિત

નથી, છતાં તેમની નિશ્રામાં રહેલ સમસ્ત શિષ્યોના પ્રતિબોધ માટેનું આ કથન સમજવું. ૨૭

**વોચ્છિન્દ સિણેહમપ્પણો,**
**કુમુયં સારઇયં વા પાણિયં;**
**સે સવ્વસિણેહવજ્જિએ,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૨૮**

હે ગૌતમ ! મારા વિષે રહેલ સ્નેહનો તું પરિત્યાગ કર ! જેમ ચંદ્રવિકાસી કમલ (કુમુદ) પહેલાં જલમગ્ન છતાં શરત્કાલના જલને છોડી ઊંચે રહે છે, તેમ તું પણ મારા સ્નેહને છોડી વીતરાગ બન ! માટે તે વિતરાગતા ખાતર એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં. ૨૮

**ચિચ્ચા ણ ધણં ચ ભારિયં,**
**પવ્વઇઓ હિ સિ અણગારિયં;**
**મા વન્તં પુણો વિ આવિએ,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૨૯**

ચતુષ્પદ વગેરે રૂપ ધન અને ભાર્યાને છોડી મુનિપણાને પામનાર તું બન્યો છે. હવે વમન-ત્યાગ કરેલ સાંસારિક વિષયોના સેવન તરફ મનને વાળવા દેવાનું નથી. માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ અકરણીય છે. ૨૯

**અવઉજ્ઝિય મિત્ત-બન્ધવં,**
**વિઉલં ચેવ ધણોહસંચયં;**
**મા તં બિઇયં ગવેસએ,**
**સમયં ગોયમ ! મા પમાયએ. 30**

મિત્રો, બાંધવો, કનક વગેરે સમુદાયના ભંડાર વગેરે પદાર્થોનો ત્યાગ કરી, હવે પછી બીજા મિત્ર વગેરેની ઇચ્છા કરો નહીં. કેમ કે ફરીથી તેની ઇચ્છા કરવી તે તો વમન કરેલું ખાવા બરાબર છે. માટે હે ગૌતમ ! સ્વીકૃત શ્રામણ્યના પાલનમાં એક સમયનો પ્રમાદ કરશો નહીં. ૩૦

ન હુ જિણે અજ્જ દિસઈ,
બહુમએ દિસ્સઇ મગ્ગદેસિએ;
સંપઇ નેઆઉએ પહે,
સમયં ગોયમ ! મા પમાયએ. 31

જો કે હાલમાં શ્રી અરિહંતદેવ વિદ્યમાન નથી, છતાં તેઓશ્રીએ કહેલો બહુમત જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગ દેખાય છે, અને આવો માર્ગ સર્વજ્ઞ સિવાય અસંભવિત છે. આ પ્રમાણે સુનિશ્ચિત મનવાળા ભવિષ્યમાં થનારા ભવ્યો પ્રમાદ ન કરે ! માટે હમણા હું છું તો ન્યાયયુક્ત મોક્ષમાર્ગમાં હે ગૌતમ ! કેવલજ્ઞાનની ઉત્પત્તિના સંશયને છોડી એક સમયનો પ્રમાદ ન કરીશ. ૩૧

અવસોહિ ય કંટગાપહં
ઓઇણણો સિ પહં મહાલયં;
ગચ્છસિ મગ્ગં વિસોહિયા,
સમયં ગોયમ ! મા પમાયએ. 32

જૈનેતર દર્શનરૂપ ભાવકંટકોથી આકુલ માર્ગનો પરિહાર કરી, સમ્યગ્દર્શન વગેરે ભાવ-માર્ગમાં તમે પ્રવેશ કરેલ છે. એટલું જ નહીં પણ તે માર્ગનો નિશ્ચય કરી આગળ પ્રગતિ કરી રહ્યા છો. માટે આ ચાલતી સતત સાધનામાં હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરશો નહીં. ૩૨

**અબલે જહ ભારવાહએ,**
**મા મગ્ગે વિસમેડવગાહિયા;**
**પચ્છા પચ્છાણુતાવએ,**
**સમયં ગોયમ ! મા પમાયએ. 33**

જેમ બલ વગરનો અને ભાર વહન કરનારો, વિષયમાર્ગમાં પ્રવેષ કરીને, લીધેલા ભારનો ત્યાગ કરનારો, પાછળથી પશ્ચાત્તાપ કરે છે, તેમ તું પણ પ્રમાદાધીન થઈને સંયમરૂપ ભારનો પરિત્યાગ કરી પાછળથી પશ્ચાત્તાપ કરવાનો વખત ન આવવા દઈશ. તેથી હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરીશ નહીં. ૩૩

તિણ્ણો હુ સિ અન્નવં મહં,
કિં પુણ ચિટ્ઠસિ તીરમગાઓ;
અભિતુર પારં ગમિત્તએ,
સમયં ગોયમ ! મા પમાયએ. ૩૪

સાગર જેવા મોટા સંસારને તો તું લગભગ તરી ગયો છે. તીરને પ્રાપ્ત કર્યાબાદ આરાધનામાં ઉદાસીનતા ભજવી ઉચિત નથી. પણ મુક્તિપદ પામવા માટે ત્વરા કરવી યુક્ત છે. તેથી હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ યુક્ત નથી. ૩૪

અકલેવરસેણિમુસ્સિયા,
સિદ્ધિં ગોયમ ! લોયં ગચ્છસિ;
ખેમં ચ સિવં અણુત્તરં,
સમયં ગોયમ ! મા પમાયએ. ૩૫

અશરીરી-સિદ્ધ બનાવી ઉત્તરોત્તર શુ અધ્યવસાયરૂપ ક્ષપકશ્રેણીને ઉત્તરોત્તર સંયમ-

સ્થાનની પ્રાપ્તિ દ્વારા પ્રાપ્ત કરી, હે ગૌતમ ! સર્વદા અભય-સમસ્ત ઉપદ્રવ રહિતસર્વોત્કૃષ્ટ સિદ્ધિ નામના લોકને તું પામીશ. માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરીશ નહીં. ૩૫

**બુદ્ધે પરિનિવ્વુએ ચરે,**
**ગામ ગએ નગરે વ સંજએ;**
**સન્તિમગ્ગં ચ વૂહએ,**
**સમયં ગોયમ ! મા પમાયએ. ૩૬**

હેય વગેરે વિભાગના જ્ઞાતા, કષાયની અગ્નિ શાંત થવાથી શીતલીભૂત બનીને, ગામ વગેરેમાં રાગ વગરના રહી સંયમનું સેવન કરો ! સંયમી બનેલા ભવ્યજનોને ઉપદેશ આપી મુક્તિમાર્ગની તમે વૃદ્ધિ કરો ! માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરશો નહિ. ૩૬

**બુદ્ધસ્સ નિસમ્મ ભાસિયં,**
**સુકહિયમટ્ઠપદોવસોહિયં;**

**રાગં દોસં ચ છિન્દિયા,**

**સિદ્ધિગઇં ગએભયવં ગોયમે.૩૭ ॥ ત્તિ બેમિ.॥**

કેવલજ્ઞાની ભગવાન શ્રી વર્ધમાનસ્વામીની દૃષ્ટાન્ત-ઉપમા વગેરેથી ભરચક અને અર્થપ્રધાન પદોથી અલંકૃત વાણી સાંભળી તથા રાગ-દ્વેષને છેદીને, પ્રથમ ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામી સિદ્ધગતિમાં પધાર્યા. આ પ્રમાણે હે જંબૂ! હું કહું છું. ૩૭

● ● ●

# ૧૧. શ્રી બહુશ્રુતપૂજા અધ્યયન

**સંજોગા વિપ્પમુક્કસ્સ,**
**અણગારસ્સ ભિક્ખુણો;**
**આયારં પાઉક્કરિસ્સામિ,**
**આણુપુવ્વિં સુણેહ મે. ૧**

સર્વથા સંયોગોથી રહિત અનગાર સાધુના બહુશ્રુત પૂજારૂપ ઉચિત વિધિ-આચારને ક્રમસર હું પ્રગટ કરીશ. આ મારી પાસેથી પ્રગટ થતા આચારને ધ્યાનથી સાંભળો ! ૧

**જે યાવિ હોઇ નિવ્વિજ્જે,**
**થદ્ધે લુદ્ધે અનિગ્ગહે;**
**અભિક્ખણં ઉલ્લવઈ,**
**અવિણીએ અબહુસ્સુએ. ૨**

સમ્યગ્શાસ્ત્રના જ્ઞાન વગરનો અહંકારી, રસ વગેરે વિષયોમાં આસક્ત, ઈન્દ્રિય-મનના નિગ્રહ

વગરનો, વારંવાર શાસ્ત્રમર્યાદા બહાર જેમ-તેમ બોલનાર અને વિનય વગરનો અબહુશ્રુત કહેવાય છે. ૨

**અહ પંચહિં ઠાણેહિં, જેહિં સિક્ખા ન લબ્ભઈ;**
**થમ્ભા કોહા પમાએણં, રોગેણાડડલસ્સએણ ય.૩**

અભિમાન, ક્રોધ, મદ્ય વગેરે પ્રમાદથી, કુષ્ઠ વગેરે રોગથી, ઉત્સાહના અભાવરૂપ આલસથી, અર્થાત્ આ પાંચેય પ્રકારોથી જે અબહુશ્રુતો, ગ્રહણ આસેવનરૂપ શિક્ષા મેળવી શકતા નથી, તેથી તેઓને અબહુશ્રુતપણું પ્રાપ્ત થાય છે. ૩

**અહ અટ્ઠહિં ઠાણેહિં,**
**સિક્ખા-સીલે ત્તિ વુચ્ચઈ;**
**અહસ્સિરે સયા દન્તે,**
**ન ય મમ્મમુદાહરે. ૪**

**નાસીલે ણ વિસીલે, ન સિયા અઇલોલુએ;**
**અકોહણ સચ્ચરએ, સિક્ખાસીલે ત્તિ વુચ્ચઇ.૫**

હવે આઠ પ્રકારોથી જિન વગેરેથી શિક્ષાશીલ બહુશ્રુત કહેવાય છે, તે આ પ્રમાણે સમજવા (૧) નિમિત્ત હોય કે નહીં પરંતુ જે હસતો જ નથી. (૨) હંમેશ ઈન્દ્રિયમનનો નિગ્રહ કરનારો, (૩) બીજાની અપભ્રાજના તથા મર્મનું ઉચ્ચારણ નહીં કરનાર, (૪) સર્વથાશીલ વગરનો નહીં. (૫) અતિચારોથી મલિન વ્રત વગરનો, (૬) અત્યંત રસલંપટતા વગરનો, (૭) ક્ષમાવાળો, અને (૮) સત્ય વચનમાં આસક્ત આ આઠ ગુણવાળો શિક્ષાશીલ કહેવાય છે. ૪-૫

**અહ ચોદ્દસહિં ઠાણેહિં,**
**વટ્ટમાણે ઉ સંજએ;**
**અવિણીએ વુચ્ચઈ સો ઉ,**
**નિવ્વાણં ચ ણ ગચ્છઇ.** ૬

**અભિક્ખણં કોહી ભવઇ, પબન્ધં ચ પકુવ્વઈ;**
**મિત્તિજ્જમાણો વમઈ, સુઅં લદ્ધૂણ મજ્જઈ.** ૭

**અવિ પાવપરિક્ખેવી, અવિ મિત્તેસુ કુપ્પઇ;**
**સુપ્પિયસ્સાવિ મિત્તસ્સ, રહે ભાસઇ પાવગં. ૮**

**પઇણ્ણવાઈ દુહિલે, થદ્ધે લુદ્ધે અણિગ્ગહે;**
**અસંવિભાગી અચિયત્તે, અવિણીએ ત્તિ વુચ્ચઈ.૯**

હવે પછી કહેવાતા ચૌદ સ્થાનોમાં વર્તતો મુનિ અવિનીત કહેવાય છે અને તે અવિનીત મુનિ નિર્વાણપદને પામી શકતો નથી. (૧) કારણ હોય કે નહિ પરંતુ વારંવાર ક્રોધ કરનારો, (૨) અનેક સાંત્વનો મળવા છતાં કોપને અવિચ્છિન્ન રાખનારો, (૩) પહેલાં મિત્રતા બાંધી પાછળથી તોડી નાખનારો, (૪) આગમજ્ઞાન મેળવવા છતાં જ્ઞાનથી અભિમાન કરનારો, (૫) આચાર્ય વગેરેના છિદ્રો શોધી નિંદા કરનારો, (૬) મિત્રજન ઉપર પણ કોપ કરનારો, (૭) અત્યંત વલ્લભ પણ મિત્રની સમક્ષ પ્રિય બોલે અને પરોક્ષમાં આ વિરાધક છે અતિચાર સેવનાર છે એમ તેના દોષને પ્રગટ કરનારો, (૮) આ આમ જ છે એ

પ્રમાણેના એકાંતવાદરૂપ પ્રતિજ્ઞાર્થી બોલનારો અથવા સંબંધ વગરનું બોલનારો, (૯) મિત્રનું પણ અપમાન કરનારો, (૧૦) 'હું તપસ્વી છું' ઇત્યાદિ અહંકારવાળો, (૧૧) ભોજનમાં અત્યંત રસવાળો, (૧૨) વિષયોનો ગુલામ, (૧૩) અત્યંત આસક્તિના કારણે મનોહર આહાર વગેરે મેળવી બીજાને થોડું પણ નહીં આપનારો, અને (૧૪) દર્શન અને સંભાષણ દ્વારા સૌનો અળખામણો બનેલો. આ પૂર્વોક્ત ચૌદ દોષવાળો અવિનીત મુનિ કહેવાય છે. ૬થી ૯

**અહ પણ્ણરસહિં ઠાણેહિં, સુવિણીએ ત્તિ વુચ્ચઈ;**
**નીઆવિત્તી અચવલે, અમાઈ અકુઉહલે. ૧૦**

**અપ્પરં ચ અભિક્ખવઈ, પબન્ધં ચ ન કુવ્વઈ;**
**મિત્તિજ્જમાણો ભયઈ, સુયં લદ્ધું ન મજ્જઈ.૧૧**

**ન ય પાવપરિક્ખેવી, ન ય મિત્તેસુ કુપ્પઈ;**
**અપ્પિયસ્સાવિ મિત્તસ્સ, રહે કલ્લાણ ભાસઈ.૧૨**

**કલહ-ડમરવજ્જએ, બુદ્ધે અભિજાઇએ;**
**હિરિમં પડિસંલીણે, સુવિણીએ ત્તિ વુચ્ચઇ. ૧૩**

હવે સુવિનીત મુનિના પંદર સ્થાનો કહેવાય છે. તે આ પ્રમાણે. (૧) ગુરુજન પ્રતિ નમ્રવૃત્તિવાળો, (૨) ગતિ, સ્થાન ભાષા અને ભાવની અપેક્ષાએ ચપલતા વગરનો, (૩) મનોહર આહાર વગેરે. મળવાં છતાં ગુરુજનને નહીં છગનારો, (૪) કૌતુક વગેરે જોવાની તત્પરતા વગરનો, (૫) કોઈનો પણ તિરસ્કાર નહીં કરનારો, (૬) કોપને કાયમ નહીં રાખનારો, (૭) મિત્ર વગેરે ઉપકારીના ઉપકારને નહીં ભૂલનાર અર્થાત્ પ્રત્યુપકાર વાળે પણ અપકાર નહીં કરનારો. (૮) આગમજ્ઞાન મેળવી તેનાથી અભિમાન નહીં કરનારો, (૯) આચાર્ય વગેરેના છિદ્રો નહીં જોનારો. (૧૦) અપરાધી એવા મિત્રો ઉપર પણ ક્રોધ નહીં કરનારો, (૧૧) મિત્ર તરીકે સ્વીકારેલો મિત્ર સેંકડો અપકાર કરે, તો પણ તેના એક પણ કરેલા ઉપકારને યાદ કરી પરોક્ષમાં તેના દોષ નહીં બોલનારો, (૧૨) જીભાજોડી

અને હાથોહાથથી મારામારીરૂપ યુદ્ધને વર્જનારો, (૧૩) જાતિવાન બળદની માફક ઉપાડેલા ભારના નિર્વાહપૂર્વક કુલીનતાવાળો, (૧૪) લજ્જાશીલ અર્થાત્ મન મલિન થવા છતાં અકાર્ય નહીં કરનારો, અને (૧૫) ગુરુની કે બીજાની પાસે રહેનારો, એટલે કે કાર્ય સિવાય જ્યાં ત્યાં નહીં જનારો. આ ઉપરના ગુણોથી અલંકૃત મુનિ સુવિનીત કહેવાય છે. ૧૦થી ૧૩

**વસે ગુરુકુલે નિચ્ચં, જોગવં ઉવહાણવં;**
**પિયંકરે પિયંવાઈ, સે સિક્ખં લદ્ધુમરિહઈ.૧૪**

હંમેશા યાવજ્જીવ સુધી ગુરુની આજ્ઞામાં જે રહેનારો તે વિનીત મુનિ, ધર્મના વ્યાપારવાળો, અંગ વગેરેના અધ્યયનમાં આયંબિલ વગેરે તપરૂપ ઉપધાનવાળો, અપ્રિય કરનાર પ્રત્યે પ્રિય કરનારો અને અપ્રિય બોલનાર પ્રત્યે પ્રિય બોલનારો, શાસ્ત્રાર્થનું ગ્રહણ તથા તેની આરાધનારૂપ શિક્ષાપાત્ર બને છે, બીજો નહીં. ૧૪

**જહા સંખમ્મિ પયં,**
**નિહિયં દુહઓ વિ વિરાયઈ;**
**એવં બહુસ્સુએ ભિક્ખૂ,**
**ધમ્મો કિત્તી તહા સુયં. ૧૫**

જેમ શંખમાં રહેલું દૂધ પોતાની શ્વેતતા અને શંખની ઉજ્જવલતા એમ બન્ને પ્રકારે સુંદર શોભે છે અર્થાત્ શંખસ્થ દૂધ મલિન, ખાટું તથા નીચે પડવા જેવું થતું નથી, તેમ વિનીત બહુશ્રુતમુનિમાં મુનિધર્મ કીર્તિ-જિનાગમ બરાબર વિશિષ્ટ શોભે છે અર્થાત્ બહુશ્રુતસ્થ ધર્માદિ, મલિન, વિપરીત કે હાનિવાળા થતાં નથી. ૧૫

**જહા સે કમ્બોયાણં, આઇણ્ણે કન્થએ સિયા;**
**આસે જવેણ પવરે, એવં ભવઇ બહુસ્સુએ.૧૬**

જેમ કંબોજ દેશના ઘોડાઓમાં ગુણ-જાતિવાન કંથક નામનો ઘોડો પ્રધાનરૂપે પ્રસિદ્ધ છે, જે વેગની અપેક્ષાએ પ્રધાન અશ્વ હોય છે, તેમ બહુશ્રુત મુનિ

સકલ સાધુઓમાં પ્રધાન ગણાય છે. ૧૬

**જહાડડઇણ્ણ સમારૂઢે, સૂરે દઢપરક્કમે;**
**ઉભઓ નન્દિઘોસેણં, એવં ભવઇ બહુસ્સુએ.૧૭**

જેમ પ્રધાન ઘોડા પર સમારૂઢ થયેલ યોદ્ધો દ્રઢ પરાક્રમથી તથી ડાબી અને જમણી બાજુએ બાર પ્રકારના વાજિંત્રોના નાદથી શોભે છે, તેમ બહુશ્રુત જિનાગમરૂપ અશ્વ ઉપર આરૂઢ થયેલ તથા રાત-દિવસ સ્વાધ્યાયરૂપ નાદથી, અભિમાની પરવાદીઓને જોવા છતાં પરાજિત ન થતાં, નીડર બનેલ, તેઓના પ્રતિ જય કરવામાં સમર્થ થાય છે. ૧૭

**જહા કરેણુપરિકિન્ને, કુંજરે સટ્ઠિહાયણે;**
**બલવન્તે અપ્પડિહએ,એવં ભવઇ બહુસ્સુએ.૧૮**

જેમ હાથણીઓથી પરિવરેલ સાઇઠ વર્ષનો હાથી, બલવાન અને મદોન્મત્ત બીજા હાથીઓથી અજિત રહે છે. તેમ વિવિધ બુદ્ધિ-વિદ્યાઓથી

અલંકૃત બહુશ્રુત મુનિ, સ્થિર મતિવાળો હોઈ બલવાન અને પરવાદીઓથી અપ્રતિહત હોય છે. ૧૮

**જહા સે તિક્ખસિંગે, જાયખન્ધે વિરાયઈ;**
**વસહે જૂહાહિવઈ, એવં ભવઇ બહુસ્સુએ. ૧૯**

જેમ તીક્ષ્ણ શિંગડાવાળો અને બલીષ્ઠ કાંધવાળો વૃષભ યૂથાધિપતિ તરીકે દીપે છે. તેમ બહુશ્રુત પરપક્ષના ખંડનની અપેક્ષાએ તીક્ષ્ણ, સ્વ-પર શાસ્ત્રરૂપી શૃંગોથી શોભિત, ગચ્છ વગેરે ગુરુના કાર્યરૂપ ધુરા ધારણ કરવામાં ધુરંધર અને સાધુ વગેરેના સમુદાયરૂપ યૂથના અધિપતિરૂપ આચાર્ય બનીને શોભે છે. ૧૯

**જહા સે તિક્ખદાઢે, ઉદગ્ગે દુપ્પહંસએ;**
**સીહે મિયાણ પવરે, એવં ભવઇ બહુસ્સુએ.૨૦**

જેમ તીક્ષ્ણ દાઢોવાળો અને ઉત્કટ વનરાજ કેસરીસિંહ, બીજાઓના પરાભવથી અશક્ય બનેલ

જંગલી જંતુઓનો આગેવા થાય છે, તેમ બહુશ્રુત. પરપક્ષના ભેદક હોઈ તીક્ષ્ણ દાઢા સમાન તથા નૈગમ વગેરે નયો અને પ્રતિભા વગેરે ગુણોની ઉત્કટતાથી પરવાદીઓથી અજેય હોય છે. એટલું જ નહીં પરંતુ મૃગ સમાન અન્ય તીર્થિકોમાં પરમ શ્રેષ્ઠ જ ગણાય છે. ૨૦

**જહા સે વાસુદેવે, શંખ-ચક્ક-ગદાધરે;**
**અપ્પડિહયબલે જોહે, એવં ભવઇ બહુસ્સુએ.૨૧**

જેમ વાસુદેવ પાંચજન્ય શંખ સુદર્શન ચક્ર તથા કૌમુદિકી ગદાને ધારણ કરનાર અને અસ્ખલિત સામર્થ્યવાળો હોય છે, તેમ બહુશ્રુત મુનિ, સ્વાભાવિક પ્રતિભાના બલવાળો અને બીજી બાજુ શંખ-ચક્ર-ગદા સમાન સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રથી અલંકૃત બનેલ યોદ્ધો કર્મવૈરીને જીતવા સમર્થ બને છે. ૨૧

**જહા સે ચાઉરન્તે, ચક્કવટ્ટી મહિડ્ઢિએ;**
**ચઉદ્દસરયણાહિવઈ, એવં ભવઇ બહુસ્સુએ.૨૨**

જેમ હાથી-ઘોડા-રથ-મનુષ્યરૂપ ચતુરંગી સેનાથી શત્રુના વિનાશરૂપ અંતને કરનાર, ષટ્ખંડવાળા ભરતનો અધિપતિ ચક્રવર્તિ, દિવ્ય લક્ષ્મીવાળો, ચૌદ રત્નોનો અધિપતિ હોય છે તેમ દાન વગેરે ચાર પ્રકારના ધર્મોથી કર્મશત્રુનો અંત કરનાર, આમર્ષ ઔષધિ વગેરે મોટી ઋદ્ધિવાળો, ચૌદ રત્નો સમાન ચૌદ પૂર્વોનો અધિપતિ બહુશ્રુત મુનિ હોય છે. ૨૨

**જહા સે સહસ્સક્ખે, વજ્જપાણી પુરન્દરે;**
**સક્કે દેવાહિવઈ, એવં ભવઇ બહુસ્સુએ. ૨૩**

જેમ શક્રેન્દ્ર, હજાર આંખવાળો, હાથમાં વજ્રને ધારણ કરવાવાળો, અસુરોના નગરનો નાશક અને દેવોનો અધિપતિ હોય છે, તેમ બહુશ્રુત, સકલ અતિશયોનો ભંડાર શ્રુતજ્ઞાનથી જાણે છે, પ્રશસ્ત લક્ષણવંતા હોઈ હાથમાં વજ્રના ચિહ્નવાળો, દુઃખે તપી શકાય એવા ઘોર તપના અનુષ્ઠાનથી કૃશ

શરીરવાળો અને ઉત્કૃષ્ટ ક્રિયાઓની વિશિષ્ટ શક્તિવડે શક્ર જેવો, ધર્મની દૃઢતાના કારણે સુરોથી પૂજિત થતો હોવાથી સુરપતિ કહેવાય છે. ૨૩

**જહા સે તિમિરવિદ્ધંસે, ઉત્તિટ્ઠન્તે દિવાકરે;**
**જલન્તે ઇવ તેએણં, એવં ભવઇ બહુસ્સુએ.૨૪**

જેમ અંધકારવિનાશક ઉગતો સૂર્ય, તેજથી જાજ્વલ્યમાન હોય છે, તેમ બહુશ્રુત, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશક અને સંયમસ્થાનોમાં શુદ્ધ-શુદ્ધતમ વગેરે અધ્યવસાયોથી ચઢતો તપતેજથી જાજ્વલ્યમાન શોભે છે. ૨૪

**જહા સે ઉડુવઈ ચન્દે,**
**નક્ખત્તપરિવારિએ;**
**પડિપુણ્ણે પુણ્ણમાસીએ,**
**એવં ભવઇ બહુસ્સુએ. ૨૫**

જેમ પુનમનો ચંદ્ર, નક્ષત્રોથી પરિવરેલો, નક્ષત્રોનો પતિ અને સકલ કલાઓથી ખીલેલો હોય

છે, તેમ બહુશ્રુત મુનિ, નક્ષત્ર સમાન સાધુઓનો પતિ અને સાધુઓથી પરિવરેલો સકલ કલાઓથી યુક્ત હોઈ પૂર્ણ હોય છે. ૨૫

**જહા સે સામાઇયાણં, કોટ્ઠાગારે સુરક્ખિએ;**
**નાણાધન્નપડિપુન્ને, એવં ભવઇ બહુસ્સુએ. ૨૬**

જેમ સમૂહમાં રહેનાર લોકોનો કોઠાર, સુરક્ષિત થયેલ નાનાવિધ ધાન્યોથી ભરેલ હોય છે તેમ બહુશ્રુત, ગચ્છવાસીઓને ઉપયોગી અનેકવિધ અંગ વગેરે ભેદવાળા વિશિષ્ટ શ્રુતજ્ઞાનોથી ભરેલ સર્વથા સુરક્ષિત હોય છે. ૨૬

**જહા સા દુમાણ પવરા, જમ્બૂ નામ સુદંસણા;**
**અણાઢિયસ્સ દેવસ્સ, એવં ભવઇ બહુસ્સુએ.૨૭**

જેમ સુદર્શના નામનું જંબૂવૃક્ષ, અમૃત ફલવાળું અને જંબૂદ્વીપના અધિપતિ અનાદત નામના વ્યંતરદેવથી અધિષ્ઠિત હોઈ સર્વ વૃક્ષોમાં ઉત્તમ છે, તેમ બહુશ્રુત, અમૃત ફલ સમાન શ્રુતથી

યુક્ત, દેવોને પણ પૂજ્ય અને શેષ વૃક્ષસદશ સર્વ સાધુઓમાં પ્રવર છે. ૨૭

**જહા સા નઇણ પવરા,**
**સલિલા સાગરંગમા;**
**સીયા નીલવન્ત-પહવા,**
**એવં ભવઇ બહુસ્સુએ. ૨૮**

જેમ નદીઓમાં શ્રેષ્ઠ નદી, ક્ષુદ્ર નદીની માફક અધવચ્ચે ખલાસ ન થતાં સાગરને મળે છે (દા. ત. શીતા નામની નદી મેરુના ઉત્તરે નીલવંત વર્ષધર પર્વતમાંથી પ્રવાહબંધ નીકળી સમુદ્રને મળે છે.) તેમ બહુશ્રુત, નદી સમાન અન્ય મુનિઓમાં શ્રેષ્ઠ, નિર્મલ જલસદશ શ્રુતજ્ઞાન સંપન્ન અને નીલવંત પર્વત સરખા ઉચ્ચમતમ કુલમાં જન્મેલ સાગર સરખી મુક્તિમાં પહોંચે છે. ૨૮

**જહા સે નગાણ પવરે, સુમહં મન્દરે ગિરી;**
**નાણોસહિપજ્જલિએ, એવં ભવઇ બહુસ્સુએ.૨૯**

જેમ પર્વતોમાં ઉત્તમ, અત્યંત મોટો અને અનેક મહિમાવંત વનસ્પતિઓથી ઉત્કૃષ્ટ દીપ્તિમાન મેરુ પર્વત હોય છે, તેમ પર્વત સમાન અન્ય સાધુઓની અપેક્ષાએ શ્રેષ્ઠ, શ્રુતના મહિમાથી અત્યંત સ્થિર અને અંધકારમાં પ્રકાશના કારણભૂત આમર્ષૌષધિ વગેરે લબ્ધિઓથી યુક્ત બહુશ્રુત મુનીશ્વર હોય છે. ૨૯

**જહા સે સયંભુરમણે, ઉદહી અક્ખઓદએ;**
**નાણારયણપડિપુણ્ણે, એવં ભવઇ બહુસ્સુએ.૩૦**

જેમ સ્વયંભૂરમણ સમુદ્ર, અવિનાશી જલવાળો તથા મરકત વગેરે અનેકવિધ રત્નોથી પરિપૂર્ણ હોય છે, તેમ અવિનાશી સમ્યગ્જ્ઞાનરૂપી જલવાળો ને નાનાવિધ અતિશયોરૂપી રત્નોથી યુક્ત બહુશ્રુત મહાત્મા હોય છે. ૩૦

**સમુદ્દગંભીરસમા દુરાસયા,**
**અચક્કિયા કેણઇ દુપ્પહંસયા;**
**સુયસ્સ પુણ્ણા વિઉલસ્સ તાઇણો,**
**ખવેત્તુ કમ્મં ગઇમુત્તમં ગયા. ૩૧**

સમુદ્રની જેમ ગંભીર, પરીષહો કે પરવાદી વગેરે કોઈથી નહિ ડરનારા, સદા અજેય અને વિસ્તીર્ણ આગમથી પૂર્ણ બહુશ્રુતો, સ્વ-પરરક્ષક, જ્ઞાનાવરણ વગેરે કર્મોને ખપાવી મુક્તિરૂપી ઉત્તમ ગતિને પામ્યા છે, પામ્યા છે, પામે છે અને પામશે. ૩૧

**તમ્હા સુયમહિટ્ઠિજ્જા,**
**ઉત્તમટ્ઠગવેસએ;**
**જેણઽપ્પાણં પરં ચેવ,**
**સિદ્ધિં સંપાઉણિજ્જાસિ. ૩૨**

॥ ત્તિ બેમિ.॥

બહુશ્રુતના આવા ગુણો છે આથી મોક્ષાર્થીએ અધ્યયન વગેરે દ્વારા આગમનો આશ્રય કરવો જોઈએ, અને આવી રીતિએ આગમનો આશ્રય કરવાથી પોતે મોક્ષને પામે છે અને બીજાને પણ મોક્ષ પમાડે છે, એમ હે જંબૂ ! હું કહું છું. ૩૨

(ઇઇ બહુસ્સુયપુજ્જં સમત્તં. ૧૧)

# ૧૨. શ્રી હરિકેશીય અધ્યયન

**સોવાગકુલસંભૂઓ,**
**ગુણુત્તરધરો મુણી;**
**હરિએસ બલો નામ,**
**આસિ ભિક્ખૂ જિઇન્દિઓ. ૧**

ચંડાલ વંશમાં ઉત્પન્ન થયેલ, ઉત્કૃષ્ટ જ્ઞાન વગેરે ગુણોને ધારણ કરનાર અને જિતેન્દ્રય, હરિકેશબલ નામના સાધુ હતા. ૧

**ઇરિ-એસણ-ભાસાએ, ઉચ્ચારસમિઇસુ ય;**
**જઓ આદાણ-નિક્ખેવે, સંજઓ સુસમાહિઓ. ૨**

**મણગુત્તો વઇગુત્તો, કાયગુત્તો જિઇન્દિઓ;**
**ભિક્ખટ્ઠા બમ્ભઇજ્જમ્મિ, જન્નવાડમુવટ્ઠિઓ. ૩**

સમ્યક્ પ્રવૃત્તિરૂપ ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપ ઉચ્ચારપ્રશ્રવણ વગેરે પરિષ્ઠાપનિકા નામક પાંચ સમિતિઓમાં જયણાવાળી, સંયમયુક્ત,

સારી સમાધિવાળો, મન-વચન-કાયાના અશુભ વ્યાપારની નિવૃત્તિરૂપ ગુપ્તિવાળો અને ઈન્દ્રિયવિજેતા તે મુનિ, ગોચરી વહોરવા માટે બ્રાહ્મણો દ્વારા જ્યાં યજ્ઞ થઈ રહ્યા છે એવા યજ્ઞમંડપમાં આવ્યા. ૨-૩

**તં પાસિઊણમેજ્જન્તં, તવેણ પરિસોસિયં;**
**પન્તોવહિઉવગરણં, ઉવહસન્તિ અણારિયા. ૪**

છટ્ઠ વગેરે તપથી કૃશ બનેલ, જીર્ણ અને મલિન હોઈ અસાર તેમજ, વસ્ત્ર, પાત્ર વગેરે રૂપ ઔધિકોપધિ એક દંડ વગેરે ઔપગ્રહિક ઉપકરણવાળા, તે હરિકેશબલ મુનિને આવતા જોઈને અશિષ્ટ બ્રાહ્મણો હશે છે. ૪

**જાઇમયપડિબદ્ધા, હિંસગા અજિઇન્દિયા;**
**અબમ્ભ-ચારિણો બાલા, ઇમં વયણમબ્બવી.૫**

અમે બ્રાહ્મણો છીએ, એવા જાતિમદથી મત્ત બનેલા, પ્રાણીઓના પ્રાણોને લૂંટનારા, ઈન્દ્રિયોને

નહિ જીતનારા, મૈથૂન સેવનારા અને બાલક્રીડા જેવા અગ્નિહોમ વગેરે યજ્ઞોમાં પ્રવૃત્તિ હોવાથી બાલ એવા બ્રાહ્મણો, આવતા મુનિને જોઈને હસીને નીચે જણાવેલ વચન બોલ્યા. ૫

**ક્યરે આગચ્છઇ દિત્તરૂવે,**
**કાલે વિકરાલે ફોક્કનાસે;**
**ઓમ ચેલગે પંસુપિસાયભૂએ,**
**સંકરદૂસં પરિહરિય કણ્ઠે** ૬

બીભત્સ આકારવાળા, કાળા રૂપવાળા, ભયંકર, બેડોળ નાકવાળા, અધમ વસ્ત્રવાળા શરીર ઉપર ધૂળ ઉડવાથી અથવા અસંસ્કારથી લાંબા દાઢી-નખ-રોમવાળા, ભૂત જેવા દેખાવવાળા ને ઉકરડા ઉપર નાખેલ વસ્ત્ર જેવા અસાર-નિરૂપયોગી-મેલા વસ્ત્રોને પોતાના ગળે ધારણ કરેલ હરિકેશબલ મુનિને દૂરથી આવતા જોઈને, તે બ્રાહ્મણો બોલે છે કે-'આ કોણ આવી રહેલ છે ?' ૬

**ક્યરે તુમં ઇય અદંસણિજ્જે,**
**કાએ વ આસા ઇહ માગઓ સિ;**
**ઓમચેલયા ! પંસુપિસાયભૂયા !**
**ગચ્છ ખલાહિ કિમિહં ઠિઓ સિ.? ૭**

તે બ્રાહ્મણો એકદમ પાસે આવેલા ઉક્ત મુનિને કહે છે કે - પૂર્વોક્ત પ્રકારથી અદર્શનીય તમે કોણ છો ? કઈ આશાથી આ યજ્ઞમંડપમાં તમે આવેલ છો ? અરે, મેલા વસ્ત્રવાળા અને ધૂળથી ખરડાયેલ પિશાચ જેવા શરીરવાળા તું અહીંથી ચાલ્યો જા ! જલ્દી અમારી નજરથી દૂર હટી જા ! શા માટે અહીં ઊભો છે ? ૭

**જક્ખો તહિં તિન્દુયરુક્ખવાસી,**
**અણુ-કમ્પઓ તસ્સ મહાણુસિસ્સ;**
**પચ્છાયઇત્તા નિયગં સરીરં,**
**ઇમાઇં વયણાઇં ઉદાહરિત્થા. ૮**

આ પ્રકારે તિરસ્કાર થવા છતાં શાંતિપૂર્વક

જ્યારે કાંઈ જવાબ નથી આપતા, ત્યારે હરિકેશબલ, મુનિની સાન્નિધ્યમાં રહેનાર તિન્દુકવૃક્ષવાસી તેમનો પરમ ભક્ત યક્ષ, મુનિના શરીરમાં પ્રવેશ કરીને નીચે જણાવેલ વચનો બ્રાહ્મણોને કહે છે. ૮

**સમણો અહં, સંજઓ બમ્ભયારી,**
**વિરઓ ધણ-પયણ-પરિગ્ગહાઓ;**
**પરપ્પ-વિત્તસ્સ ઉ ભિક્ખકાલે,**
**અણ્ણસ્સ અટ્ઠા ઇહ-માગઓ મિ.** ૯

ધન, આહારપાક, દ્રવ્યાદિ મૂર્છાથી નિવૃત્ત, બ્રહ્મચારી અને પાપવ્યાપાર માત્રથી સારી રીતિએ એટલે કે હું સાધુ છું. ભિક્ષાના કાલમાં મારા માટે નહિં પરંતુ બીજા માટે તૈયાર કરવામાં આવેલ ભોજન લેવા માટે આ યજ્ઞમંડપમાં હું આવેલો છું. ૯

**વિઅરિજ્જઇ ખજ્જઇ ભુજ્જઇ ય,**
**અણ્ણં પભૂયં ભવયાણમેયં;**

**જાણેહ મે જાયણજીવિણં ત્તિ,**
**સેસાવસેસં લહઊ તવસ્સી. ૧૦**

આપ લોકોની આ, ઘેબર વગેરે ભોજન સામગ્રી વધુ પ્રમાણની છે. તેમાંથી તમે દીન વગેરેને આપો છો અને તમે પણ જમો છો તથા તમે પણ નિશ્ચિતરૂપથી સમજજો કે-'હું યાચનાથી પ્રાપ્ત થયેલ ભોજનથી નિર્વાહ ચલાવું છું.' વિતરણ અને ખાધા બાદ બચેલા અંતપ્રાંત ભોજનના દાનનો લાભ મને આપી તમે પણ પુણ્યનો લાભ ઉઠાવો ! ૧૦

**ઉવક્ખડં ભોયણ માહણાણં,**
**અત્તટ્ઠિયં સિદ્ધમિહેગપક્ખં;**
**ન ઊ વયં એરિસમણ્ણ-પાણં,**
**દાહામુ તુજ્ઝં કિમિહં ઠિઓ સિ ૧૧**

યક્ષના કથન બાદ બ્રાહ્મણો જવાબ આપે છે કે - તૈયાર કરવામાં આવેલ અશન-પાનાદિક ભોજન બ્રાહ્મણોને પોતાના માટે જ છે, અર્થાત્ પોતે જ જમે

પણ બીજાને આપી શકે નહિ, કેમ કે - આ ભોજન એક બ્રાહ્મણ રૂપ પક્ષનું થયેલ છે. આથી અમે આ ભોજન શુદ્ર એવા તને ન જ આપી શકીએ, માટે તું અહીં કેમ ઊભો છે ? ૧૧

થલેસુ બીયાઇં વવન્તિ કાસગા,
તહેવ નિન્નેસુ ય આસસાએ;
એયાએ સદ્ધાએ દલાહ મજ્ઝં,
આરાહએ પુણ્ણમિણં તુ ખેત્તં. ૧૨

જેમ ખેડૂતો, જો ઘણી વૃષ્ટિ થશે તો ઊંચા ભાગોમાં અને થોડી વૃષ્ટિ થશે તો નીચા ભાગોમાં ફલની પ્રાપ્તિ થશે આવી ઇચ્છાથી બન્ને સ્થળે મન વગેરે બીજ વાવે છે, તેમ હે બ્રાહ્મણો ! આ ખેડૂતની ઇચ્છા સમાન શ્રદ્ધાથી મને આહાર વગેરે આપો ! મને આપેલ ભોજન આપને પુણ્ય પ્રાપ્ત કરાવનાર થશે જે. ૧૨

**ખેત્તાણિ અમ્હં વિઇયાણિ લોએ,**
**જહિં પઇણ્ણા વિરુહન્તિ પુણ્ણા;**
**જે માહણા જાઇ-વિજ્જોવવેયા,**
**તાઇં તુ ખેત્તાઇં સુપેસલાઇં. ૧૩**

આ જગતમાં ક્ષેત્ર સરખા પાત્રો કોણ છે અને કયા પાત્રોમાં અશન વગેરે આપવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે તે એ જાણીએ છીએ. જે બ્રાહ્મણત્વ જાતિરૂપ જાતિ અને ચૌદ વિદ્યાસ્થાનરૂપ વિદ્યાથી યુક્ત બ્રાહ્મણો જ છે તે પુણ્યક્ષેત્રો છે, પરંતુ તમારા જેવો શુદ્ર જાતિવાળા અને વિદ્યા વગરના પુણ્યક્ષેત્રો નથી. એ પ્રમાણે બ્રાહ્મણો બોલ્યા. ૧૩

**કોહો ય માણો ય વહો ય જેસિં,**
**મોસં અદત્તં ચ પરિગ્ગહો ય;**
**તે માહણા જાઇ-વિજ્જાવિહૂણા,**
**તાઇં તુ ખેત્તાઇં સુપાવગાઇં. ૧૪**

હવે યક્ષ કહે છે કે - જેઓની પાસે ક્રોધ, માન,

માયા, લોભ, હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ છે, એવા તે બ્રાહ્મણો જાતિ વગરના ને વિદ્યાવિહીન છે તથા તે બ્રાહ્મણરૂપ ક્ષેત્રો અત્યંત પાપરૂપ છે. ૧૪

**તુબ્ભેડત્થ ભો ! ભારહરા ગિરાણં,**
**અટ્ઠં ન જાણેહ અહિજ્જ વેએ;**
**ઉચ્ચાવયાઇં મુણિણો ચરન્તિ,**
**તાઇં તુ ખેત્તાઇં સુપેસલાઇં. ૧૫**

વળી આગળ યક્ષ કહે છે કે - વેદોનો અભ્યાસ કરવા છતાં તેના વાસ્તવિક અર્થને જાણતા નહિ હોવાથી તમે માત્ર વેદ વાણીના ભારને જ ધારણ કરનાર છો. જે મુનિઓ ષડ્જીવનિકાય જીવોના રક્ષણાર્થે વિવિધ ઘરોમાં ભિક્ષા માટે પર્યટન કરે છે, તે જ વેદના સાચા અર્થને જાણે છે અને તેથી જ તે મુનિરૂપ ક્ષેત્રો અત્યંત પુણ્યજનક છે. ૧૫

અજ્ઝાવયાણં પડિક્કૂલભાસી,
પભાસસે કિણ્ણુ સગાસે અમ્હં;
અવિ એયં વિણસ્સઉ અણ્ણ-પાણં,
ન ય ણં દાહામુ તુહં નિયંઠા ૧૬

આ પ્રમાણે અધ્યાપકના વચનનું ખંડન થતું જોઈ, તેમના છાત્રો કહે છે કે અમારા અધ્યાપકોની સામે તમે વિરુદ્ધ કેમ બોલો છો ? તેથી તમને ધિક્કાર છે. અમારી સમક્ષ અમારા અધ્યાપકોનું અપમાન અમે કેમ સહન કરી શકીએ ? ભલે અમારું આ અન્નપામ ખરાબ થઈ જાય હે નિર્ગ્રન્થ ! તમને આ અન્નપાન જરા પણ આપીશું નહિ. કેમ કે તમો અમારા ગુરુના શત્રુ છો. ૧૬

સમિઇહિં મજ્ઝં સુસમાહિયસ્સ,
ગુત્તીહિં ગુત્તસ્સ જિઇન્દિયસ્સ;
જઇ મે ન દાહિત્થ અહેસણિજ્જં,
કિમજ્જ જણ્ણાણ લભિત્થ લાભં. ૧૭

હવે યક્ષ જવાબ આપે છે કે - ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિઓથી સારી રીતિએ સમાધિસંપન્ન, મનોગુપ્તિ વગેરે ત્રણ ગુપ્તિઓથી યુક્ત અને જિતેન્દ્રિય એવા મને નિર્દોષ આહારને જે કારણે આપવાનો ઈન્કાર કરી રહ્યા છો તે કારણથી આ વખતે યજ્ઞનો પુણ્યપ્રાપ્તિ રૂપ લાભ તમો શું પામી શકશો ખરા કે ? ૧૭

**કે ઈત્થ ખત્તા ઉવજોઇયા વા,**
**અજ્ઝાવયા વા સહ ખંડિએહિં;**
**એયં તુ દંડેણ ફલેણ હન્તા,**
**કણ્ઠમ્મિ ઘેત્તૂણ ખલેજ્જ જો ણં. ૧૮**

હવે અધ્યાપક પડકાર કરે છે કે કોઈ આ યજ્ઞમંજપમાં ક્ષત્રિય જાતિના પુરુષો, અગ્નિની પાસે રહેનાર હવન કરનારા પુરુષો અથવા છાત્રોથી પરિવરેલા અધ્યાપકો છે ? ક્ષત્રિય કે છાત્રોની સાથે મળીને કોઈ અધ્યાપક આ નિર્ગ્રન્થ સાધુને લાકડી

વગેરે દંડથી, બીલફળો અથવા કુણીઓથી કે મુઠ્ઠીઓથી મારીને તેમ જ ગળચી પકડીને આ યજ્ઞમંડપમાંથી બહાર દૂર ધકેલી મૂકે ! ૧૮

**અજ્ઝાવયાણં વયણં સુણેત્તા,**
**ઉદ્ધાઇયા તત્થ બહૂ કુમારા;**
**દંડેહિં વેત્તેહિં કસેહિં ચેવ,**
**સમાગયા તં ઇસિ તાલયન્તિ. ૧૯**

અધ્યાપકના આવા વચનને સાંભળી છાત્ર વગેરે ઘણા કુમારો જોરથી દોડ્યા, અને 'આહો! આ ઠીક રમકડું આવ્યું છે' એમ માની દંડાઓ, નેતરની સોટીઓ અને ચાબુકોના કોરડાઓથી તે મુનિને પાસે આવીને માર મારે છે. ૧૯

**રન્નો તહિં કોસલિયસ્સ ધૂયા,**
**ભદ્દત્તિ નામેણ અણિંદિયંગી;**
**તં પાસિયા સંજયં હમ્મમાણં,**
**કુદ્ધે કુમારે પરિનિવ્વવેઇ. ૨૦**

તે યજ્ઞશાળામાં કૌશલિક રાજાની વિશિષ્ટ સૌન્દર્યવંતી ભદ્રા નામની પુત્રી, સંયમધર મુનિને કુમારો વડે મારમારતા જોઈને કોપિત થયેલ કુમારોને શાંત કરે છે.

દેવાભિઓગેણ નિઓઇ-એણં,
દિન્ના મુ રણ્ણા મણસા ન ઝાયા।
નરિંદ-દેવિંદ-ઽભિવંદિએણં,
જેણામિ વંતા ઇસિણા સ એસો. ૨૧

તે કુમારોને શાંત કરતાં તથા મુનિના પ્રભાવ અને નિઃસ્પૃહતાની પ્રશંસા કરતાં ભદ્રા કહે છે કે દેવના બલાત્કારને વશ બનેલા કૌશલિક રાજાએ (મારા પિતાએ) મને પહેલાં જે મુનિરાજને આપેલ હતી, પરંતુ જેમણે મને મનથી પણ ઈચ્છી નથી, તે આ જ મુનિરાજ છે. નરેન્દ્ર-દેવેન્દ્રવંદિત આ મુનિરાજે મારો ત્યાગ કરેલ છે. તેઓના ઉપર તમે જે કદર્થના આરંભી છે તે જરાય ઉચિત નથી. ૨૧

**એસો હુ સો ઉગ્ગતવો મહપ્પા,**
**જિઇન્દિઓ સંજઓ બમ્ભયારી;**
**જો મૈં તયા નેચ્છઇ દિજ્જમાણી,**
**પિઉણા સયં કોસલિએણ રણ્ણા. ૨૨**

આ તે જ ઉગ્ર તપસ્વી-મહાત્મા-જિતેન્દ્રિય સંયમધારી અને બ્રહ્મચારી છે, કે જેમણે તે વખતે સ્વયં કૌશલિક રાજાવડે અર્પણ કરાતી એવી મારી ઈચ્છા સરખી પણ કરી નહોતી. ૨૨

**મહાજસો એસ મહાણુભાગો,**
**ઘોરવ્વઓ ઘોરપરક્કમો ય;**
**મા એયં હીલેહ અહીલણિજ્જં,**
**મા સવ્વે તેએણ ભે નિદ્દહેજ્જા. ૨૩**

મહા યશસ્વી આ મુનિ, અતિશય અચિંત્ય શક્તિવાળા, દૂર્ધર મહાવ્રતોને ધારણ કરનાર તેમજ કષાય વગેરે શત્રુઓના જય પ્રતિ ભયંકર સામર્થ્યવાળા છે, જેથી તમો આવા સન્માનીય

મુનિની હિલના કરો નહિ ! જો તમે તેઓને હિલના કરી રૂષ્ટ બનાવશો, તો તે મુનિ તેમના તપતેજથી તમને બાળી મૂકશો, માટે કદર્થના કરવી છોડી દો ! ૨૩

**એયાઇં તીસે વયણાઇં સોચ્ચા,**
**પત્તીએ ભદ્દાએ સુભાસિયાઇં;**
**ઇસિસ્સ વેયાવડિયક્રુયાએ,**
**જક્ખા કુમારે વિનિવારયન્તિ.** ૨૪

રુદ્રદેવ પુરોહિતની ભાર્યા ભદ્રાના (રાજપુત્રી) સારી રીતિએ કહેવાયેલા પૂર્વોક્ત વચનોને સાંભળી, ઋષિરાજની વૈયાવૃત્ય માટે યક્ષો, ઉપદ્રવ કરતા કુમારોને અટકાવે છે. ૨૪

**તે ઘોરરૂવા ઠિય અન્તલિક્ખે,**
**અસુરા તહિં તં જણં તાલયન્તિ;**
**તે ભિન્નદેહે રુહિરં વમન્તે,**
**પાસિત્તુ ભદ્દા ણમાહુ ભુજ્જો.** ૨૫

હવે તે ભયંકર આકારધારી યક્ષો આકાશમાં રહેવા છતાં, તે યજ્ઞમંડપમાં મુનિરાજ ઉપર ઉપદ્રવ કરનાર જનને મારે છે. યક્ષોના પ્રહારોથી કુમારોના શરીરનું વિદારણ થયું અને લોહી વમતા કુમારોને જોઈ ભદ્રા, નીચે જણાવેલ વચનને ફરીથી કહે છે. ૨૫

**ગિરિં નહેહિં ખણહ,**
**અયં દન્તેહિં ખાયહ;**
**જાયતેયં પાએહિં હણહ,**
**જે ભિક્ખું અવમણ્ણહ। ૨૬**

જે લોકોએ આ મુનિની હિલના કરી છે, તેઓ સમજી લે છે કે તમે લોકોએ પર્વતને નખો વતી ખોદવા જેવું, લોઢાને દાંતોથી ચાવવા જેવું અને જાજ્વલ્યમાન અગ્નિને પગોથી લાત મારવા જેવું કૃત્ય કરેલ છે, અર્થાત્ સાધુનું અપમાન અનર્થ ફલ આપનાર બને એમાં શંકા નથી. ૨૬

આસીવિસો ઉગ્ગતવો મહેસી,
ઘોરવ્વઓ ઘોરપરક્કમો ય;
અગણિં વ પક્ખન્દ પયંગસેણા,
જે ભિક્ખુયં ભત્તકાલે વહેહ. ૨૭

આ મુનિરાજ શાપ અને અનુગ્રહ કરવામાં સમર્થ આશીર્વિષ લબ્ધિવાળા છે, કેમ કે તેઓ ઉગ્ર તપસ્વી, ઘોર મહાવ્રતી અને ઘોર પરાક્રમી છે. આવા તપતેજવાળા મુનિને તમે લોકોએ ભોજનવેળાએ આહારદાન ન કરતાં માર માર્યો છે, જેથી તમોએ અગ્નિમાં પડતી પતંગીયાઓની શ્રેણી એકદમ વિનાશને નોતરે તેમ વિનાશ નોતર્યો છે, એમ કહેવું એ અતિશયોક્તિભર્યું નથી. ૨૭

સીસેણ એયં સરણં ઉવેહ,
સમાગયા સવ્વજણેણ તુબ્ભે;
જઇ ઇચ્છહ જીવિયં વા ધણં વા,
લોયં પિ એસો કુવિઓ ડહેજ્જા. ૨૮

જો તમો તમારા જીવન અથવા ધનની સલામતી ઈચ્છતા હો, તો તમારું કર્તવ્ય એ છે કે અહીં મળેલા તમે બધા સર્વ જનોને સાથે લઈ, મસ્તક ઝુકાવી આ મુનિરાજની શરણાગતિ સ્વીકારો! જો તમો શરણું નહિ સ્વીકારો, તો આ કુપિત મુનિ, જગતને પણ ભસ્મસાત્ કરે તેવા શક્તિશાળી છે, એ સમજજો. ૨૮

**અવહેડિય પિટ્ઠ સઉત્તમંગે,**
**પસારિયા બાહુ અકમ્મચેટ્ઠે;**
**નિબ્ભેરિયચ્છે રુહિરં વમન્તે,**
**ઉડ્ઢંમુહે નિગ્ગયજીહ-નેત્તે.** **૨૯**

**તે પાસિયા ખણ્ડિય કટ્ઠભૂએ,**
**વિમાણો વિસણ્ણો અહ માહણો સો;**
**ઇસિં પસાએઇ સભારિયાઓ,**
**હીલં ચ નિન્દં ચ ખમાહ ભન્તે !** **30**

જેમની પીઠ તથા સારા માથાઓ નીચે નમી ગયેલ છે, અગ્નિમાં લાકડાં હોમવા વગેરેરૂપ ક્રિયા વગરના જેમના હાથો ફેલાયેલા પડેલા છે, જેમની આંખો ફાટ-ફાટ થઈ રહી છે, જે લોહી વમતા તેમજ ઊંચા મુખવાળા છે અને જેમની જીભ અને આંખો બહાર નીકળી પડી છે, આવા બદ હાલતવાળા તે બ્રાહ્મણોને તથા લાકડાં જેવા અત્યંત નિશ્ચેષ્ટ છાત્રોને જોઈને, આ કેવી રીતિએ સાજા થશે એવી ચિંતામાં ડૂબેલ તે અધ્યાપક, આ બધું જોયા પછી પોતાની પત્ની ભદ્રાની સાથે રુદ્રદેવ પુરોહિત, મુનિને પ્રસન્ન કરવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે - હે ભગવાન ! સશિષ્ય અમારા તરફથી આપની અવજ્ઞા, દોષ પ્રગટ કરવા રૂપ નિંદા, તાડન વગેરે જે થયેલ છે, તેની હું માફી માંગુ છું. આપ તેની ક્ષમા કરો ! માફી આપો ! ૨૯-૩૦

**બાલેહિં મૂઢેહિં અયાણએહિં,**

**જં હીલિયા તસ્સ ખમાહ ભન્તે;**

**મહપ્પસાયા ઇસિણો ભવન્તિ,**
**ન હૂ મુણી કોવપરા ભવન્તિ.** 31

વળી હે મુનિ ! બાલ્ય-અવસ્થાને કારણે તેમજ કષાયના ઉદયથી ભાન ભૂલેલા અને હિતાહિતના વિવેક વગરના આ મારા છાત્રોએ આપની ખૂબ હિલના કરેલ છે. પ્રભો ! આપ તેઓને ક્ષમા આપો ! કેમ કે - આ છોકરાઓ મૂઢ હોઈ સજ્જનોને કોપ યોગ્ય નથી. પરંતુ દયાપાત્ર છે. વળી ઋષિઓ હંમેશાં શત્રુ, અપરાધી અને અપમાનીઓ ઉપર કૃપાવંત હોય છે. તેઓ કદિ પણ કોપવંત થતા નથી. ૩૧

**પુવ્વિં ચ ઇણ્હિં ચ અણાગયં ચ,**
**મણપ્પઓસો ન મે અત્થિ કોઈ;**
**જક્ખા હુ વેયાવડિયં કરેન્તિ,**
**તમ્હા હુ એએ નિહયા કુમારા.** ૩૨

મુનિરાજે જણાવ્યું કે હે પુરોહિત ! પહેલાં

મારા મનમાં જરા પણ દ્વેષ હતો નહીં, હમણાં નથી અને ભવિષ્યમાં થશે નહિં. તો તમને પ્રશ્ન થશે કે - આ છાત્રોની આવી સ્થિતિ કેમ થઈ ? તો આનો ખુલાસો એવો છે કે - જે યક્ષલોકો મારી સેવામાં છે, તે સેવક યક્ષોએ મારી હિલના કરનાર તમારા છાત્રોને શિક્ષા કરેલ છે. એમાં મારો દ્વેષ કારણભૂત નથી. ૩૨

**અત્થં ચ ધમ્મં ચ વિયાણમાણા,**
**તુબ્ભે ન વિ કુપ્પહ ભૂઇપન્ના;**
**તુબ્ભં તુ પાએ સરણં ઉવેમો,**
**સમાગયા સવ્વજણેણ અમ્હે.** 33

હવે મુનિશ્રીના ગુણોથી આકર્ષાયેલા અધ્યાપક વગેરે કહે છે કે શાસ્ત્રોના રહસ્ય, ક્ષમા વગેરે અને સાધુધર્મને વિશેષથી જાણનારા આપ કદી કોપ કરો જ નહીં. સર્વ મંગલ, વૃદ્ધિ અને સર્વજીવસંરક્ષણથી વિશિષ્ટ આપ બુદ્ધિસંપન્ન છો,

તેથી અમે બધાં ભેગા થયેલા સર્વજનોની સાથે આપ પૂજ્યના ચરણકમલનું શરણ સ્વીકારીએ છીએ. ૩૩

**અચ્ચેમો તે મહાભાગ,**
**ન તે કિંચિ ન અચ્ચિમો;**
**ભુંજાહિ સાલિમં કૂરં,**
**નાણાવંજણસંજુયં. ૩૪**

હે મહાભાગ ! અમે આપની પૂજા કરીએ છીએ, આપની ચરણધૂલી વગેરે જે કાંઈ છે તે અમારે સઘળં પૂજ્ય છે અપૂજનીય નથી, તેમજ આ યજ્ઞમંડપમાંથી નાના વ્યંજનરૂપ દહીં વગેરેથી સંયુક્ત ચોખાનું ભોજન ગ્રહણ કરીને આપ આહાર કરો ! ૩૪

**ઇમં ચ મે અત્થિ પભૂયમણ્ણં,**
**તં ભુંજસૂ અમ્હ અણુગ્ગહટ્ઠા;**
**બાઢં તિ પડિચ્છઇ ભત્ત પાણં,**
**માસસ્સ ઊ પારણએ મહપ્પા. ૩૫**

આ પ્રત્યક્ષ દેખાતા મારા માલપૂડા વગેરે ઘણા ભોજનને અમારા ઉપર કૃપા કરીને આપ ગ્રહણ કરી વાપરો ! આ પ્રકારની તેની ભક્તિ વિનંતી જોઈ, તે મહાત્માએ, માસખમણના પારણાના દિવસે 'ભલે એમ હો' એમ કહીને, દ્રવ્યાદિથી શુદ્ધ આહારને પુરોહિત પાસેથી સ્વીકાર કર્યો. ૩૫

**તહિયં ગન્ધોદય-પુપ્ફવાસં,**
**દિવ્વા તહિં વસુહારા ય વુટ્ઠા;**
**પહયાઓ દુન્દુહીઓ સુરેહિં,**
**આગાસે અહોદાણં ચ ઘુટ્ઠં. ૩૬**

જયારે મુનિશ્રીએ વહોર્યું. તે સમયે યજ્ઞમંડપના દેવોએ સુગંધીદાર જલ અને પુષ્પોનો વરસાદ વરસાવ્યો અને શ્રેષ્ઠ સોનૈયાની ધારાબંધ વૃષ્ટિ કરી, તેમ જ દુંદુભિઓ બજાવી અને આકાશમાં 'અહો દાનંઅહો દાન'ની ઉદ્‌ઘોષણા કરી. ૩૬

**સક્ખં ખુ દીસઇ તવોવિસેસો,**
**ન દીસઇ જાઇવિસેસો કોઇ;**
**સોવાગપુત્તં હરિએસસાહું,**
**જસ્સેરિસા ઇડ્ઢિ મહાણુભાગા. ૩૭**

તે જોઈને આશ્ચર્યચકિત બનેલા બ્રાહ્મણો પણ આ પ્રમાણે બોલે છે કે ખરેખર સાક્ષાત્ તપનું માહાત્મ્ય જ દેખાય છે, પરંતુ જાતિનું થોડું પણ માહાત્મ્ય દેખાતું નથી. કારણ કે ચંડાલ પુત્ર હરિકેશ સાધુને તમે આંખો ખોલી જુઓ, કે જે મુનિની પાસે દેવસાન્નિધ્ય રૂપી અત્યંત માહાત્મ્યવાળી ઋદ્ધિ છે. ૩૭

**હિં માહણા ! જોઇસમારભન્તા,**
**ઉદએણ સોહિં બહિયા વિમગ્ગહા;**
**જં મગ્ગહા બાહિરિયં વિસોહિં,**
**ન તં સુદિટ્ઠં કુસલા વયન્તિ. ૩૮**

અગ્નિનો આરંભ કરી યજ્ઞને કરનારા હે બ્રાહ્મણો ! શું તમે ફક્ત જલ દ્વારા બાહ્ય વિશુદ્ધિની ઇચ્છા કરી રહ્યા છો ? જો હા, તો તે ઠીક નથી, કેમ કે તત્ત્વજ્ઞાની પુરુષો માત્ર શરીરની શુદ્ધિરૂપ બાહ્યશુદ્ધિને મોક્ષદાયક-આત્મિક શુદ્ધિકારક કહેતા નથી. ૩૮

**કુસં ચ જૂવં તણ-કટ્ઠમગ્ગિં,**
**સાયં ચ પાયં ઉદગં ફુસન્તા;**
**પાણાઇં ભૂયાઇં વિહેડયન્તા,**
**ભુજ્જો વિ મન્દા ! પકરેહ પાવં. ૩૯**

દર્ભ, યજ્ઞસ્તંભ, વીરણ વગેરે તૃણ, લાકડાં અને અગ્નિનો સંચય કરનારા, તેમજ પ્રભાતે અને સંધ્યાકાલે સ્નાન વગેરે ક્રિયા કરનારા, બેઇન્દ્રિય જીવો, પૃથ્વી-અપ્-તેજસ-વનસ્પતિકાય વગેરે જીવોની હિંસા કરવા દ્વારા મૂર્ખતાવાળા તમે ઉત્કૃષ્ટ પાપકર્મ ભેગું કરો છો. ૩૯

કહં ચરે ભિક્ખુ ! વયં જયામો,
પાવાઇં કમ્માઇં પણુલ્લયામો;
અક્ખાહિ ણે સંજય ! જક્ખપૂઇયા !,
કહં સુજટ્ઠં કુસલા વયન્તિ. ૪૦

હે ભગવાન્ ! આપ કહો કે - અમે કેવી રીતિએ યજ્ઞ માટે પ્રવૃત્તિ તથા યજ્ઞને કરીએ ? કે જેથી પાપ કર્મોને દૂર કરી શકીએ. હે યક્ષપૂજિત ! સંયમધર ! અમે જે યજ્ઞ પ્રારંભ્યો તે તો આપે દોષિત દર્શાવ્યો, તો અમોને બીજા કોઈ યજ્ઞનો ઉપદેશ આપો ! તત્ત્વજ્ઞાને પુણ્યયજ્ઞ જે સારી રીતિએ ઈષ્ટ છે, તે કૃપા કરી દર્શાવો ! ૪૦

છજ્જીવકાએ અસમારભન્તા,
મોસં અદત્તં ચ અસેવમાણા;
પરિગ્ગહં ઇત્થિઓ માણ માયં,
એયં પરિન્નાય ચરન્તિ દન્તા. ૪૧

પૃથ્વીકાય વગેરે ષડ્જીવનિકાય અહિંસાનું

પાલન કરનારા તેમજ અસત્ય અને ચોરીને નહીં આચરનારા, મૂર્ચ્છારૂપ પરિગ્રહને, સ્ત્રીઓને, માન વગેરે ચાર કષોયોને અર્થાત્ આ સઘળાયને જ્ઞપરિજ્ઞાથી આ પાપનું બીજ છે એમ જાણી, પ્રત્યખાનપરિજ્ઞાથી છોડીને જિતેન્દ્રય પુરુષો યજ્ઞમાં પ્રવૃત્તિ કરે છે, અર્થાત્ તત્ત્વજ્ઞ પુરુષો અહિંસાદિ પ્રધાન યજ્ઞમાં પ્રવૃત્તિ કરવી એમ ઇચ્છે છે. ૪૧

**સુસંવુડા પંચહિં સંવરેહિં,**
**ઇહ જીવિયં અણવકંખમાણા;**
**વોસટ્ઠકાયા સુચિયત્તદેહા,**
**મહાજયં જયઈ જન્નસિટ્ઠં. ૪૨**

પ્રાણાતિપાતવિરમણ વગેરે પંચ મહાવ્રતોરૂપ સંવરોથી આશ્રવદ્વારોને સ્થગિત કરનારા, આ જન્મ કે પરલોકમાં અસંયમી જીવનને નહીં ઇચ્છનારા, પરિગ્રહો અને ઉપસર્ગોને સહન કરનારા હોઈ સર્વથા કાયાને છોડનારા તથા નિરતિચાર

મહાવ્રતોના પાલક હોઈ પરમ પવિત્ર અને કાયાના સંસ્કારોને છોડનારા, કર્મરૂપી શત્રુઓના પરાજયરૂપ મહાજય જ્યાં છે. એવા યજ્ઞને સાધુ પુરુષો કરે છે. આથી આપ લોકો શ્રેષ્ઠ યજ્ઞને કરો, કે જેથી પાપકર્મોના જલ્દી વિધ્વંસ થાય ! ૪૨

**કે તે જોઈ ? કે વ તે જોઇઠાણા, ?**
**કા તે સુયા ? કિં વ તે કારિસંગં ?;**
**એહા ય તે કયરા સન્તિ ભિક્ખૂ ?**
**કયરેણ હોમેણ હુણાસિ જોઇં ?** ૪૩

આપે જે શ્રેષ્ઠ યજ્ઞ દર્શાવ્યો, તો કહો કે આપના યજ્ઞનો અગ્નિ કેવો છે ? અગ્નિકુંડ કેવો છે ? ઘી વગેરે નાખવાના સાધનરૂપ કડછી વગેરે કેવો છે ? અગ્નિને પ્રદીપ્ત કરવાના સાધનરૂપ સુકા છાણના ટુકડાના સ્થાને કોણ છે ? જેથી અગ્નિ પ્રજ્વલિત થાય છે તે ઇંધનસ્વરૂપ કોણ છે ? પાપના ઉપશમમાં હેતુ અધ્યયન-પદ્ધતિરૂપ શાંતિના

સ્થાનમાં કોણ છે ? અને જે વડે અગ્નિને તર્પણ કરવામાં આવે છે તે આહુતિઓના સ્થાનમાં કઈ વસ્તુ છે ? ૪૩

**તવો જોઈ જીવો જોઇઠાણં,**
**જોયા સુયા સરીરં કારિસંગં;**
**કમ્મં એહા સંજમ-જોગ સન્તી,**
**હોમં હુણામિ ઇસિણં પસત્થં. ૪૪**

બાહ્ય અને અભ્યંતરરૂપ બે ભેદવાળો તપ અહીં અગ્નિસ્થાને છે, કેમકે તે કર્મરૂપી ભાવકાષ્ઠોને બાળે છે. અગ્નિનો આધાર જીવ છે. કેમ કે તપનો આશ્રય જીવ છે. મન-વચન-કાયાનાં યોગો રૂચાનાસ્થાને છે, કેમ કે આ યોગો દ્વારા ઘીના સ્થાનરૂપ શુભ વ્યાપાર, કે જે તપરૂપી અગ્નિને પ્રદીપન કરવામાં હેતુ છે. છાણાના સ્થાને શરીર છે. કેમ કે શરીરથી તપ સાધ્ય બને છે. કાષ્ઠના સ્થાનમાં કર્મ છે, કેમ કે તપથી તે ભસ્મીભૂત થાય છે શાંતિના સ્થાને સંયમવ્યાપારો છે, કેમ કે તેથી સર્વ જીવોના

ઉપદ્રવ-ભય દૂર કરી શકાય છે. અહિંસાના કારણે વિવેકથી પ્રશંસિત ઋષિ સંબંધી સમ્યગ્ચારિત્રરૂપ હોમ-આહુતિથી વિશિષ્ટ યજ્ઞને હું કરું છું. ૪૪

**કે તે હરએ ? કે ય સન્તિતિત્થે ?,**
**કહિં સિ ણ્હાઓ વ રયં જહાસિ;**
**આઇક્ખ ણે સંજય ! જક્ખપૂઇયા !,**
**ઇચ્છામુ નાઉં ભવઓ સકાસે. ૪૫**

યજ્ઞની વિધિ અને સ્વરૂપ સાંભળી બ્રાહ્મણો સ્નાનના સ્વરૂપને પૂછે છે કે હે મુનિવર ! આપના મતે જલાશય કયું છે. પાપોપશમ માટે કયું તીર્થ છે ? અથવા ક્યા સ્થાનમાં સ્નાન કરી પવિત્ર બનેલા આપ ધૂળ જેવા કર્મોનો ત્યાગ કરો છો ? હે યક્ષપૂજિત સંયત ! આપની પાસેથી આ સર્વ જાણવા સારુ અમે ઇચ્છીએ છીએ, માટે આપ કૃપા કરી અમોને કહો ! ૪૫

**ધમ્મે હરએ બમ્ભે સન્તિતિત્થે,**
**અણાઇલે અત્તપસણ્ણલેસે;**
**જહિંસિ ણ્હાઓ વિમલો વિસુદ્ધો,**
**સુસીઇભૂઓ પજહામિ દોસં. ૪૬**

અહિંસા વગેરે રૂપ ધર્મ એ જલાશય છે. શાંતિતીર્થસ્થાન એ બ્રહ્મચર્ય છે. આ અધિકૃત હૃદશાંતિતીર્થ અત્યંત નિર્મલ હોઈ, આત્માની પ્રસન્ન-પ્રશસ્ત પીત-પદ્મ-શુક્લમાંથી કોઈ એક લેશ્યાવાળું છે. આ તીર્થમાં સ્નાન કરી ભાવમલ વગરનો કલંક વગરનો બની, રાગ વગેરેના પ્રચંડ તાપથી મુક્ત થઈ, કર્મ નામના દોષને સર્વથા હું છોડું છું. ૪૬

**એયં સિણાણં કુસલેહિં દિટ્ઠં,**
**મહાસિણાણં ઇસિણં પસત્થં;**
**જહિંસિ ણ્હાયા વિમલા વિસુદ્ધા,**
**મહારિસી ઉત્તમં ઠાણ પત્ત. ૪૭**

॥ ત્તિ બેમિ. ॥

આ પૂર્વોક્ત સ્નાન તત્ત્વજ્ઞોએ જોએલ છે કહેલ છે. આ જ મહાસ્નાન સકલમલાપહારી હોઈ મહર્ષિઓની પ્રસંશાને પામે છે. આ સ્નાનથી વિમલ વિશુદ્ધ બનેલા મહર્ષિઓ મુક્તિરૂપ ઉત્તમ સ્થાનમાં ગયા છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. ૪૭

(ઇઇ હરિએસિજ્જં સમત્તં ૧૨)

●●●

- પુસ્તકે પગ લગાડાય નહિ, તેને નીચે મૂકાય નહિ.
- પુસ્તકને થૂંક લગાડાય નહિ, તેને પછાડાય નહિ.
- પુસ્તક પાસે રાખી ઝાડો કે પેશાબ થાય નહિ.
- પુસ્તક પાસે રાખી ભોજન - નાસ્તા વિગેરે થાય નહિ.
- પુસ્તકને અશુદ્ધ કપડે કે એંઠા મોઢે વંચાય નહિ.
- પુસ્તકને પૂંઠા ચડાવીને વપરાય, પુસ્તકને ફડાય નહિ.
- પુસ્તક કે કાગળ પર બેસાય નહિ,
  ઓશીકે રખાય નહિ.
- પુસ્તક કે કાગળ બળાય નહિ, ગટરમાં ફેંકાય નહિ.

## જ્ઞાનની આશાતના કરવાથી શું થાય ?

આંધળા, બહેરાં, બોબડા, મૂંગા, લૂલા, લંગડા, પાંગળા, રોગી, દીન, દરિદ્ર, ભિખારી થાય તેમજ માતા - પિતાના વિયોગ થાય.

માટે...

જ્ઞાન અને જ્ઞાનીનો હંમેશા વિનય બહુમાન કરવા પગે લાગવું. જ્ઞાનના કોઈપણ સાધનની અને જ્ઞાનીની આશાતના કરવી નહી. પુસ્તક, કાગળ, પેન્સિલ, પાટી, પેન, સાપડા, શાહી, કલમ વગેરે બધું જ જ્ઞાન કહેવાય.

VARDHMAN PUSTAK PRAKASHAN
079-22860785, 9377422640